અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 07 જુલાઈ 2026 મંગળવાર
વિક્રમ સંવત 2082, જેઠ વદ - 7

વર્ષ : 18
અંક : 08

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. 2.00
પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

ઈરાન વિરુદ્ધ નવો મોરચો? ખામેનેઈની અંતિમ વિદાયમાં સામેલ ન થયા આ 3 મુસ્લિમ દેશો

4

દુનિયાનો પહેલો માનવનિર્મિત કોષ : જાતે જ ખાશે અને પ્રજનન કરી વધશે

6

'આ મારો છેલ્લો વર્લ્ડકપ...' FIFA ટુર્નામેન્ટ વચ્ચે રોનાલ્ડોએ સંન્યાસ અંગે આપ્યું મોટું નિવેદન

7

ચાંદી ₹2,046 ઘટીને ₹2.32 કિલો પર આવી: સોનું પણ ₹832 સસ્તું થયું, 10 ગ્રામનો ભાવ ₹1.46 લાખ થયો

### એરપોર્ટ પર રિસિવ કરવા પહોંચ્યા રાષ્ટ્રપતિ પ્રબોવો

# ઇન્ડોનેશિયા પહોંચ્યા PM મોદી, ફાઇટર જેટ્સે આકાશમાં કર્યું ગ્રાન્ડ વેલકમ

## બંને દેશના નેતાઓ દ્વિપક્ષીય બેઠક કરશે, જેમાં સંરક્ષણ, વેપાર, ઊર્જા, સમુદ્રી સુરક્ષા અને પ્રાદેશિક સ્થિરતા જેવા મુદ્દાઓ પર ચર્ચા થશે

જાકાર્તા, તા.06

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઈન્ડોનેશિયાની રાજધાની જકાર્તા પહોંચ્યા છે. રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટો પોતે એરપોર્ટ પર પહોંચીને તેમનું સ્વાગત કર્યું હતું. PM મોદીનું વિમાન જ્યારે ભારતીય હવાઈ ક્ષેત્રમાંથી ઈન્ડોનેશિયાના હવાઈ ક્ષેત્રમાં પ્રવેશ્યું, ત્યારે ઈન્ડોનેશિયાની વાયુસેનાના ફાઈટર જેટ્સે તેને એસ્કોર્ટ કર્યું હતું. આ ભવ્ય સ્વાગત બંને દેશો વચ્ચેની ગાઢ મિત્રતા અને વધતા વ્યૂહાત્મક મહત્વને દર્શાવે છે. રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટો અને પ્રધાનમંત્રી મોદી વચ્ચે વ્યક્તિગત સ્તરે પણ સારા સંબંધો છે. પ્રબોવો રાષ્ટ્રપતિ બન્યા બાદ મોદીની આ પ્રથમ મહત્વપૂર્ણ મુલાકાત છે. એરપોર્ટ પર ઔપચારિક ગાર્ડ ઓફ ઓનર અને પરંપરાગત સ્વાગત સમારોહ યોજાયો હતો. બંને નેતાઓ ટૂંક સમયમાં દ્વિપક્ષીય બેઠક કરશે, જેમાં સંરક્ષણ, વેપાર, ઊર્જા, સમુદ્રી સુરક્ષા અને પ્રાદેશિક સ્થિરતા જેવા મુદ્દાઓ પર ચર્ચા થશે. ઈન્ડોનેશિયા દક્ષિણ-પૂર્વ એશિયાનો સૌથી મોટો દેશ છે. વસ્તી, અર્થવ્યવસ્થા અને ભૌગોલિક સ્થિતિની દૃષ્ટિએ તેનું વિશેષ મહત્વ છે. ભારત અને ઈન્ડોનેશિયા બંને હિન્દ-પ્રશાંત ક્ષેત્રની મુખ્ય શક્તિઓ છે. બંને દેશ સમુદ્રી સુરક્ષા, ફ્રી એન્ડ ઓપન ઈન્ડો-પેસિફિક અને બહુપક્ષીય સહયોગ માટે સાથે મળીને કામ કરી રહ્યા છે. ચીનની વધતી ગતિવિધિઓ વચ્ચે આ ભાગીદારી વધુ મહત્વપૂર્ણ બની છે.

વડાપ્રધાન મોદીના વિમાનને ફાઈટર જેટ્સ દ્વારા એસ્કોર્ટ કરવું માત્ર ઔપચારિકતા નથી, પરંતુ સંરક્ષણ સહયોગનું પ્રતીક પણ છે. બંને દેશો પહેલાથી જ સંયુક્ત સૈન્ય અભ્યાસ કરે છે. ઈન્ડોનેશિયા ભારતીય હથિયારો અને ટેક્નોલોજીમાં રસ ધરાવે છે. બ્રહ્મોસ મિસાઈલ, તેજસ વિમાન અને અન્ય ક્ષેત્રોમાં સહયોગ વધવાની સંભાવના છે. આ મુલાકાત સંરક્ષણ ભાગીદારીને વધુ ગાઢ બનાવવાની તક આપશે.

બંને દેશો વચ્ચેનો વેપાર સતત વધી રહ્યો છે. ઈન્ડોનેશિયા પામ



ઓઈલ, કોલસો, નિકલ અને અન્ય ખનિજોની મોટી નિકાસ કરતો દેશ છે. ભારત આ સંસાધનોનો મોટો આયાતકાર છે. આ ઉપરાંત IT, ફાર્મા, કૃષિ અને સ્ટાર્ટઅપ ક્ષેત્રોમાં પણ સહયોગની વિશાળ તકો છે. આ મુલાકાત દરમિયાન વેપારને પ્રોત્સાહન આપતા નવા કરારો અંગે ચર્ચા થઈ શકે છે. બંને દેશો $100 અબજના વેપારના લક્ષ્ય તરફ આગળ વધી રહ્યા છે.

ભારત અને ઈન્ડોનેશિયાના સંબંધો હજારો વર્ષ જૂના છે. રામાયણ-મહાભારતની કથાઓ, બૌદ્ધ-હિન્દુ મંદિરો અને સાંસ્કૃતિક વારસો બંને દેશોને જોડે છે. આજે પણ ઈન્ડોનેશિયામાં લાખો લોકો હિન્દુ ધર્મનું પાલન કરે છે, ખાસ કરીને બાલીમાં. આ મુલાકાત દરમિયાન સાંસ્કૃતિક આદાન-પ્રદાન અને લોકો વચ્ચેના સંપર્કને વધુ મજબૂત બનાવવા પર પણ ભાર મૂકવામાં આવશે.

હાલના સમયમાં હિન્દ-પ્રશાંત ક્ષેત્રમાં તણાવ વધી રહ્યો છે. ચીનની વિસ્તરણવાદી નીતિઓને કારણે ભારત, ઈન્ડોનેશિયા, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયા જેવા દેશો એકબીજાની વધુ નજીક આવી રહ્યા છે. બંને દેશ ASEAN, Quad અને અન્ય આંતરરાષ્ટ્રીય મંચો પર પણ પરસ્પર સંકલન જાળવી રહ્યા છે. આ મુલાકાત પ્રાદેશિક સ્થિરતા, સમુદ્રી સુરક્ષા અને સપ્લાય ચેઈનને વધુ મજબૂત બનાવવાની તક આપશે.

આ મુલાકાત PM મોદીના મહત્વપૂર્ણ વિદેશ પ્રવાસોની કેટેગરીનો એક ભાગ છે. ભારત વૈશ્વિક દક્ષિણના નેતા તરીકે ઉભરી રહ્યું છે અને પડોશી તેમજ હિન્દ-પ્રશાંત ક્ષેત્રના દેશો સાથેના સંબંધોને મજબૂત બનાવી રહ્યું છે. પ્રબોવો સરકાર પણ ભારતને મહત્વપૂર્ણ ભાગીદાર તરીકે જુએ છે. બંને નેતાઓ જળવાયુ પરિવર્તન, ઊર્જા સુરક્ષા અને બહુપક્ષીય સુધારા જેવા વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરશે. આ મુલાકાતથી એવી અપેક્ષા છે કે ભારત-ઈન્ડોનેશિયા સંબંધો નવી ઊંચાઈએ પહોંચશે. સંરક્ષણ, વેપાર, ટેક્નોલોજી અને સાંસ્કૃતિક સહયોગમાં નોંધપાત્ર પ્રગતિ થશે. બંને દેશો મળીને પ્રાદેશિક પડકારોનો સામનો કરશે અને શાંતિપૂર્ણ હિન્દ-પ્રશાંત ક્ષેત્રને વધુ મજબૂત બનાવશે. જકાર્તામાં PM મોદીનું થયેલું ભવ્ય સ્વાગત ભારત-ઈન્ડોનેશિયા મિત્રતાનું સુંદર ઉદાહરણ છે. ફાઈટર જેટ્સ દ્વારા અપાયેલું એસ્કોર્ટ અને રાષ્ટ્રપતિ દ્વારા વ્યક્તિગત સ્વાગત બંને દેશો વચ્ચેના ગાઢ વિશ્વાસને દર્શાવે છે. આ મુલાકાત માત્ર દ્વિપક્ષીય સંબંધોને જ મજબૂત નહીં બનાવે, પરંતુ સમગ્ર હિન્દ-પ્રશાંત ક્ષેત્રની સ્થિરતામાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપશે.

## રાજ્યસભામાં બહુમતીની નજીક મોદી સરકાર! TMCમાં આંતરિક વિખવાદના કારણે 3 બેઠકો વધવાની શક્યતા

કોલકાતા, તા.06



પશ્ચિમ બંગાળમાં ખાલી પડેલી રાજ્યસભાની ત્રણ બેઠકો પર પેટા-ચૂંટણી યોજવાની ચૂંટણી પંચે જાહેરાત કરી છે. આ ચૂંટણીમાં ત્રણે બેઠકો પર તૃણમૂલ કોંગ્રેસ પાર્ટીના વડા મમતા બેનરજીને મોટો ઝટકો લાગી શકે છે. વાસ્તવમાં બંગાળ વિધાનસભા ચૂંટણી બાદ ટીએમસીમાં આંતરિક ડખાં ઉભા થતા ગયા મહિને તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના ત્રણ સાંસદોએ રાજીનામું આપી દીધું હતું, જેના કારણે આ ત્રણેય બેઠકો ખાલી પડી હતી. આ પેટા-ચૂંટણીમાં રાજ્યસભામાં ભાજપનું સંખ્યાબળ વધશે અને NDA સંખ્યાબળ મામલે બે-તૃતિયાંશની નજીક પહોંચી જશે.

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી બાદ ટીએમસીમાં ભારે આંતરિક ડખાં ચાલી રહ્યા છે. આ જ કારણે ટીએમસીના સાંસદ સુખેન્દુ શેખર રૉય, સુસ્મિતા દેવ અને પ્રકાશ ચિક બરાઈકે રાજીનામું આપતા ત્રણેય રાજ્યસભા બેઠકો ખાલી પડી હતી. એટલું જ નહીં ત્રણે સાંસદોએ ટીએમસી પણ છોડી દીધું હતું. સુખેન્દુ અને પ્રકાશનો કાર્યકાળ 8 ઓગસ્ટ-2029 સુધીનો અને સુસ્મિતા દેવનો કાર્યકાળ 2 એપ્રિલ-2030 સુધીનો હતો.

ચૂંટણી પંચે રાજ્યસભા પેટા-ચૂંટણીનો સંપૂર્ણ કાર્યક્રમ જાહેર કરી દીધો છે. 8 જુલાઈથી ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયા શરૂ થશે અને ફોર્મ ભરવાની છેલ્લી તારીખ 14 જુલાઈ રહેશે. ત્યારબાદ 15 જુલાઈએ ફોર્મની ચકાસણી થશે અને 17 જુલાઈ સુધી નામ પાછા ખેંચી શકાશે. 24 જુલાઈએ સવારે 9 થી સાંજના 4 વાગ્યા સુધી પશ્ચિમ બંગાળ વિધાનસભા સંકુલમાં મતદાન થશે અને તે જ દિવસે સાંજે 5 વાગ્યાથી મતગણતરી શરૂ કરી દેવામાં આવશે.

રાજ્યસભાના સભ્યોની ચૂંટણી રાજ્યના ચૂંટાયેલા ધારાસભ્યો દ્વારા ખાસ મતદાન પદ્ધતિથી થાય છે. આ ફોર્મ્યુલા મુજબ, પશ્ચિમ બંગાળ વિધાનસભાની કુલ 294 બેઠકોના આધારે દરેક ઉમેદવારને જીતવા માટે 74 મતોની જરૂર પડશે. ટીએમસીમાં થયેલા ભાગલા અને બદલાયેલા રાજકીય સમીકરણો જોતાં, આ વખતે ભાજપ આ ત્રણેય બેઠકો પર જીત મેળવે તેવી મજબૂત શક્યતા દેખાઈ રહી છે.

હાલમાં રાજ્યસભામાં ભાજપ પાસે 114 સાંસદો છે. જો ભાજપ આ ત્રણેય બેઠકો જીતી લેશે, તો તેની સંખ્યા વધીને 117 થશે અને એનડીએ (NDA) નું કુલ સંખ્યાબળ 155 પર પહોંચી જશે. હાલની 245 સભ્યોની પ્રભાવી સંખ્યામાં કોઈ પણ બંધારણીય સુધારો પસાર કરાવવા માટે બે-તૃતીયાંશ બહુમતી એટલે કે 164 મતોની જરૂર પડે છે. આ જીત પછી પણ એનડીએ બે-તૃતીયાંશના આંકડાથી 9 બેઠક દૂર રહેશે, જ્યારે લોકસભામાં પણ તે આ બહુમતીથી 41 બેઠક દૂર છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર વર્ષ 2029 થી મહિલા અનામત લાગુ કરવા અને 'વન નેશન, વન ઈલેક્શન' જેવા મોટા બંધારણીય સુધારાઓ દેશમાં આગળ વધારવા માંગે છે. જોકે, આ પ્રસ્તાવોને સંસદમાં પાસ કરાવવા માટે જે જરૂરી બે-તૃતીયાંશ બહુમતી હોવી જોઈએ, તે સંખ્યાબળ અત્યારે સરકાર પાસે નથી. આ પેટાચૂંટણી બાદ ભાજપ આ જાદુઈ આંકડાની વધુ નજીક પહોંચી જશે.

## જગન્નાથ પુરીના રાજા દિવ્યસિંહની ઈસ્કોનને અપીલ: ખોટા સમયે રથયાત્રા ન કાઢો

### મંદિર પ્રશાસનનો દાવો- ભારત બહારના 70 શહેરોમાં મનમાની ચલાવી

ભુવનેશ્વર, તા.06

પુરીના ગજપતિ મહારાજ અને શ્રી જગન્નાથ મંદિર પ્રબંધન સમિતિ (SJTMC) ના અધ્યક્ષ દિવ્યસિંહ દેબે ISKCONને અપીલ કરી છે કે તેઓ ખોટા સમયે રથયાત્રા ન કાઢે. ઈસ્કોન યાત્રાનું આયોજન એવી તારીખો પર કરી રહ્યું છે, જે શાસ્ત્રો અનુસાર નથી. આનાથી ભક્તોની ભાવનાઓ દુભાઈ રહી છે. તેમણે માયાપુરમાં ISKCON ની ગવર્નિંગ બોડી કમિશન (GBC) ના ચેરમેન શ્રી મધુસેવિતા દાસ પ્રભુના નામે લખેલા પત્રમાં ઓક્ટોબર 2025 માં લેવાયેલા તે નિર્ણય પર ફરીથી વિચાર કરવા જણાવ્યું છે, જેના હેઠળ વિદેશોમાં અલગ-અલગ સમયે રથયાત્રા કાઢવામાં આવી રહી છે. એક દિવસ પહેલા જ કેન્યાની રાજધાની નૈરોબીમાં ISKCON એ રથયાત્રા કાઢી. 21 જૂને લંડનમાં, 14 જૂને ન્યૂયોર્ક સિટીમાં અને 5 જુલાઈએ



સિડનીમાં રથયાત્રા કાઢવામાં આવી હતી.

નોંધનીય છે કે આ વર્ષે, સ્નાન પૂર્ણિમા 29 જૂને હતી અને મુખ્ય રથયાત્રા 16 જુલાઈએ થશે. રથયાત્રા હિંદુ કેલેન્ડર મુજબ હંમેશા અષાઢ શુક્લ દ્વિતીયા તિથિ પર હોય છે. અહીં, પુરીમાં ત્રણેય રથોના નિર્માણનું કામ અંતિમ તબક્કામાં પહોંચી ગયું છે. અહીં સુથાર, સહાયક અને પેઈન્ટર સહિત લગભગ 220 કારીગરો દિવસ-રાત રથ તૈયાર કરવામાં લાગેલા છે. ઈસ્કોને પહેલાં પુરી મંદિરને ખાતરી આપી હતી કે સ્નાન યાત્રા જેઠ પૂર્ણિમાની તિથિએ ઉજવવામાં આવશે, પરંતુ તેઓ દુનિયાભરના ઘણા શહેરોમાં અલગ-અલગ તારીખો પર આ તહેવારનું આયોજન કરી રહ્યા છે. આ વર્ષે, સ્નાન પૂર્ણિમા 29 જૂને હતી. પોતાની વાતના સમર્થનમાં, દેબે 1 મે પછી કરવામાં આવેલી સ્નાન યાત્રાઓની એક યાદી પણ મોકલી છે. દિવ્યસિંહે એ પણ લખ્યું છે કે ઈસ્કોનને વિનંતી છે કે તે સુનિશ્ચિત કરે કે દુનિયાભરના તમામ ઈસ્કોન મંદિરો સ્નાન યાત્રા ફક્ત જેઠ પૂર્ણિમાની તિથિએ જ ઉજવે. ગજપતિ મહારાજે ઉજ્જૈન સ્થિત ISKCON મંદિર દ્વારા 16 થી 25 જુલાઈ વચ્ચે મધ્ય પ્રદેશના 66 સ્થળોએ રથયાત્રા આયોજિત કરવાની યોજના પર પણ વાંધો ઉઠાવ્યો. તેમણે કહ્યું કે ધાર્મિક ગ્રંથો અનુસાર, રથયાત્રા ફક્ત અષાઢ સુદ બીજથી શરૂ થતો 9 દિવસીય ઉત્સવ છે.

## રાહુલ ગાંધીએ રાજસ્થાનમાં બસ-ટ્રક બોડી બિલ્ડર્સ સાથે મુલાકાત કરી: કર્મચારીઓ સાથે વાત કરી....

જયપુર, તા.06

રાહુલ ગાંધીએ સોમવારે સોશિયલ મીડિયા પર રાજસ્થાનના જયપુરમાં આવેલા બસ અને ટ્રક બોડી-બિલ્ડિંગ વર્કશોપની મુલાકાતનો વીડિયો શેર કર્યો. આ દરમિયાન તેમણે ત્યાં કામ કરતા કારીગરો અને ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકો સાથે વાતચીત કરી.

તેમણે આરોપ લગાવ્યો કે મેક ઈન ઈન્ડિયા અને વોકલ ફોર લોકલ માત્ર સૂત્રો બનીને રહી ગયા છે, જ્યારે મોદી સરકારની નીતિઓ મોટા ઉદ્યોગપતિઓના હિતમાં કામ કરી રહી છે. તેમણે વધુમાં કહ્યું કે માર્ગ પરિવહન મંત્રાલયના નિયમો દેશભરમાં બસ અને ટ્રક બોડી બનાવતી નાના એકમોનું ગળું દબાવી રહ્યા છે.



રાહુલના મતે, ટેકનિકલ ખામીને કારણે બસોમાં લાગતી આગનો દોષ તે કારીગરો પર લગાવવામાં આવી રહ્યો છે, જેઓ ફક્ત ગાડીની બોડી તૈયાર કરે છે. તેમણે કહ્યું કે જે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSMEs) ને સરકાર તરફથી સહયોગ મળવો જોઈએ, તેમને જાણી જોઈને ખતમ કરવામાં આવી રહ્યા છે. જે MSMEs ને પ્રોત્સાહન મળવું જોઈએ, તેમને જાણી જોઈને કચડવામાં આવી રહ્યા છે.

વીડિયોમાં રાહુલ ગાંધી સ્થાનિક ટ્રક અને બસ બોડી-બિલ્ડરોની સમસ્યાઓ સાંભળે છે અને તેમને ખાતરી આપે છે કે તેઓ તેમના મુદ્દાઓ ઉઠાવશે.

રાહુલ ગાંધીએ કહ્યું કે રાજસ્થાનના સ્થાનિક બસ અને ટ્રક બોડી-બિલ્ડરો સાથેની મુલાકાત દરમિયાન તેમને એવું ભારત જોવા મળ્યું, જે પોતાના દમ પર રોજગાર પેદા કરે છે અને દેશની પ્રગતિને ગતિ આપે છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે જ્યારે નાના ઉદ્યોગો બંધ થાય છે, ત્યારે માત્ર એક ફેક્ટરી બંધ થતી નથી, પરંતુ ભારતની પ્રતિભાને નુકસાન થાય છે અને મહેનતુ કારીગરોની આજીવિકા છીનવાઈ જાય છે. તેમણે કહ્યું કે અમે તેમને તેમની આ કળા સાથે જોડાયેલા અધિકારથી વંચિત નહીં રહેવા દઈએ.

તેમણે કહ્યું કે ફેરારી અને રોલ્સ-રોયસ જેવી કંપનીઓની બરાબરી કરનારા આ કારીગરોની વિશ્વસ્તરીય કળાને સન્માન અને સહયોગ મળવાને બદલે નિયમોના બોજ હેઠળ કામ બંધ કરવા માટે મજબૂર કરવામાં આવી રહ્યા છે.

આ મુલાકાત એવા સમયે થઈ, જ્યારે થોડા અઠવાડિયા પહેલાં રાહુલ ગાંધી અને કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ રાજસ્થાનના ટ્રક અને બસ બોડી-બિલ્ડર્સના પ્રતિનિધિમંડળ સાથે કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નિતિન ગડકરી સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાતમાં તેમણે ઉદ્યોગ સંબંધિત સમસ્યાઓના નિરાકરણની માંગ કરી હતી.

ગડકરી સાથેની મુલાકાત બાદ પ્રિયંકા ગાંધીએ પત્રકારોને જણાવ્યું હતું કે ટ્રક અને બસ બોડી-બિલ્ડર્સને લાઈસન્સ લેવામાં ભારે ખર્ચ કરવો પડે છે અને પ્રક્રિયા પણ લાંબી છે. તેમણે જણાવ્યું હતું કે ગડકરીએ તેમની સમસ્યાઓના ઝડપી નિરાકરણની ખાતરી આપી છે.



# અમરેલીમાં નદીમાં તણાવાથી યુવકનું મોત: સુરતમાં ગાજવીજ સાથે ભારે વરસાદ, વાપીમાં 4 ઇંચ, પાણી ભરાતા મુંબઈ રેલ વ્યવહારને અસર, ટ્રેનોનો સમય બદલાયો

**ગાંધીનગર, તા.06**

ગુજરાત અને મહારાષ્ટ્રમાં મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતાં જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. પાલઘર નજીક ટ્રેક પર પાણી ભરાતા મુંબઈ રેલ વ્યવહાર ઠપ થયો છે, જેના કારણે કર્ણાવતી અને જોધપુર-બાંદ્રા જેવી મુખ્ય ટ્રેનોને વલસાડ અને વાપીથી જ પરત ફેરવવાની ફરજ પડી છે.

બીજી તરફ, છેલ્લા 24 કલાકમાં ગુજરાતના 164 તાલુકામાં ધબધબાટી બોલાવતા મેઘાવી માહોલ વચ્ચે અમરેલી જિલ્લાના રાજુલામાં આભ ફાટતાં 11 ઈંચ વરસાદ ખાબક્યો છે. ધાતરવડી નદીના ઘોડાપૂરે વડ ગામનો સુરક્ષા પાળો તોડી નાખતા ઘરો ધરાશાયી થવાની ભીતિ સેવાઈ રહી છે, જ્યારે તોફાની પવનથી 222 વીજપોલ ધરાશાયી થતાં ઉના-અમરેલીના 55 ગામમાં અંધારપટ છવાયો છે. કુદરતી આફતની આ ગંભીર સ્થિતિ વચ્ચે પાંચ તાલુકાની શાળાઓમાં રજા જાહેર કરાઈ છે. સુરતમાં ગાજવીજ સાથે ભારે વરસાદ શરૂ થયો છે.

હવામાન વિભાગ દ્વારા આજે અત્યંત ભારે વરસાદની આગાહી સાથે ત્રણ જિલ્લા અને બે કેન્દ્રશાસિત પ્રદેશમાં 'રેડ એલર્ટ' જાહેર કરાયું છે. તો આઠ જિલ્લામાં 'ઓરેન્જ એલર્ટ' અને સાત જિલ્લામાં ભારે વરસાદનું 'યલો એલર્ટ' આપવામાં આવ્યું છે. સવારના 6થી 14 વાગ્યા સુધીમાં 57 તાલુકામાં વરસાદ નોંધાયો છે, જેમાં વલસાડના વાપીમાં 4 ઈંચ વરસાદ ખાબક્યો છે.

મુંબઈમાં વરસેલા અનરાધાર વરસાદ અને ટ્રેક ધોવાઈ જવાના કારણે રેલવે વ્યવહાર ખોરવાયો છે, જેના લીધે હજારો મુસાફરો અટવાયા છે. મુસાફરોની સુવિધા માટે સુરત, વલસાડ અને વાપી જેવા સ્ટેશનો પર સ્પેશિયલ હેલ્પ ડેસ્ક અને ખાસ એસટી બસોની વ્યવસ્થા કરવામાં આવી છે. પશ્ચિમ રેલવે દ્વારા સુરત-માલદા ટાઉન એક્સપ્રેસના સમયમાં ફેરફાર કરી તેને પોણા 7 કલાક મોડી (સાંજે 05:15 વાગ્યે) ઉપાડવાનું નક્કી કરાયું છે. જ્યારે અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ અને અજમેર-દાદર સહિતની 7 જેટલી ટ્રેનોને મુંબઈ પહોંચતા પહેલા જ અલગ-અલગ સ્ટેશનો પર ટૂંકાવી (શોર્ટ-ટર્મિનેટ) દેવાઈ છે. આ ઉપરાંત, મધ્ય રેલવેમાં ભૂસ્ખલનને કારણે અમદાવાદ-ચેન્નઈ સેન્ટ્રલ અને પુણે-ભુજ સહિતની 3 ટ્રેનોના રૂટ ડાયવર્ટ કરાયા છે. રેલવે પ્રશાસને



મુસાફરોને ઘરની બહાર નીકળતા પહેલા ટ્રેનનું સ્ટેટસ ચેક કરી લેવા અપીલ કરી છે. વસઈ રોડ (BSR)-નાલાસોપારા (NSP)-સફાલે (SAH)-કેલવા રોડ (KLV) સ્ટેશનો વચ્ચે ટ્રેક પર ભારે પાણી ભરાઈ જવાને કારણે, આજે (6 જુલાઈ) બાંદ્રા ટર્મિનસ (BDTS) અને મુંબઈ સેન્ટ્રલ (MMCT)થી ઉપડતી ટ્રેનો મોડી ઉપડશે. અમરેલી જિલ્લામાં ભારે વરસાદના કારણે ધારીના ખોડિયાર ડેમના 9 દરવાજા ખોલાતા સરંભડા ગામની નદીમાં અચાનક પૂરનો ધસમસતો પ્રવાહ આવ્યો હતો, જેમાં ગઈકાલે રાત્રે આશરે 8 વાગ્યે નદીના પટમાં હાજર શરદભાઈ મગનભાઈ કાછડીયા પાણીના તેજ વહેણમાં તણાયા હતા. આ દુર્ઘટના બાદ આજે સવારે 9 વાગ્યે નદીના પટમાંથી શરદભાઈનો મૃતદેહ મળી આવ્યો છે.

વલસાડમાં વરસાદી પાણીનો ભરાવો થતા છીપવાડ રેલવે અંડર પાસમાં વરસાદી પાણીનો ભરાવો થયો હતો, જેને લઈને વલસાડ શહેર અને ખેરગામ રોડ ઉપર આવેલા 44 જેટલા ગામોના લોકો પ્રભાવિત થતા હતા. વલસાડ શહેરમાં શાલક કોલેજ અને નોકરી ઉપર આવતા વાહનચાલકોએ 10 કિલોમીટરનો ચકરાવો ખાવાનો વારો આવ્યો હતો. વલસાડ શહેરમાં પડેલા વરસાદને લઈને વરસાદી પાણીનો ભરાવો થતા વલસાડ નગર પાલિકા દ્વારા કરવામાં આવેલી પ્રિમોન્સૂન કામગીરી સામે પ્રશ્નો ઉઠયા છે.

ગુજરાત સહિત સમગ્ર દેશમાં ચોમાસું રૌદ્ર સ્વરૂપ ધારણ કરી રહ્યું છે. હાલમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ, ઓફ-શોર ટ્રફ, શેયર ઝોન અને લો પ્રેશર (ડિપ્રેશન) સહિતની 5 શક્તિશાળી હવામાન સિસ્ટમ સક્રિય છે. આ સિસ્ટમ્સની સંયુક્ત અસરને કારણે આગામી દિવસોમાં રાજ્યભરમાં સાર્વત્રિક વરસાદની સાથે કેટલીક જગ્યાએ ભારેથી અતિભારે વરસાદ ખાબકશે. છેલ્લા 24 કલાકમાં સૌરાષ્ટ્રમાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરી છે, જેમાં અમરેલી, ભાવનગર, ગીર-સોમનાથ અને દીવમાં અત્યંત ભારે વરસાદ નોંધાયો છે. આજે ઉત્તર, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના તમામ જિલ્લાઓમાં 40થી 50 કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા પવન અને વીજળીના કડાકા સાથે વરસાદ પડશે. હાલ દરિયામાં LCS સિગ્નલ આપવામાં આવ્યું છે. અમદાવાદમાં વીજળીના કડાકા સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ગુજરાતમાં 115 mm વરસાદ નોંધાયો, જે 27 ટકા ઓછો છે.

દેશમાં ચોમાસું સતત પ્રગતિ કરી રહ્યું છે. 5 જુલાઈ સુધીમાં ચોમાસાની ઉત્તરીય રેખા જામનગર, ઉદયપુર, અજમેર, ઝુંઝુનુ, હિસાર અને ભટિંડાથી પસાર થઈ રહી છે. આગામી 3 દિવસ દરમિયાન દક્ષિણ-પશ્ચિમ ચોમાસું ઉત્તર અરબી સમુદ્રના વધુ ભાગો, ગુજરાતના બાકીના વિસ્તારો, રાજસ્થાન તેમજ હરિયાણા અને પંજાબના બાકીના ભાગોમાં આગળ વધવા માટે પરિસ્થિતિઓ સંપૂર્ણ સાનુકૂળ બનેલી છે.

ભારે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં વિઝિબિલિટી ખૂબ જ ઓછી થઈ જતાં વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ધોધમાર વરસાદને પગલે રસ્તાઓ પર પાણી ભરાઈ જવા અને હેડલાઈટ ચાલુ રાખવા છતાં પણ આગળનું દ્રશ્ય સ્પષ્ટ ન દેખાવાને કારણે વાહનોની ગતિ ધીમી પડી ગઈ છે, જેના લીધે ઠેર-ઠેર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા છે. વ્યારા-સોનગઢ નેશનલ હાઈવે પર ધોધમાર વરસાદને કારણે વિઝિબિલિટી ભારે ઘટી ગઈ છે. રસ્તા પર ધુમ્મસભર્યા વાતાવરણને લીધે વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા છે અને અકસ્માતથી બચવા માટે હેડલાઈટ તેમજ પાર્કિંગ લાઈટ ચાલુ રાખીને વાહન ચલાવવા મજબૂર બન્યા છે. હાઈવે પર વાહનોની ગતિ ધીમી પડી છે.

## જોધપુરમાં કન્સ્ટ્રક્શન સાઈટની દીવાલ ધસી પડતા કાર ખાબકી

### બિલ્ડરની બેદરકારીના કારણે અકસ્માત સર્જાયો, મનપાએ રજાચિઠ્ઠી સ્થગિત કરવા કાર્યવાહી શરૂ

**અમદાવાદ, તા.06**

શહેરમાં વરસાદના કારણે અનેક જગ્યાએ લોકોને હાલાકીનો સામનો કરવો પડે છે. જોધપુર વિસ્તારમાં સ્ટાર બજારની પાછળના ભાગે રેસીડેન્સિયલ કન્સ્ટ્રક્શન સાઈટની દીવાલ પડી હતી. જેના કારણે થઈને સોસાયટીની બાજુનો RCC રોડ પણ બેસી ગયો હતો અને ગાડી કન્સ્ટ્રકશન સાઈટના ખાડામાં પડી ગઈ હતી. કન્સ્ટ્રક્શન સાઈટની દીવાલ પડવાના કારણે રોડ બેસી ગયો હતો જેના પગલે



મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા ત્રિનયંગ અનઘ નામની કન્સ્ટ્રક્શન સાઈડ પર કામ બંધ કરાવીને નોટિસ આપવાની તેમજ રજા ચિઠ્ઠી સ્થગિત કરવા માટેની કાર્યવાહી કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ શહેરના જોધપુર વિસ્તારમાં સ્ટાર બજારની પાછળ બેઝમેન્ટ અને 10 માળની ત્રિનયંગ અનઘ નામની રેસીડેન્સિયલ કન્સ્ટ્રક્શન સાઈડ ચાલી રહી છે. ગઈકાલે 5 જુલાઈના રોજ રાત્રે અલગ અલગ વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો ત્યારે સવારના સમયે કન્સ્ટ્રક્શન સાઈટની બનાવેલી ડાયાફાર્મ ધસી પડી હતી. જેના કારણે આ જગ્યાએ આરસીસી રોડ તથા નજીકમાંથી પસાર થતી ડ્રેનેજ લાઈન પણ તૂટી ગઈ હતી. આ જગ્યાએ રોડ બનાવવાની કામગીરી અગાઉ આશરે ત્રણ વર્ષ પહેલાં કરવામાં આવી હતી. જે કન્સ્ટ્રકશન સાઈડની દિવાલ પડવાના કારણે તૂટ્યો હતો.

દીવાલ ધસી પડી ત્યારે તેની બાજુમાં જ રોડ ઉપર એક ગાડી પડી હતી જે દીવાલ અને રોડ તૂટી જવાના કારણે સીધી કન્સ્ટ્રક્શન સાઈટના ખાડામાં પડી હતી. દીવાલ ધસી પડવાના કારણે ગાડી ખાડામાં પડતા તેને નુકસાન થયું હતું. કન્સ્ટ્રક્શન સાઈટની દીવાલ પડી હોવાના કારણે રોડ તૂટી ગયો અને ડ્રેનેડ લાઈન તૂટી ગઈ હોવાથી એસ્ટેટ વિભાગ દ્વારા તાત્કાલિક ધોરણે કામ બંધ કરાવવામાં આવ્યું છે. બિલ્ડર ત્રિનયંગ બિલ્ડસ્પેસને નોટિસ પાઠવવા અને તેની રજા ચિઠ્ઠી સ્થગિત કરવા અંગેની કાર્યવાહી કરી દેવામાં આવી છે.

## BNI પ્રોમિથિયસ ક્રિકેટ લીગનું ભવ્ય આયોજન: અમદાવાદમાં વ્યવસાયિક નેટવર્કિંગ સાથે રમતગમતના રોમાંચનો અનોખો અને અદભુત સમન્વય

**અમદાવાદ, તા.06**

BNI પ્રોમિથિયસ LT23 દ્વારા શનિવારે સરદાર પટેલ રિંગ રોડ પર આવેલા ફાયરબોલ બોક્સ ક્રિકેટ ખાતે 'BNI પ્રોમિથિયસ બોક્સ ક્રિકેટ લીગ 2026'નું અત્યંત સફળ અને ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં એક અનોખો નજારો જોવા મળ્યો હતો, જ્યાં રોજ કોર્પોરેટ સૂટ અને વ્યવસાયિક પોશાકમાં સજ્જ રહેતા બિઝનેસ લીડર્સે રમત પ્રત્યેના પોતાના જુસ્સાને કારણે ક્રિકેટ જર્સી ધારણ કરી લીધી હતી. આ ટુર્નામેન્ટમાં રોમાંચક મેચોની સાથે-સાથે વ્યવસાયિક નેટવર્કિંગ અને ટીમ સ્પિરિટનો અદભુત સમન્વય જોવા મળ્યો હતો. આ ભવ્ય રમત ઉત્સવને સફળ બનાવવામાં પ્રાયોજકોનો સહયોગ ખૂબ જ મહત્વપૂર્ણ રહ્યો હતો. બાયોલાઈફ રેમેડીઝ LLPની જાણીતી પ્રોડક્ટ 'યુવારિવા' આ લીગમાં મુખ્ય પ્રાયોજક (મેઈન સ્પોન્સર) તરીકે જોડાઈ હતી. આ ઉપરાંત, સાઉન્ડસ્ફિયર કંપનીએ આ સમગ્ર ઈવેન્ટમાં સહ-પ્રાયોજક તરીકે સહભાગી થઈને પોતાનું યોગદાન આપ્યું હતું. મેદાન પર વિજય મેળવવા માટે ચાર શક્તિશાળી ટીમો મેદાને ઉતરી હતી, જેમના વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી હતી. આ ચાર ટીમો અને તેમના માલિકોની વિગત નીચે મુજબ છે:

ટુર્નામેન્ટની શરૂઆત થાય તે પહેલાં જ તમામ ખેલાડીઓ ભારે ઉત્સાહ સાથે ટીમ રજીસ્ટ્રેશન અને



વોર્મ-અપ સત્રો માટે સમયસર વહેલા પહોંચી ગયા હતા. દરેક મેચમાં ખેલાડીઓએ અદભુત ટીમવર્ક, શિસ્ત અને સ્વસ્થ રમતગમતની ભાવના પ્રદર્શિત કરી હતી, જેને કારણે ઉપસ્થિત તમામ દર્શકો અને સભ્યો મેચના અંત સુધી પોતાની બેઠકો પર જકડી રહ્યા હતા. આ આયોજન માત્ર રમત પૂરતું મર્યાદિત નહોતું, પરંતુ તે પરસ્પર સંવાદ, સૌહાર્દ અને વ્યવસાયિક સંબંધોને વધુ મજબૂત બનાવતી એક યાદગાર સાંજ સાબિત થયું હતું. જે સભ્યો મેદાન પર રમી રહ્યા નહોતા, તેઓએ પણ પેવેલિયનમાંથી સતત તાળીઓના ગડગડાટ સાથે પોતાની ટીમોનો ઉત્સાહ વધારીને સમગ્ર વાતાવરણને જીવંત રાખ્યું હતું.

BNI પ્રોમિથિયસ LT23ની આયોજન સમિતિએ આ પહેલ અંગે પોતાના વિચારો વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, 'BNIમાં અમારો દ્રઢ વિશ્વાસ છે કે મજબૂત સંબંધો માત્ર ઓફિસ કે વ્યવસાયિક બેઠકો પૂરતા મર્યાદિત નથી હોતા, પરંતુ તે એકબીજા સાથેના સહિયારા અને આનંદદાયક અનુભવો દ્વારા જ સાચા અર્થમાં ખીલે છે. બોક્સ ક્રિકેટ લીગ એ એક એવી ઉત્તમ પહેલ છે જે સભ્યોને તણાવમુક્ત અને ઉત્સાહભર્યા વાતાવરણમાં એક મંચ પર લાવે છે. આ પ્રકારના કાર્યક્રમો સભ્યો વચ્ચે ટીમવર્ક, પરસ્પર વિશ્વાસ, ગાઢ મિત્રતા અને વ્યવસાયિક જોડાણોને વધુ મજબૂત બનાવે છે.'

કાર્યક્રમના અંતે આયોજકોએ મુખ્ય પ્રાયોજક બાયોલાઈફ રેમેડીઝ LLPની પ્રોડક્ટ યુવારિવા અને સહ-પ્રાયોજક સાઉન્ડસ્ફિયરનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. તેમના મૂલ્યવાન સપોર્ટને કારણે જ આ ટુર્નામેન્ટ તમામ સભ્યો માટે એક અત્યંત યાદગાર અને અવિસ્મરણીય અનુભવ બની શકી હતી. BNI પ્રોમિથિયસ બોક્સ ક્રિકેટ લીગ 2026નું સમાપન ખૂબ જ શાનદાર અને ઉત્સાહજનક માહોલમાં થયું હતું. સભ્યો માત્ર રમતની સુંદર ક્ષણો જ નહીં, પરંતુ ગાઢ વ્યવસાયિક અને વ્યક્તિગત જોડાણોની અણમોલ ભેટ સાથે ઘરે પરત ફર્યા હતા, જે BNIની ફેલોશિપ અને સંબંધો વિકસાવવાની મૂળ ફિલસૂફીને સાર્થક કરે છે.

## LD એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓએ દેશની સૌથી મોટી રોબોટિક્સ સ્પર્ધા જીતી

### હોંગકોંગમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે, પુણેને હરાવી ઈતિહાસ રચ્યો, 9 મહિનાની મહેનત ને 8 લાખના ખર્ચે રોબોટ્સ તૈયાર કર્યા

**અમદાવાદ, તા.06**

એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજના વિદ્યાર્થીઓએ ફરી એક વખત ઈતિહાસ રચ્યો છે. દેશની સૌથી મોટી રોબોકોન નેશનલ કોમ્પિટિશનમાં MIT-WPU પુણેને 130-20ના નિર્ણાયક સ્કોરથી હરાવી એલ.ડી. એન્જિનિયરિંગની ટીમે જીત હાંસલ કરી છે. ડીડી પ્રસાર ભરતી દ્વારા યોજાયેલી સ્પર્ધામાં સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી હવે હોંગકોંગમાં યોજાનારી આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. રાજ્યની સૌથી જૂની અને પ્રતિષ્ઠિત એલ.ડી. કોલેજ ઓફ એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓએ રોબોટિક્સ ક્ષેત્રે ફરી એકવાર ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. પ્રસાર ભારતી દ્વારા આયોજિત ડીડી રોબોકોન 2026માં દેશભરની 77 ટીમો વચ્ચે યોજાયેલી સ્પર્ધામાં એલ.ડી. એન્જિનિયરિંગની ટીમે પ્રથમ સ્થાન મેળવી રાષ્ટ્રીય ચેમ્પિયન બનવાનો ગૌરવ મેળવ્યો છે. IIT દિલ્હીમાં યોજાયેલા ફાઈનલ રાઉન્ડમાં માત્ર 39 ટીમો પહોંચી હતી. જે બાદ અંતિમ તબક્કામાં 12 ટીમો વચ્ચે જંગ જામ્યો હતો, જેમાં એલ.ડી.ની ટીમે MIT-WPU પુણેને 130-20ના મોટા અંતરથી હરાવી વિજેતા બની હતી. આ જીત સાથે હવે ટીમ 21થી 25 ઓગસ્ટ દરમિયાન હોંગકોંગમાં યોજાનારી આંતરરાષ્ટ્રીય રોબોકોન સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. તેમજ આ તમામ વિદ્યાર્થીઓનું જોબ પ્લેસમેન્ટ પણ સારા પેકેજ સાથે અભ્યાસ પૂર્ણ થાય તેના એક વર્ષ પહેલા જ થઈ જાય તેવો અંદાજ લગાવવામાં આવ્યો



છે. રોબોકોન સ્પર્ધા એ એશિયા-પેસિફિક બ્રોડકાસ્ટિંગ યુનિયન દ્વારા દર વર્ષે યોજાતી એશિયાની સૌથી પ્રતિષ્ઠિત રોબોટિક્સ સ્પર્ધાઓમાંની એક માનવામાં આવે છે. તેમાં વિવિધ દેશોની શ્રેષ્ઠ એન્જિનિયરિંગ સંસ્થાઓ ભાગ લે છે અને વિદ્યાર્થીઓને ઓટોમેશન, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, મેકેનિકલ ડિઝાઈન, ઈલેક્ટ્રોનિક્સ અને પ્રોગ્રામિંગ જેવા ક્ષેત્રોમાં પોતાની કુશળતા સાબિત કરવાની તક મળે છે. એલ.ડી.ની ટીમે રોબો-ઓટોમેશન, મેકેનિકલ, કમ્પ્યુટર અને E&C સહિત વિવિધ શાખાના 20 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અંદાજે 8થી 9 મહિનાની મહેનત બાદ 8 લાખના ખર્ચે વિદ્યાર્થીઓએ રોબોટ્સ તૈયાર કર્યા હતા. 9 મહિનાની મહેનત બાદ વિજેતા બની ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

મહત્વનું છે કે એલ.ડી. કોલેજ અગાઉ પણ રોબોકોનમાં પોતાની ઓળખ બનાવી ચૂકી છે, 2019માં પણ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભારતનું પ્રતિનિધિત્વ કરવાનો મોકો મળ્યો હતો. પરંતુ આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિજેતા થઈ શક્યું ન હતું. જેથી આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિજેતા થવાની એલ.ડી એન્જિનિયરિંગ કોલેજના વિદ્યાર્થીઓને બીજી તક મળી છે. ગુજરાતમાંથી 10થી વધુ ટીમોએ સ્પર્ધામાં ભાગ લીધો હતો, છતાં રાષ્ટ્રીય ખિતાબ એલ.ડી. કોલેજના નામે રહ્યો છે. આ સફળતા માત્ર કોલેજ માટે જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાતના ટેકનિકલ શિક્ષણ માટે ગૌરવની ક્ષણ બની છે. હવે સૌની નજર હોંગકોંગમાં યોજાનારી આંતરરાષ્ટ્રીય સ્પર્ધા પર રહેશે, જ્યાં એલ.ડી.ની ટીમ ભારતનો તિરંગો વધુ ઊંચો લહેરાવવાનો પ્રયાસ કરશે.

ટીમના ફેકલ્ટી મેમ્બર એમ. વાય.પાટીલે જણાવ્યું હતું કે, એશિયન કન્ટ્રીમાં આબુ રોબોના નામે કોમ્પિટિશન થાય છે. જેમાં દરેક એશિયન કન્ટ્રી પાર્ટિસિપેટ કરે છે. આ વર્ષની થીમ હોંગકોંગ ચાઈનાએ આપી હતી. જે થીમના આધારે દરેક કન્ટ્રી નેશનલ લેવલ પર કોમ્પિટિશન યોજતી હોય છે. ભારતમાં ડીડી નેશનલ પ્રસાર ભરતી દ્વારા IIT દિલ્હી ખાતે કોમ્પિટિશન યોજવામાં આવી હતી. શરૂઆતમાં દેશભરમાંથી 77 જેટલી ટીમે ભાગ લીધો હતો. પહેલા બે રાઉન્ડમાં ડોક્યુમેન્ટ વેરીફીકેશનના આધારે ટીમને ક્વોલિફાય કરતા હોય છે. જે બાદ 39 ટીમ ક્વોલિફાય થઈ હતી. જેમાંથી IIT સહિતની ટીમોએ ભાગ લીધો હતો.

ટીમની જીત બાબતે એમ.વાય. પાટીલે જણાવ્યું હતું કે, પેહલા લીગ રાઉન્ડ યોજવામાં આવ્યા હતા જેના બેઝ પર 12 ટીમ ક્વોલિફાય કરવામાં આવી હતી. જેમાં એલ.ડી એન્જિનિયરિંગ કોલેજ નો બીજો નંબર રહ્યો હતો. જે બાદ ફાઈનલમાં એલ.ડી એન્જિનિયરિંગ કોલેજના વિદ્યાર્થીઓએ MIT-WPU પુણેને 130-20ના નિર્ણાયક સ્કોરથી હરાવ્યું હતું. જેથી નેશનલ લેવલ પર વિજેતા થયા બાદ આંતરરાષ્ટ્રીય કક્ષાએ હોંગકોંગ ચાઈનામાં ઈન્ડિયાને રીપ્રેઝન્ટ કરીશું. આખી ટીમમાં 20 જેટલા વિદ્યાર્થીઓ અને એક ફેકલ્ટી મેમ્બરનો સમાવેશ કરવામાં આવ્યો હતો. મિકેનિકલ, રોબોટિક્સ, EC, કોમ્પ્યુટર સહિત દરેક ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

વિદ્યાર્થીઓની મહેનત વિશે એમ.વાય.પાટીલ જણાવે છે કે, દરેક ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓએ કામ કર્યું હોવાથી ટેકનોલોજી પર કામ કર્યું હોવાથી સારો રોબોટ્સ બનાવી શક્યા છીએ. દર વર્ષે થીમ સપ્ટેમ્બરમાં આવી જતી હોય છે, જે બાદ જુલાઈ મહિનામાં કોમ્પિટિશન યોજાતી હોય છે. જેથી વિદ્યાર્થીઓને આઠથી નવ મહિના જેટલો સમય તૈયારી માટે મળતો હોય છે. તેમજ ડિપાર્ટમેન્ટ તરફથી પણ ઘણી મદદ વિદ્યાર્થીઓને મળતી હોય છે. અંદાજે બે રોબોટ્સ તૈયાર કરવામાં 7થી 8 લાખ રૂપિયા જેટલો ખર્ચ થતો હોય છે. તેમજ કોમ્પિટિશનમાં આવવા જવાની અને રહેવાની તમામ સુવિધાઓ સરકાર તરફથી આપવામાં આવતી હોય છે. નેશનલ કમ્પિટિશનના કારણે કઈ જગ્યાએ કામઝોર પડીએ છીએ તે ખ્યાલ આવી ગયો છે જેથી આ વર્ષે ઈન્ટરનેશનલ પણ જીતીએ તેવી આશા રાખી રહ્યા છીએ.

ભાગ લેનાર વિદ્યાર્થીઓને એક વર્ષ પહેલા જોબ મળી જાય છે તેવું કહી એમ.વાય.પાટીલે જણાવ્યું હતું કે, કોમ્પિટિશન માટે વિદ્યાર્થીઓ લેટેસ્ટ ટેકનોલોજીનો ઉપયોગ કરતા હોવાથી તેમને આવનાર સમયમાં ઘણો ફાયદો થતો હોય છે. તેમજ જે અલગ અલગ ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓ ભાગ લેતા હોય છે જેથી તેમને તમામ ફિલ્ડનું નોલેજ મળી રહેતું હોય છે. જેના કારણે વિદ્યાર્થીઓને જોબ પ્લેસમેન્ટના સ્કોપ વધી જતા હોય છે. તેમજ કોમ્પિટિશનમાં ભાગ લેનાર 50 ટકા વિદ્યાર્થીઓ પોતાનું સ્ટાર્ટઅપ તૈયાર કરતા હોય છે તો અન્ય વિદ્યાર્થીઓને એક વર્ષ પહેલા જ સારી જગ્યાએ જોબ પ્લેસમેન્ટ મળી રહેતું હોય છે. અત્યાર સુધી જે પણ વિદ્યાર્થીઓએ આ કોમ્પિટિશનમાં ભાગ લીધો છે તે તમામ વિદ્યાર્થીઓને એક વર્ષ પહેલા જ જોબ મળી ગઈ હતી.

# મુંબઈમાં ભારે વરસાદના કારણે ગુજરાત સાથેના રેલ વ્યવહારને અસર

## કેટલીક ટ્રેનોના રૂટ ટૂંકાવી દેવાયા તો કેટલીક ટ્રેનો ડાયવર્ટ કરવામાં આવી, મુસાફરો માટે હેલ્પ ડેસ્ક અને એસટી બસની વ્યવસ્થા કરાઈ

**સુરત, તા.06**

મુંબઈમાં વરસેલા અનરાધાર વરસાદને કારણે રેલ વ્યવહારને અસર પહોંચી છે. સફાળે, કેલવે રોડ, વસઈ રોડ અને નાલાસોપારા સ્ટેશનો પર ટ્રેક ધોવાઈ જવાની અને ભારે જળભરાવ થવાની સ્થિતિ સર્જાઈ છે. રેલવે પ્રશાસન દ્વારા તકેદારીના ભાગરૂપે મુંબઈ તરફ જતી અનેક ટ્રેનોને અધવચ્ચે જ સુરત, વલસાડ અને વાપી જેવા સ્ટેશનો પર અટકાવી દેવામાં આવી છે. બીજી તરફ મધ્ય રેલવેના સેક્શનમાં ભૂસ્ખલન થવાને કારણે પણ મુસાફરોની સુરક્ષા માટે ટ્રેનોના રૂટ ડાયવર્ટ કરાયા છે. અચાનક રેલ વ્યવહાર અટકી પડતાં હજારો મુસાફરો સ્ટેશનો પર અટવાઈ પડ્યા છે, જેમની મદદ માટે રેલવે અને એસટી તંત્ર એક્શન મોડમાં આવ્યું છે.

ટ્રેનો અધવચ્ચે રદ થવાને કારણે સુરત, વલસાડ, વાપી અને નવસારી જેવા મુખ્ય સ્ટેશનો પર મુસાફરોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. મુસાફરોને ટ્રેનની વર્તમાન સ્થિતિ અને રિફંડ સંબંધિત સચોટ માહિતી મળી રહે તે માટે રેલવે વિભાગ દ્વારા અલગ-અલગ સ્ટેશનો પર તાબડતોબ સ્પેશિયલ હેલ્પ ડેસ્ક શરૂ કરવામાં આવ્યા છે. આ હેલ્પ ડેસ્ક પર કર્મચારીઓ ખડેપગે રહીને મુસાફરોને માર્ગદર્શન પૂરું પાડી રહ્યા છે.

આ ઉપરાંત, જે મુસાફરો મુંબઈ કે અન્ય સ્થળોએ જવા માટે મજબૂર છે અને સ્ટેશન પર અટવાયા છે, તેમના માટે રેલવે પ્રશાસને ગુજરાત રાજ્ય પરિવહન નિગમ સાથે સંકલન સાધ્યું છે. મુસાફરો પોતાની મંઝિલ સુધી પહોંચી શકે તે માટે સ્ટેશનોની બહાર જ ખાસ એસટી બસોની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે, જેથી મુસાફરોને ભારે હાલાકીનો સામનો ન કરવો પડે.

પશ્ચિમ રેલવે દ્વારા જારી કરાયેલા નવા અપડેટ મુજબ, ટ્રેન વ્યવહાર ખોરવાવાને કારણે સુરતથી ઉપડતી એક મહત્વની ટ્રેનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે: 13426 સુરત - માલદા ટાઉન એક્સપ્રેસ (06.07.2026): આ ટ્રેન આજે તેના નિયત સમય કરતાં 2 કલાક અને 55 મિનિટ મોડી ઉપડશે. ટ્રેનનો નિયમિત ઉપડવાનો સમય બપોરે 14:20 વાગ્યાનો હતો, જે હવે બદલીને સાંજે 17:15 વાગ્યે કરવામાં આવ્યો છે. મુસાફરોને આ



બદલાયેલા સમય મુજબ પોતાની મુસાફરીનું આયોજન કરવા વિનંતી કરાઈ છે.

પશ્ચિમ રેલવે દ્વારા જાહેર કરાયેલી સત્તાવાર માહિતી મુજબ, ટ્રેક પર પાણી ભરાઈ જવાના કારણે નીચે મુજબની ટ્રેનોને અધવચ્ચે જ ટર્મિનેટ કરીને ત્યાંથી જ રિવર્સ (પરત) દોડાવવાનો નિર્ણય લેવાયો છે.

12932 અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ એક્સપ્રેસ: આ ટ્રેન માત્ર સુરત સુધી જ ચાલશે. ત્યારબાદ આ જ રેક ટ્રેન નંબર 12931 સુરત-અમદાવાદ એક્સપ્રેસ બનીને સાંજે 19:25 કલાકે સુરતથી પરત રવાના થશે.

12934 અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ: આ ટ્રેન માત્ર વલસાડ સુધી જ દોડશે. વલસાડથી આ જ રેક ટ્રેન નંબર 12933 વલસાડ-અમદાવાદ એક્સપ્રેસ તરીકે સાંજે 16:25 વાગ્યે પરત ફરશે.

19002 સુરત-વિરાર: આ ટ્રેનને ઉમરગામ રોડ સ્ટેશન પર જ શોર્ટ-ટર્મિનેટ કરાઈ છે.

09705 જયપુર-બાંદ્રા ટર્મિનસ: આ ટ્રેનને ઉધના સ્ટેશને અટકાવી દેવામાં આવી છે.

12990 અજમેર-દાદર: આ ટ્રેનને નવસારી સુધી જ ચલાવવામાં આવી છે.

12479 જોધપુર-બાંદ્રા ટર્મિનસ: આ ટ્રેનને વાપી સ્ટેશને શોર્ટ-ટર્મિનેટ કરાઈ છે.

05183 આઝમગઢ-બાંદ્રા ટર્મિનસ: આ ટ્રેનને સંજાણ સ્ટેશન પર જ ટૂંકાવી દેવામાં આવી છે.

મધ્ય રેલવેના પ્રભાવિત રૂટ પર લેન્ડસ્લાઈડ થવાને કારણે મુસાફરોની સુરક્ષા અર્થે કેટલીક મહત્વની ટ્રેનો અન્ય માર્ગે ડાયવર્ટ કરવામાં આવી છે

22920 અમદાવાદ-ચેન્નઈ સેન્ટ્રલ એક્સપ્રેસ (06.07.2026): આ ટ્રેન હવે તેના નિયમિત રૂટના બદલે સુરત-પાલધી-જલગાંવ-મનમાડ-દૌંડ થઈને દોડશે.

11092 પુણે-ભુજ એક્સપ્રેસ (06.07.2026): આ ટ્રેન દૌંડ-મનમાડ-જલગાંવ-પાલધી-સુરત થઈને આગળ જશે.

12298 પુણે-અમદાવાદ દુરંતો એક્સપ્રેસ (06.07.2026): આ ટ્રેન દૌંડ કોર્ડ-મનમાડ-ઈગતપુરી-કલ્યાણ માર્ગેથી ચલાવવામાં આવશે.

રેલવે વિભાગ દ્વારા અચાનક સર્જાયેલી આ કુદરતી આપત્તિ અને મુસાફરોને પડેલી અગવડતા બદલ ખેદ વ્યક્ત કરવામાં આવ્યો છે. તમામ મુસાફરોને નમ્ર અપીલ કરવામાં આવી છે કે ભારે વરસાદની સ્થિતિને જોતા ઘરની બહાર નીકળતા પહેલા અથવા રેલવે સ્ટેશન પહોંચતા પહેલા પોતાની ટ્રેનનું લેટેસ્ટ સ્ટેટસ હેલ્પ ડેસ્ક અથવા ઓનલાઈન માધ્યમથી અવશ્ય ચેક કરી લે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૫૦૯૯૨

# રામ મંદિર ટ્રસ્ટે ચંપત રાયનું રાજીનામું સ્વીકાર્યું, મહંત નૃત્ય ગોપાલ દાસે કહ્યું- 'દાનની ચોરીથી દુઃખી છું'

**નવી દિલ્હી, તા.06**

રામ મંદિર ચઢાવા (દાન) ચોરી મામલે મહાસચિવ ચંપત રાય અને ટ્રસ્ટી અનિલ મિશ્રાનું રાજીનામું ટ્રસ્ટે મંજૂર કરી દીધુ છે. ચઢાવા ચોરીના કેસમાં રામ મંદિર તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાય સામે સતત સવાલો ઉભા થઈ રહ્યા હતા, અને આ દરમિયાન તેમણે રાજીનામું આપી દીધું હતું. તેમના સિવાય અનિલ મિશ્રાએ પણ રાજીનામું આપ્યું હતું તે પણ ટ્રસ્ટે મંજૂર કરી દીધુ છે. આ રાજીનામા પર નિર્ણય લેવા માટે જ આ બેઠક બોલાવવામાં આવી હતી. હવે ચંપત રાય ટ્રસ્ટના મહાસચિવ પદ પર નહીં રહે. જોકે, ટ્રસ્ટના નિયમો અનુસાર તેઓ સભ્ય તરીકે યથાવત્ રહેશે, પરંતુ તેમની પાસે કોઈ મહત્ત્વપૂર્ણ માહિતી કે જવાબદારી રહેશે નહીં.



બપોરે 3 વાગ્યે મહંત નૃત્ય ગોપાલ દાસની અધ્યક્ષતામાં બેઠક શરૂ થઈ હતી. તેમણે સૌથી પહેલા આ મામલે દિલગીરી વ્યક્ત કરી. મહંત નૃત્ય ગોપાલ દાસે કહ્યું, 'આ સમગ્ર ઘટનાક્રમથી હું ખૂબ જ દુઃખી છું. આ હિન્દુઓની આસ્થા સાથે જોડાયેલો મામલો છે. દોષિતો સામે કડક કાર્યવાહી થવી જ જોઈએ.'

ત્યારબાદ કોષાધ્યક્ષ સ્વામી ગોવિંદ દેવ ગિરીએ મીટિંગનો એજન્ડા રજૂ કર્યો હતો. સ્વામી ગોવિંદ દેવ ગિરીએ ચંપત રાય અને અનિલ મિશ્રાના રાજીનામા પર વિચાર કરવાનો પ્રસ્તાવ મૂક્યો. ટ્રસ્ટની બેઠકમાં સામેલ સાધુ-સંતો તરફથી કહેવામાં આવ્યું કે, આ કાંડના કારણે આસ્થા પર ઘણા મોટા સવાલો ઊભા થયા છે. ગોવિંદ ગિરીએ બેઠકમાં સ્વીકાર્યું કે, આ બહુ મોટી ભૂલ થઈ ગઈ છે, જેનાથી રામ ભક્તોની આસ્થાને ઠેસ પહોંચી છે. કેટલીક જગ્યાએ ખામીઓ હતી, જેના પર તે સમયે ધ્યાન આપવામાં ન આવ્યું.

સૂત્રોનું કહેવું છે કે ચંપત રાય અને અનિલ મિશ્રા એકસાથે જ છે, અને બંનેમાંથી કોઈ પણ આ બેઠકમાં પહોંચ્યા નહોતા. બેઠકમાં ચંપત રાય અને અનિલ મિશ્રાની ભૂમિકાને લઈને ટ્રસ્ટના સભ્યોએ ભારે નારાજગી વ્યક્ત કરી હતી.

કૃષ્ણ મોહને બેઠક દરમિયાન FIR નોંધાવવા પાછળનું કારણ સ્પષ્ટ કર્યું હતું. તેમણે કહ્યું કે, 'પ્રાથમિક તપાસમાં નાણાકીય ગેરરીતિઓ સામે આવ્યા બાદ જ કાયદાકીય પગલાં લેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. મામલાની નિષ્પક્ષ તપાસ સુનિશ્ચિત કરવા માટે તાત્કાલિક FIR દાખલ કરાઈ હતી.' કૃષ્ણ મોહને ઉમેર્યું કે, જનતાનો ભરોસો જીતવો ખૂબ જ જરૂરી છે, અને ટ્રસ્ટમાં ફેરફાર કરીને જ આ વિશ્વાસ ફરી જીતી શકાશે.

ટ્રસ્ટ સાથે જોડાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર, ચંપત રાયની જગ્યાએ વિશ્વ હિન્દુ પરિષદ (VHP)ના બજરંગ બાગડાને નવા મહાસચિવ બનાવવામાં આવી શકે છે. જ્યારે અનિલ મિશ્રાની જગ્યાએ નીરજ દૌનેરિયાને ટ્રસ્ટી બનાવવામાં આવે તેવી શક્યતા છે. ટ્રસ્ટની બેઠકમાં અન્ય એક ટ્રસ્ટી સ્વામી પરમાનંદ ગિરીએ જણાવ્યું કે, 'ધર્મની રક્ષા કરવી એ આપણા સૌની પ્રથમ ફરજ છે. જ્યારે લોકો આસ્થા સાથે કોઈ ધાર્મિક સ્થળ સાથે જોડાય છે, ત્યારે નાની-નાની બાબતોનું પણ વિશેષ ધ્યાન રાખવું જોઈએ. શ્રદ્ધાળુઓના વિશ્વાસ અને લાગણીઓની રક્ષા સર્વોચ્ચ પ્રાથમિકતા હોવી જોઈએ.'

મહંત દિનેન્દ્ર દાસે ભાવુક થઈને કહ્યું કે, અમે રામ મંદિર માટે અમારું આખું જીવન સમર્પિત કરી દીધું. જ્યારે સ્વામી વિશ્વપ્રસન્નતીર્થજીએ કહ્યું કે આ એક મોટો કલંક લાગ્યો છે.

આ બેઠકમાં વિશેષ આમંત્રિત સભ્ય ગોપાલ રાવને ટ્રસ્ટની બેઠકમાંથી બહાર કરી દેવાયા હતા. ટ્રસ્ટના સભ્યોએ તેઓ નિયમિત ટ્રસ્ટી ન હોવાનું કારણ આપીને તેમને બહાર કર્યા હતા. ગોપાલ રાવ મીટિંગમાં સામેલ થવા પહોંચ્યા હતા.

રામ મંદિર ટ્રસ્ટમાં અત્યારે 11 નિયમિત સભ્યો છે. જેમાં અધ્યક્ષ નૃત્ય ગોપાલ દાસ, વાસુદેવાનંદ સરસ્વતી, વિશ્વપ્રસન્ન તીર્થ, પરમાનંદ ગિરી, કોષાધ્યક્ષ ગોવિંદ દેવ ગિરી, કૃષ્ણ મોહન, દિનેન્દ્ર દાસ અને કે. પરાસરન સામેલ છે. ચંપત રાય અને અનિલ મિશ્રાએ રાજીનામું આપી દીધું છે, જ્યારે ટ્રસ્ટી બિમલેન્દ્ર મોહન પ્રતાપ મિશ્રાનું અવસાન થયું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, હાલમાં ટ્રસ્ટમાં કોઈ ઉપાધ્યક્ષ નથી, જે અધ્યક્ષની ગેરહાજરીમાં બેઠકોની અધ્યક્ષતા કરી શકે. હોદ્દાની રૂએ સભ્યોમાં કેન્દ્ર સરકારના સચિવ પ્રશાંત લેખંડે, ઉત્તર પ્રદેશ સરકારના અપર મુખ્ય સચિવ (ગૃહ) સંજય પ્રસાદ, અયોધ્યાના જિલ્લા મેજિસ્ટ્રેટ શશાંક ત્રિપાઠી અને વડાપ્રધાનના ભૂતપૂર્વ મુખ્ય સચિવ નૃપેન્દ્ર મિશ્રા સામેલ છે. ગોપાલ રાવ વિશેષ આમંત્રિત સભ્ય છે.

# ઈઝરાયલમાં 'ટાઈમ મશીન' જેવી 4 લાખ વર્ષ જૂની ગુફા મળી, માનવ સભ્યતાના ખુલશે રહસ્યો

**તેલ અવિવ, તા.06**

ઉત્તરી ઈઝરાયલના ફોરિડિસ વિસ્તારમાં વૈજ્ઞાનિકોને એક ખૂબ જ મોટી સફળતા મળી છે. અહીં સંશોધકોને આશરે 4 લાખ વર્ષ જૂની એક રહસ્યમય ગુફા મળી આવી છે, જે આટલા લાંબા સમયથી સંપૂર્ણપણે સીલ હતી. આ ગુફા માનવ ઈતિહાસની એક અદ્ભુત 'ટાઈમ કેપ્સૂલ' સમાન છે, કારણ કે તેમાં આટલા વર્ષોથી કોઈ પણ પ્રકારની માનવીય દખલગીરી થઈ નથી.



ઈઝરાયલ એન્ટિક્વિટીઝ ઓથોરિટી અને હાઈફા યુનિવર્સિટીના સંશોધકો દ્વારા હાલમાં અહીં ઉત્ખનનનું કામ કરવામાં આવી રહ્યું છે. આ ગુફા આશરે 4 લાખથી 2.5 લાખ વર્ષ જૂની હોવાનું માનવામાં આવે છે. આ પ્રોજેક્ટને આર્કિયોલોજિસ્ટ કોબી વર્ડી, અમિત ગબાય અને પ્રોફેસર રોન લીડ કરી રહ્યા છે. તાજેતરના દાયકાઓની આ સૌથી મોટી પુરાતત્વીય શોધ માનવામાં આવી રહી છે, જે માનવ વિકાસના એવા યુગ પરથી પડદો ઉઠાવશે જેના વિશે અત્યાર સુધી ખૂબ જ મર્યાદિત માહિતી ઉપલબ્ધ હતી.

આ રહસ્યમય ગુફા લોઅર પેલિયોલિથિક યુગના અંતિમ ભાગ એટલે કે 'અચ્યુલો-યબરુડિયન કલ્ચર' (Achelo-Yabrudian Culture) સાથે જોડાયેલી હોવાનું સામે આવ્યું છે. રિસર્ચર્સના જણાવ્યા અનુસાર, આ ગુફા એટલી શાનદાર સ્થિતિમાં છે કે તે એક સાચા ટાઈમ કેપ્સૂલની જેમ કામ કરી રહી છે, જેનાથી એવી દુર્લભ માહિતી મળી શકે છે જે વિશ્વમાં અન્ય ક્યાંયથી મળવી મુશ્કેલ છે. આ એ સમયગાળો હતો જ્યારે પૃથ્વી પર નિએન્ડરથલ અને આધુનિક માનવીઓ (હોમો સેપિયન્સ)નો ફેલાવો થયો ન હતો. આ સમયગાળો મનુષ્યોની રહેણીકરણી અને પર્યાવરણ સાથેના તાલમેલમાં આવેલા એક બહુ મોટા વૈશ્વિક બદલાવનો સાક્ષી રહ્યો છે.

પ્રોફેસર રોનના જણાવ્યા મુજબ, આ એ જ યુગ હતો જ્યારે મનુષ્યોએ એક જગ્યાએ લાંબો સમય રોકાવાનું અને મોટા સમૂહો (સોશિયલ સ્ટ્રક્ચર) બનાવવાનું શરૂ કર્યું હતું. ગુફામાંથી મળેલા પુરાવા દર્શાવે છે કે તે સમયે લોકો આગનો ભરપૂર ઉપયોગ કરતા હતા અને તેમનું સામાજિક માળખું ઘણું જટિલ અને વિકસિત થવા લાગ્યું હતું. તેઓ લાંબા સમય સુધી ગુફાઓમાં સાથે રહેતા હતા, જે સાબિત કરે છે કે તેમની વચ્ચે પરસ્પર સહયોગ ખૂબ ઊંચા સ્તરનો હતો. આ લોકો પોતાની કમ્યુનિટીમાં પોતાના જ્ઞાન અને કૌશલ્યને એક પેઢીથી બીજી પેઢી સુધી પહોંચાડતા હતા. આ જ પાયાના પરિવર્તનોએ આગળ જતાં હોમો સેપિયન્સ એટલે કે આધુનિક માનવીના વિકાસનો પાયો નાખ્યો હતો.

વૈજ્ઞાનિકોને આ ખોદકામ દરમિયાન ગુફામાંથી અનેક ચોંકાવનારી વસ્તુઓ મળી આવી છે. જેમાં ચકમક પથ્થર (Flint) માંથી બનેલા ખાસ પ્રકારના હથિયારો સામેલ છે, જે તે સમયના હિસાબે ખૂબ જ એડવાન્સ માનવામાં આવે છે. આર્કિયોલોજિસ્ટ્સે ખૂબ જ બારીકાઈથી તૈયાર કરાયેલી નાની કુહાડીઓ, સ્ક્રેપર અને કટીંગ બ્લેડ મોટી સંખ્યામાં શોધી કાઢ્યા છે. આ સિવાય ગુફામાંથી ઘોડા, હરણ અને જંગલી ગધેડા જેવા પ્રાણીઓના હાડકાં પણ મળી આવ્યા છે.

# 'અમને ભારતની મદદ જોઈએ છે': પાકિસ્તાનનાં અત્યાચારો વચ્ચે POKના નેતાએ કહ્યું- અહીં પરિસ્થિતિ વધુ બગડે તો અમારી પાસે ભારત જવાનો વિકલ્પ હોવો જોઈએ

**ઈસ્લામાબાદ, તા.06**

પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર(PoK)માં ચાલી રહેલી અશાંતિએ અત્યાર સુધીમાં સેંકડો લોકોના જીવ લીધા છે. પાકિસ્તાનની સેનાના હાથે રોજબરોજ લોકો મરી રહ્યા છે. આવા સમયમાં PoKના વિરોધ-પ્રદર્શનની આગેવાની કરનાર 'જોઈન્ટ અવામી એક્શન કમિટી'(JAAC)ના નેતા સરદાર અમન ખાને ભારત પાસે મદદ માગી છે. તેમનો દાવો છે કે વિરોધ પ્રદર્શનો પર કડક કાર્યવાહી કર્યા બાદ પાકિસ્તાન સરકારે આ વિસ્તારમાં આર્થિક નાકેબંધી કરી દીધી છે. હવે JAAC નેતાએ નવી દિલ્હીને માનવીય સહાય મોકલવા અને લાઈન ઓફ કંટ્રોલ(LoC) પર બોર્ડર ખોલવાની અપીલ કરી છે. તેમણે દલીલ કરી હતી કે જો પરિસ્થિતિ વધુ બગડશે, તો PoKના સામાન્ય નાગરિકો પાસે ભારત જવાનો વિકલ્પ હોવો જોઈએ. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા એક વીડિયોમાં અમન ખાનને એમ કહેતા સાંભળી શકાય છે કે, 'અમને ભારતની મદદ જોઈએ છે. અહીં રાશનની અછત છે...' તેમણે દાવો કર્યો હતો કે પાકિસ્તાની સુરક્ષા દળો દ્વારા પ્રદર્શનકારીઓ સામેની કાર્યવાહી તેજ કરવાને કારણે PoKના રહેવાસીઓને ખોરાક અને દવાઓની અછતનો સામનો કરવો પડી રહ્યો છે, જેનાથી ગંભીર માનવીય સંકટ ઊભું થયું છે.



રાવલકોટના ઈદગાહ મેદાનમાં ભારે ભીડને સંબોધિત કરતા અમન ખાને લોકોને પૂછ્યું કે શું તેમણે લાઈન ઓફ કંટ્રોલ(LoC) તરફ આગળ વધવું જોઈએ. ભીડે તેમના આ સવાલનો જવાબ આપ્યો, 'હા, તેના તરફ આગળ વધો.' તેમણે ચેતવણી આપી હતી કે જો સત્તાવાળાઓ લોકોની માંગણીઓનો જવાબ ગોળીઓથી આપશે, તો 'અમારી પાસે પણ અન્ય રસ્તાઓ છે.' આ JAAC નેતાએ પૂંછ અને ડોડા સેક્ટરમાં LoC ખોલવાની પણ અપીલ કરી હતી. તેમણે દાવો કર્યો હતો કે ઈસ્લામાબાદની આ કાર્યવાહીથી વિસ્તારમાં રહેતા લોકોની મુશ્કેલીઓ વધુ વધી રહી છે. જોકે અમે આ વીડિયોની પૃષ્ટી કરતાં નથી, જે કથિત રીતે અમન ખાનની 30 જૂનની રેલીનો છે. પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાંથી આ અપીલ એવા સમયે આવી છે જ્યારે PoKમાં છેલ્લા મહિનાથી પાકિસ્તાની વહીવટીતંત્ર સામે મોટા પાયે વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. ગયા અઠવાડિયે, ઈદગાહ મેદાનમાં આયોજિત એક મોટી વિરોધ રેલી દરમિયાન, લોકોએ 'PoK પાકિસ્તાનનો ભાગ નથી' અને 'અમને આઝાદી જોઈએ છે' જેવા સૂત્રોચ્ચાર કર્યા હતા. આ દર્શાવે છે કે ભલે વિરોધ પ્રદર્શન સુધારાની માંગ સાથે શરૂ થયું હતું, પરંતુ હવે તે પાકિસ્તાનથી આઝાદીની ખુલ્લી માંગમાં ફેરવાઈ ગયું છે.

નિષ્ણાતોનું કહેવું છે કે PoKમાં વર્તમાન રાજકીય સંકટ સ્થાનિક લોકો અને પ્રાદેશિક વહીવટીતંત્ર વચ્ચેના ઊંડા અવિશ્વાસને દર્શાવે છે, કારણ કે આ વહીવટીતંત્ર સંપૂર્ણપણે ઈસ્લામાબાદના નિયંત્રણમાં છે. તેમનું માનવું છે કે JAAC પર પ્રતિબંધ મૂકવાનો અને કબજા હેઠળના વિસ્તારમાં સેનાનો ઉપયોગ કરવાનો પાકિસ્તાની સત્તાવાળાઓનો નિર્ણય, અશાંતિને દબાવવાના એક સમજી-વિચારીને ઘડેલા કાવતરાનો ભાગ છે. 5 જૂનના રોજ પાકિસ્તાની સત્તાવાળાઓ દ્વારા JAACને ગેરકાનૂની જાહેર કરવા અને આ પાયાના સ્તરના સંગઠનને આતંકવાદી સંગઠન ગણાવ્યા બાદ PoKમાં અશાંતિ વધુ વકરી છે.

# ઈરાન વિરુદ્ધ નવો મોરચો? ખામેનેઈની અંતિમ વિદાયમાં સામેલ ન થયા આ 3 મુસ્લિમ દેશો

**તેહરાન, તા.06**

ઈરાનના સર્વોચ્ચ નેતા આયતુલ્લા અલી ખામેનેઈના અંતિમ સંસ્કાર વખતે તેહરાનમાં ઈસ્લામિક દેશોની એકતા બતાવવાનો મોટો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ભારત, ચીન, રશિયા અને પાકિસ્તાન સહિત વિશ્વના અનેક દેશોના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિઓ આ જનાજામાં સામેલ થયા હતા. પરંતુ આ ભીડ વચ્ચે ખાડી ક્ષેત્ર (ગલ્ફ) અને મુસ્લિમ સંગઠન 'GCC'(ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ)ના ત્રણ શક્તિશાળી દેશોની ગેરહાજરી સૌથી વધુ ચર્ચાનો વિષય બની છે. આ ત્રણ કટ્ટર મુસ્લિમ દેશો હતા- સંયુક્ત આરબ અમીરાત (UAE), બહેરીન અને કુવૈત.



વિશુદ્ધ ઈસ્લામિક દેશ હોવા છતાં UAE, બહેરીન અને કુવૈતે આયતુલ્લા અલી ખામેનેઈને અંતિમ વિદાય આપવા માટે પોતાના પ્રતિનિધિ મંડળ મોકલ્યા નહોતા. આ પાછળ ગલ્ફ ક્ષેત્રની જટિલ કૂટનીતિ અને ઈરાન પ્રત્યેની નારાજગી જવાબદાર છે.

ઈરાની ડ્રોન હુમલાની નારાજગી: તાજેતરના ઈરાન-અમેરિકા-ઈઝરાયલ યુદ્ધ દરમિયાન ઈરાને આ દેશોમાં આવેલા અમેરિકી સૈન્ય મથકો અને વ્યૂહાત્મક સ્થાનો પર પોતાના શાહેદ ડ્રોન વડે ભારે તબાહી મચાવી હતી.

રાષ્ટ્રીય હિત અને વિચારધારાનો ટકરાવ: જો UAE ઈરાન સમક્ષ ઝૂકીને પોતાના દૂત મોકલત, તો તેની ઘરેલું સુન્ની વસ્તીમાં ખોટો સંદેશ જાત કે તેઓ શિયા બહુલ ઈરાન સામે ઝૂકી ગયા છે. વળી, UAE હવે 'સુરક્ષા પહેલાં'ની નીતિ હેઠળ અમેરિકા અને ઈઝરાયલ સાથે સૈન્ય ગઠબંધન મજબૂત કરી રહ્યું છે.

આંતરિક હસ્તક્ષેપ: બહેરીન શિયા બહુલ દેશ હોવા છતાં ત્યાં સુન્ની અલ ખલીફા પરિવારનું શાસન છે, તેથી તે ઈરાન પર આંતરિક મામલામાં દખલગીરીનો આરોપ લગાવતું રહ્યું છે. કુવૈતે પણ અમેરિકા સાથેની સુરક્ષા ભાગીદારીને કારણે તેહરાનથી અંતર રાખ્યું.

ચોંકાવનારી બાબત એ રહી કે ઈરાન સાથે સૌથી જૂની દુશ્મની ધરાવતા અને કટ્ટર સુન્ની રાષ્ટ્ર ગણાતા સાઉદી અરેબિયાએ પોતાના નાયબ વિદેશ મંત્રી વલીદ અલ ખુરૈજીના નેતૃત્વમાં એક ડેલિગેશન તેહરાન મોકલ્યું હતું. ઈરાને યુદ્ધમાં સાઉદી પર પણ બોમ્બમારો કર્યો હોવા છતાં, સાઉદીનું જનાજામાં સામેલ થવું એ દર્શાવે છે કે રિયાદ હવે અમેરિકાની નારાજગી વહોરીને પણ ઈરાન સાથે તણાવ ઓછો કરવા અને 'સંવાદ'ની સ્વતંત્ર વિદેશ નીતિ અપનાવવા માગે છે. આ ઉપરાંત, કતાર અને ઓમાને પણ પોતાના પ્રતિનિધિઓ મોકલ્યા હતા. કતાર હાલ આ ક્ષેત્રમાં મધ્યસ્થની ભૂમિકા ભજવી રહ્યું છે જ્યારે ઓમાન પરંપરાગત રીતે પશ્ચિમી દેશો અને ઈરાન વચ્ચે સેતુનું કામ કરે છે.

આ ઘટનાએ ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ(GCC)ની અંદરની તિરાડ અને સાઉદી અરેબિયા તથા UAE વચ્ચેની છૂપી સ્પર્ધાને જગજાહેર કરી દીધી છે. તાજેતરમાં જ સાઉદીએ પણ UAEના ઠેકાણાઓ પર હુમલા કર્યા હતા. ટૂંકમાં, ગલ્ફની રાજનીતિ હવે 'મઝહબ'(ધર્મ)ના નામે એક થવાને બદલે પોતપોતાના 'રાષ્ટ્રીય હિતો' અને ગઠબંધનોના આધારે ચાલી રહી છે, જેના કારણે ખામેનેઈનો જનાજો મુસ્લિમ એકતાનું પ્રતીક બનવામાં નિષ્ફળ રહ્યો.

# ખામેનીની અંતિમ યાત્રામાં 10-કિમી લાંબા રૂટ પર લાખો લોકો ઉમટ્યા: 10 કલાક સુધી ચાલશે જુલુસ, હેલિકોપ્ટર દ્વારા શહેરની ઉપર ફેરવવામાં આવશે તાબૂત

**તેહરાન, તા.06**

ઈરાનના પૂર્વ સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનીની અંતિમ યાત્રા સોમવારે તેહરાનમાં આગળ વધી રહી છે. 10 કિલોમીટર લાંબા રૂટ પર લાખો લોકો અંતિમ દર્શન માટે એકઠા થયા છે. સરકારી મીડિયાએ તેને દેશના આધુનિક ઈતિહાસનો સૌથી મોટો જનસમૂહ ગણાવ્યો છે.

ભીડ એટલી વધારે છે કે ઘણી જગ્યાએ તાબૂત લઈ જતું વાહન ધીમી ગતિએ આગળ વધી રહ્યું છે. આઝાદી સ્ટ્રીટ સહિત ઘણા વિસ્તારોમાં લોકોની એટલી ભીડ છે કે થોડા સમય માટે વાહનને રોકવું પણ પડ્યું.

પ્રશાસને લોકોને અંતિમ યાત્રા માર્ગ પર રહેવાની અપીલ કરી છે. અધિકારીઓના મતે, છેવટે ખામેનીના પાર્થિવ શરીરને હેલિકોપ્ટરથી અંતિમ યાત્રા માર્ગ ઉપર લઈ જવામાં આવશે, જેથી દૂર ઉભેલા લોકો પણ અંતિમ દર્શન કરી શકે.

અંતિમ યાત્રા પછી ખામેનીના પાર્થિવ શરીરને ધાર્મિક વિધિઓ માટે કોમ લઈ જવામાં આવશે. ત્યારબાદ તેમને તેમના ગૃહ શહેર મશહદમાં સુપુર્દ-એ-ખાક કરવામાં આવશે.

ટ્રમ્પ બોલ્યા- એક હુમલામાં ઈરાની લીડરશિપ ખતમ કરી શકતા હતા: અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે ખામેનીના અંતિમ સંસ્કારમાં ઈરાનનું આખું ટોચનું નેતૃત્વ હાજર હતું અને અમેરિકા ઈચ્છતું તો એક જ હુમલામાં બધાને ખતમ કરી શકતું હતું, પરંતુ વાતચીતનો રસ્તો ખુલ્લો રાખવા માટે એવું ન કર્યું.

ઈરાન બોલ્યું- અમેરિકા પાસે ન સભ્યતા છે, ન સન્માન: ટ્રમ્પના નિવેદન પર આર્મેનિયા સ્થિત ઈરાની દૂતાવાસે કહ્યું, "લોકોને મારી શકાય છે, પરંતુ વિચારોને નહીં. તમારી પાસે ન સભ્યતા છે, ન ઈતિહાસ અને ન સન્માન."

ભીષણ ગરમી વચ્ચે અંતિમ યાત્રામાં લોકો પર પાણીનો છંટકાવ: 30 ડિગ્રી સેલ્સિયસથી વધુ તાપમાન હોવા છતાં હજારો લોકો અંતિમ વિદાય આપવા પહોંચ્યા. ગરમીથી રાહત આપવા માટે ફાયર બ્રિગેડે પાણીનો છંટકાવ કર્યો, જ્યારે લોકોને ઠંડા પીણાં અને તરબૂચ પણ વહેંચવામાં આવ્યા.



ઈરાની સેના બોલી- સીઝફાયર દરમિયાન પણ સૈન્ય તાકાત વધારી રહ્યા છીએ: ઈરાની સેનાના બ્રિગેડિયર જનરલ મોહમ્મદ અકરમિનિયાએ કહ્યું કે સેના પોતાની તાકાત વધારવા માટે સીઝફાયરનો ઉપયોગ કરી રહી છે. તેમણે અમેરિકા અને ઈઝરાયેલને ચેતવણી આપી કે જો કોઈ ભૂલ થઈ તો ઈરાની સેના જડબાતોડ અને નિર્ણાયક જવાબ આપશે.

રશિયા બોલ્યું- હોર્મુઝ ઈરાનનું 'પરમાણુ હથિયાર': રશિયાના પૂર્વ રાષ્ટ્રપતિ દિમિત્રી મેદવેદેવે કહ્યું કે હોર્મુઝ સ્ટ્રેટ (Strait of Hormuz) ઈરાનનું પરમાણુ હથિયાર છે. તેમણે કહ્યું કે આ રસ્તા પર નિયંત્રણથી ઈરાન આખી દુનિયાના તેલ વેપાર પર દબાણ લાવી શકે છે.

અંતિમ યાત્રા પછી, મંગળવારે ખામેનીના પાર્થિવ શરીરને ધાર્મિક વિધિઓ માટે તેહરાનથી કોમ લઈ જવામાં આવશે.

કોમ ઈરાનમાં શિયા ઈસ્લામિક શિક્ષણનું સૌથી મોટું કેન્દ્ર અને દેશના સૌથી પવિત્ર શહેરોમાંનું એક માનવામાં આવે છે. અહીં ઈરાનની સૌથી મોટા ધાર્મિક મદ્રેસાઓ છે, જ્યાં હજારો વિદ્યાર્થીઓ અને ધર્મગુરુઓ ઈસ્લામિક શિક્ષણ મેળવે છે અને શીખવે છે.

આયાતુલ્લાહ અલી ખામેનીએ પણ અહીંથી ધાર્મિક શિક્ષણ મેળવ્યું હતું. આ જ કારણોસર, કોમને શિયા સમુદાયનું સૌથી મહત્વપૂર્ણ ધાર્મિક અને વૈચારિક કેન્દ્ર માનવામાં આવે છે.

ઈરાનના પૂર્વ સુપ્રીમ લીડર આયાતુલ્લા અલી ખામનીની અંતિમ યાત્રા 6 કલાક પછી પણ ચાલુ છે. તેહરાનના રસ્તા પર લાખો લોકોની ભીડ હજુ પણ શબ વાહન સાથે ચાલી રહી છે. ઈરાની ન્યૂઝ એજન્સી IRNA અનુસાર, અંતિમ યાત્રા નિર્ધારિત ગતિથી આગળ વધી રહી નથી.

ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ તેહરાનમાં પૂર્વ સુપ્રીમ લીડર આયાતુલ્લા અલી ખામેનીની અંતિમ યાત્રામાં ભાગ લીધો.

ઈરાનના પૂર્વ સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનીના મૃત્યુ બાદ દેશભરમાં બદલાની માગ તેજ બની છે. ઘણા શહેરોમાં લોકોએ લાલ ઝંડા અને બેનરો લઈને પ્રદર્શન કર્યા. ઈરાનમાં લાલ ઝંડાને શહાદત અને બદલાના પ્રતીક તરીકે જોવામાં આવે છે. પ્રદર્શનકારીઓએ ખામેનીના મૃત્યુનો બદલો લેવા અને દેશની એકતા જાળવી રાખવા અપીલ કરી.

તસ્નીમ ન્યૂઝ અનુસાર, ખામેનીની અંતિમ યાત્રાની આયોજન સમિતિના ચીફ સરદાર હસન ઝાદેહે જણાવ્યું કે ભારે ભીડ અને લોકોના સવારથી જ મોટી સંખ્યામાં પહોંચવાને કારણે શબપેટી લઈ જતું વાહન ખૂબ ધીમી ગતિએ આગળ વધી રહ્યું છે. આ કારણે તે સમયસર રિવોલ્યુશન સ્ક્વેર સુધી પહોંચી શક્યું નહીં. તેમણે જણાવ્યું કે અંતિમ યાત્રાનો કાર્યક્રમ સાંજે 5 વાગ્યા સુધીમાં પૂરો કરવાનો છે.

# શ્રીલંકાની જેલમાં ભયાનક ગેંગવોર, 4 ગાર્ડ અને 19 કેદીના મોત, 100થી વધુ ઈજાગ્રસ્ત



**કોલંબો, તા.06**

શ્રીલંકાથી એક ચોંકાવનારા અહેવાલ સામે આવ્યા છે. અહીં જેલમાં ફાટી નીકળેલા ગેંગવોરમાં 4 ગાર્ડ અને 19 કેદીઓના મોતના અહેવાલ સામે આવ્યા છે. આ ગેંગવોરમાં અત્યાર સુધીમાં 100 થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયાની માહિતી સામે આવી છે.

શ્રીલંકામાં છેલ્લા 6 વર્ષ કરતાં પણ વધુ સમય બાદ કોઈ જેલમાં ફાટી નીકળેલી આ સૌથી મોટી હિંસા છે. એક અહેવાલ અનુસાર રાજધાની કોલંબોમાં મુખ્ય જેલમાં ડ્રગ્સના ધંધા સંબંધિત બે ગેંગના કેદીઓ વચ્ચે આખી રાત અથડામણ ચાલી હતી. હિંસા બાદ ઘાયલોને કોલંબોના ઉત્તરમાં આવેલી નેગોમ્બો હોસ્પિટલ ખસેડાયા હતા.

હોસ્પિટલના ડિરેક્ટર પુષ્પા ગામથાલે જણાવ્યું કે સરકારી હોસ્પિટલમાં 23 મૃતદેહો લવાયા હતા અને 100થી વધુ કેદીઓ અને ગાર્ડને સારવાર માટે દાખલ કરાયા હતા. ઘણા લોકોને ગોળી વાગી છે જ્યારે અમુક લોકોને માર કાટ અને ગંભીર ઈજાઓ પહોંચી છે.

## તંત્રી લેખ

# ઈથેનોલ બાબતે સરકારનું પીઆર અભિયાન નિષ્ફળ

દેશમાં પેટ્રોલ સાથે 20 ટકા ઈથેનોલનું મિશ્રણ થઈ રહ્યું હોવાની વાત ઘણા સમયથી ચર્ચાય છે. હવે દેશમાં સોશ્યલ મીડિયા પર પ્રશ્ન પૂછાઈ રહ્યા છે કે, પેટ્રોલમાં ઈથેનોલના મિશ્રણને કારણે વાહનોની એવરેજ ઓછી થઈ રહી છે. સરકાર એક તરફ એમ કહે છે કે ઈથેનોલનું પેટ્રોલમાં મિશ્રણ પ્રાયોગીક રીતે થઈ રહ્યું છે. સરકારના જવાબથી લોકોને સંતોષ નહી થતા હવે કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીએ પીઆર અભિયાન શરૂ કર્યું છે. દેશની વિવિધ યુટયુબ ચેનલોને તેઓ મુલાકાત આપીને પેટ્રોલમાં ઈથેનોલનું મિશ્રણ વિશ્વ આખામાં થતું હોવાનું જણાવે છે. એમનો પ્રચાર છે કે પેટ્રોલમાં ઈથેનોલના મિશ્રણને કારણે ભારતના પર્યાવરણનો બચાવ થાય છે અને કાર્બનનું ઉત્સર્જન ઓછું થાય છે. જોકે કેન્દ્ર સરકારના આ પીઆર અભિયાનનો ખાસ ફાયદો થતો હોય એમ લાગતું નથી. લોકો પૂછી રહ્યા છે કે કોઈપણ પ્રકારના પૂરતા વૈજ્ઞાનિક પુરાવા વગર ઈથેનોલના ગુણ ગાવાનું જરૂરી શા માટે બન્યું છે. જો જાણે અંદરખાને એવુ ચર્ચાઇ રહ્યું છે કે ઈથેનોલ મુદ્દે નિતીન ગડકરી જેટલા બદનામ થાય તે નરેન્દ્ર મોદીના હિતમાં છે અને માટે જ ગડકરીના દિકરાને ઈથેનોલ બનાવવાના લાયસન્સની મંજુરી અપાઈ રહી છે.

પંજાબ કોંગ્રેસમાં આંતરક કલહ ચરમસીમાએ છે. રાહુલ ગાંધીના ખાસ ગણાતા ભૂતપૂર્વ મુખ્યમંત્રી ચરણજિત સિંહ ચન્ની રીસાઈને બેઠા છે. પંજાબ કોંગ્રેસના કેટલાક સિનિયર નેતાઓ દિલ્હીમાં કેન્દ્રીય મંત્રી અમિત શાહને મળ્યા છે. આ બાબતે જ્યારે પંજાબ ભાજપના નેતાઓને પૂછવામાં આવ્યું ત્યારે એમણે એવો જવાબ આપ્યો હતો કે ભાજપમાં બધાનું સ્વાગત છે. ભૂતકાળમાં જ્યારે પંજાબ કોંગ્રેસમાં વિવાદ થયો હતો ત્યારે રાહુલ ગાંધીએ ૨૦૨૧માં તત્કાલીન મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહનું રાજીનામું લઈ લીધુ હતું. ત્યાર પછી અમરિંદર સિંહ ભાજપમાં જોડાયા હતા, પરંતુ એનાથી ભાજપને કોઈ ફાયદો થયો નહતો અને આજે અમરિંદર સિંહ ભૂલાઈ ગયા છે. અમરિંદર સિંહને બદલે રાહુલ ગાંધીએ ચન્નીને પંજાબના મુખ્યમંત્રી બનાવ્યા હતા. હવે આ ચન્ની જ રાહુલ ગાંધીને આંખો બતાવે છે.

કર્ણાટકમાં કોંગ્રેસ સરકારે ૫૨ ફોજદારી કેસો પરત ખેંચવાનો નિર્ણય કર્યો હતો. હાઈકોર્ટે આ નિર્ણય પર સ્ટે આપ્યો છે. આ કેસોમાં ૨૦૨૨માં આલંદમાં થયેલા કોમવાદી હુલ્લડોનો કેસ પણ સામેલ છે. કોર્ટને લાગ્યું છે કે સરકારે આ કેસને પરત લેવાની કાર્યવાહીમાં કાયદાકીય નિયમોનું પાલન કર્યું નથી. આ કારણે હાઈકોર્ટે કેબિનેટના નિર્ણયને હવે પછીની સુનાવણી સુધી અટકાવી દીધો છે. આ નિર્ણય પછી રાજ્યમાં કોંગ્રેસ અને ભાજપ વચ્ચે ટકરાવ ઉભો થયો છે. જે કેસો પરત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે એમાં ખેડૂતો, કન્નડ સંગઠનના કાર્યકર્તાઓ અને બીજા દેખાવકારો વિરુદ્ધ થયેલા કેસોનો સમાવેશ પણ થાય છે. હાઈકોર્ટે ગીરીશ ભારદ્વાજ વિરુદ્ધ કર્ણાટક સરકાર કેસમાં સુનાવણી દરમિયાન કહ્યું હતું કે, પહેલી નજરે એમ લાગે છે કે સરકારે સીઆરપીસીની કલમ ૩૨૧નો ઉપયોગ યોગ્ય રીતે નથી કર્યો.

ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણી નજીક છે ત્યારે વિરોધ પક્ષો અયોધ્યા શ્રી રામ જન્મભૂમિ મંદિરની દાણચોરીના વિવાદનો ભરપૂર ઉપયોગ કરી રહ્યા છે. સમાજવાદી પાર્ટી આ મુદ્દે યુટર્ન લેતી દેખાય છે. રામ મંદિર આંદોલન વખતે જ્યારે સમાજવાદી પાર્ટી સત્તામાં હતી ત્યારે કારસેવકો પર ગોળીબાર કરવાથી મોટો વિવાદ થયો હતો. આ પ્રસંગ પછી ભાજપએ રામ મંદિર આંદોલનને રાજકીય મુદ્દો બનાવ્યો હતો. હવે સમય બદલાયો છે. સમાજવાદી પાર્ટી ચૂંટણી ઢંઢેરામાં રામ મંદિર ચઢાવામાં થેયલી ગરબડ માટે જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાનો મુદ્દો ઉમેરવાની છે. હવે સમાજવાદી પાર્ટી અયોધ્યાને સીયારામ ધામ તરીકે વિકસીત કરવાની જાહેરાત કરશે. મતલબ કે સમાજવાદી પાર્ટી હવે હિન્દુ મતદારોને ખુશ કરવા માટે સોફ્ટ હિન્દુત્વનો ઉપયોગ કરશે એમ લાગી રહ્યું છે. ભાજપ પ્રમુખ બન્યા પછી નિતિન નવીન પહેલી વખત ઉત્તર પ્રદેશમાં બે દિવસની મુલાકાતે જઈ રહ્યા છે.

**તે એક પ્રાકૃતિક કોષિકાઓની જેમ પોતાની જાતને જ રેપ્લિકેટ કરીને ક્લોનિંગ કરી શકે છે. સંશોધકોએ એવું પણ નોંધ્યું હતું કે આ કોશિકા કુદરતી કોષની જેમ પોતાના કાર્યોમાં મજબૂત, ઝડપી અને સારી કામગીરી કરી શકતો નથી : રસાયણ વિજ્ઞાને પણ એવી જ બાબતોનું પૂનરાવર્તન કર્યું છે જે માત્ર જીવવિજ્ઞાનમાં શક્ય હતું. એક કોશિકાના વ્યવહારોનો સમગ્ર સેટ. આ બાબત સાબિત કરે છે કે જીવનના સૌથી મૌલિક કાર્યો જેમાં વિકાસ અને પ્રતિકૃતિ માટે કોઈ રહસ્યમયી કે જાદુઈ બાબતની જરૂર નથી. યોગ્ય સમીકરણો દ્વારા તે શક્ય બને છે**

# દુનિયાનો પહેલો માનવનિર્મિત કોષ : જાતે જ ખાશે અને પ્રજનન કરી વધશે

## જાણકારોના મતે આ માંસના ટુકડા જેવો દેખાતો કોષ એક કુદરતી કોશિકાઓ જેવું જ કાર્ય કરે છે. તે ખાઈ શકે છે, તેનું કદ વધી શકે છે

તે એક પ્રાકૃતિક કોષિકાઓની જેમ પોતાની જાતને જ રેપ્લિકેટ કરીને ક્લોનિંગ કરી શકે છે. સંશોધકોએ એવું પણ નોંધ્યું હતું કે આ કોશિકા કુદરતી કોષની જેમ પોતાના કાર્યોમાં મજબૂત, ઝડપી અને સારી કામગીરી કરી શકતો નથી : રસાયણ વિજ્ઞાને પણ એવી જ બાબતોનું પૂનરાવર્તન કર્યું છે જે માત્ર જીવવિજ્ઞાનમાં શક્ય હતું. એક કોશિકાના વ્યવહારોનો સમગ્ર સેટ. આ બાબત સાબિત કરે છે કે જીવનના સૌથી મૌલિક કાર્યો જેમાં વિકાસ અને પ્રતિકૃતિ માટે કોઈ રહસ્યમયી કે જાદુઈ બાબતની જરૂર નથી. યોગ્ય સમીકરણો દ્વારા તે શક્ય બને છે : સંશોધકોનું માનવું છે કે, સ્પડસેલ જેવી સિંથેટિક કોશિકાઓ જીવવના એવા તબક્કા વિશે અને એવી બાબતો વિશે જણાવે છે જે આજદિન સુધી સમજાઈ નથી. ખાસ કરીને એવો મહત્ત્વનો મુદ્દો કે જીવનના લઘુત્તમ સ્વરૂપ માટે કેટલાક જિનની આવશક્યતા છે

આર્ટિફિશિયલ ઓર્ગન વિકસાવવા માટે દુનિયાભરના સંશોધકો દ્વારા દાયકોથી મહેનત કરવામાં આવી રહી છે પણ તેમાં કોઈને ધારી સફળતા મળી નથી. સંશોધકો દ્વારા સતત આવા કોષ વિકસાવવા મહેનત કરવામાં આવે છે. તાજેતરમાં મિનિસોટા યુનિવર્સિટીના સંશોધકોને એક એવી સફળતા મળી છે જેણે આ દિશામાં લોકોનો આશાવાદ વધારી દીધો છે. સંશોધકો દ્વારા પાણીના એક નાનકડા ટીપા જેવા એક સજીવ કોષનું સર્જન કરવામાં આવ્યું છે. નાનકડા સ્કેચમાંથી જીવિત કોષ બનાવવા સુધી તેઓ પહોંચી ગયા છે.

ઉલ્લેખનીય છે કે, યુનિવર્સિટીના સંશોધકોએ એવો કોષ વિકસાવ્યો છે જે પૂર્ણ સમગ્ર ચક્રને પૂરું કરવામાં સક્ષમ છે. આ દુનિયાનો પહેલો સિન્થેટિક એટલે કે કૃત્રિમ કોષ છે. સંશોધકોએ તેને સ્પડસેલ નામ આપ્યું છે. આ એવો કોષ છે જે જાતે વધે છે, પોતાના ડીએનએની નકલ કરીને નવા ભાગનું સર્જન કરે છે. તે ભોજન ગ્રહણ કરી શકે છે અને વિભાજિત થઈને પ્રજનન દ્વારા નવી પેઢીનું સર્જન કરી શકે છે અને તેને પણ જેનેટિક મટિરિયલ સપ્લાય કરી શકે છે. આ પહેલાં ઘણી વખત આવા પ્રયોગો થયા છે પણ તેમાં બાયોલોજિકલ ફંક્શનની નકલ કરવામાં આવી હતી. આ વખતે સ્પડસેલ દ્વારા જીવનચક્રનું જે એન્જિનિયરિંગ છે તે સિસ્ટમ રજૂ કરાઈ છે. તેણે સંપૂર્ણ જીવનચક્ર પૂરું કરીને સંશોધકોને આશ્ચર્યમાં મુકી દીધા છે.

બટાટા જેવા દેખાતા સ્પડસેલ મિનેસોટા યુનિવર્સિટીના સંશોધકો દ્વારા તૈયાર કરાયેલો એક જૈવિક કોષ છે. મિનેસોટા યુનિવર્સિટીના સિંથેટિક બાયોલોજિસ્ટ અને પ્રોફેસર તથા આ યોજનાના નેતા કેટ અડામાલાએ જણાવ્યું કે, સ્પડસેલને નિર્જીવ રાસાયણીક ઘટકોના એક-એક ટૂકડાને જોડીને તૈયાર કરવામાં આવ્યો છે. અડામાલાનો દાવો છે કે, તેમને દરેકે દરેક કોશિકાઓની સામગ્રીનો ખ્યાલ છે. તેમને એ પણ ખબર છે કે, કયા કોન્સ્ટ્રેશનમાં કયા કેમિકલ્સ છે અને કયા અણુઓ છે. તેઓ તેને સમગ્ર રીતે પરિભાષિત કરી શકે છે અને તેના દ્વારા જ કોષનું એન્જિનિયરિંગ પણ કરી શકે છે.

જાણકારોના મતે આ માંસના ટુકડા જેવો દેખાતો કોષ એક કુદરતી કોશિકાઓ જેવું જ કાર્ય કરે છે. તે ખાઈ શકે છે, તેનું કદ વધી શકે છે. તે એક પ્રાકૃતિક કોષિકાઓની જેમ પોતાની જાતને જ રેપ્લિકેટ કરીને ક્લોનિંગ કરી શકે છે. સંશોધકોએ એવું પણ નોંધ્યું હતું કે આ કોશિકા કુદરતી કોષની જેમ પોતાના કાર્યોમાં મજબૂત, ઝડપી અને સારી કામગીરી કરી શકતો નથી તેમ છતાં સૈદ્ધાંતિક રીતે આ કોશ એવી કામગીરીનું પ્રમાણ છે જેમાં અણુ એ કોષને ફરી બનાવી શકે છે જેને આપણે માત્ર કુદરતી કોષમાં જ બનતા જોયા હતા. બાયોટેક્નોલોજીમાં હવે જો નેક્સ્ટ લેવલ ઉપર જવું હશે તો આપણે તેના દરેક ઘટકોને સમજવા પડશે અને તેમાં થતા ફરેફારોને પણ આપણે સમજવા અને નોંધવા પડશે.



શોધક અડામાલાએ સમગ્ર ટીમના નામ ઉપરથી આ કોષનું નામ રાખવાની ઓફર કરી હતી પણ તે શક્ય બનતું નહોતું. ત્યારબાદ તેને બટાટાનું જ નામ આપવાની પણ ઓફર મુકવામાં આવી હતી. તેને પોટેટો કહેવું જોઈએ. ત્યારબાદ પોતાના મૂળ પોલેન્ડની સાથે આ સંશોધનને જોડવા માટે તેમણ પોલિસ નામ શોધી કાઢ્યું. તેણે સ્પડસેલ એવું નામ આપ્યું. પોલિસ ભાષામાં સ્પડસેલ એટલે બટાટા જ થાય છે. આ ઉપરાંત ૧૯૫૦માં રશિયન ઉપગ્રહ સ્પુતનિક લોન્ચ કરવામાં આવ્યો હતો તેનો પણ સંદર્ભ લેવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, સંશોધકોએ આ પહેલાના પ્રયાસોમાં કુદરતી કોશિકાઓને મોડિફાઈ કરી હતી. આ વખતે સંશોધકોએ તેનાથી તદ્દન વિપરિત પગલું લીધું હતું. તેમણે સિંથેટિક કોશિકાઓને શરૂઆતથી જ તૈયાર કરી હતી. તેમણે લિપોસોમ નામના પાણીના નાનકડા ક્ષેત્રથી શરૂઆત કરી હતી જે એક મિલીમીટરના કંઈક હજારમા ભાગ કરતા પણ નાનુ હતું. તેમાં પાયાગત કામગીરી શરૂ થાય તે માટે તેમાં અત્યંત ઓછી માત્રામાં સિંથેટિક ડીએનએ જોડવામાં આવ્યા હતા. ત્યારબાદ આ સિંથેટિક કોશિકાઓ પ્રોટિન બનાવવા માટે જરૂરી અણુઓ, એન્ઝાઈમ્સ અને રાઈબોસોમવાળા નાના ફીડર લિપોસોમની સાથે જોડાઈને સંસાધનો વિકસાવે છે. જેમ જેમ તે વધે છે તેમ તેમ નવા સેલ્સમાં વિભાજિત થવા પહેલાં તે પોતાના જીનોમની નકલ બનાવે છે.

સંશોધકોએ આ સિંથેટિક સિસ્ટમની અંદર નેચરલ સિલેક્શન પ્રોસેસ પણ બતાવી છે. એક આનુવંશિક ફેરફાર કર્યા બાદ તેણે એક ફ્યૂઝન પ્રોટીનનું ઉત્પાદન વધારી દીધું, સુધારા ધરાવતી કોશિકાઓ ઝડપથી વધી અને તેમણે વધુ ઓફસ્પ્રિંગનું સર્જન કર્યું હતું. કેટલાક સંશોધકો જણાવે છે કે, પાંચ પેઢીયો પછી ઝડપથી બદલાતી કોશિકાઓએ મૂળ કોષની વસતીને પાછળ છોડી દીધી છે અને પોષક તત્ત્વો સિમિત હોવાના કારણે આ લાભ વધારે પણ મળ્યો છે. તેઓ માને છે કે, રસાયણ વિજ્ઞાને પણ એવી જ બાબતોનું પૂનરાવર્તન કર્યું છે જે માત્ર જીવવિજ્ઞાનમાં શક્ય હતું. એક કોશિકાના વ્યવહારોનો સમગ્ર સેટ. આ બાબત સાબિત કરે છે કે જીવનના સૌથી મૌલિક કાર્યો જેમાં વિકાસ અને પ્રતિકૃતિ માટે કોઈ રહસ્યમયી કે જાદુઈ બાબતની જરૂર નથી. યોગ્ય સમીકરણો દ્વારા તે શક્ય બને છે.

ખાસ વાત એ છે કે, આ સ્પડસેલની કેટલીક મર્યાદાઓ પણ છે. તે સંપૂર્ણ રીતે જીવીત કોશિકાઓ જેવું કામ કરી શકતી નથી. તેને જીવીત કોષ પણ કહી શકાય નહીં. તે પોતાના માટે રાઈબોસોમ બનાવી શકતી નથી, જે પ્રોટીન બનાવનારી કુદરતી કોશિકાઓનો મુખ્ય ભાગ હોય છે. તે ઉપરાંત આ ઈકોલાઈ રાઈબોસોમનો ઉપયોગ કરે છે જે તેને ભોજન દ્વારા આપવામાં આવે છે. તે બાહ્ય સપ્લાય છે. વાત એવી પણ છે કે, હજી તો આ શરૂઆત છે. આ એક માળખું છે જેના દ્વારા આગળ મોટું નિર્માણ થવાની શક્યતાઓ ને આશા રહેલા છે. આ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે કે, આપણે વાસ્તવિક પરિસ્થિતિમાં તેનું કેવી રીતે નિર્માણ કરી શકીએ તેના વિશે પણ વિચાર થવો જોઈએ. ઘણા સંશોધકો દ્વારા સ્પડસેલ વિકસિત કરવા માટે બાયોટિક નામની સંસ્થા શરૂ કરી રહ્યા છે. તેના દ્વારા તેઓ જીવન માટે બાયોકેમિસ્ટ્રી માટે એક ઓપરેટિંગ સિસ્ટમ તૈયાર કરવા માગે છે જે નવા ભવિષ્યની કલ્પનાને સાકાર કરવામાં મદદ કરશે.

જાણકારોના મતે સ્પડસેલનું નિર્માણ ઘણા લાંબા સમયથી ચાલતા પ્રયાસોનું પરિણામ છે. સંશોધકો દ્વારા માનવીય સમસ્યાઓના ઉકેલ માટે કુદરતી કોશિકાઓને બાયોએન્જિનિયરિંગ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ સંશોધન દ્વારા એટલું તો સિદ્ધ થઈ ગયું છે કે, કોશિકાઓ જ જીવનનો મૂળભૂત આધાર છે. તે માનવજીવનના રહસ્યોને સાચવી રાખે છે. તે ખૂબ જ જટિલ પણ છે. માણસોના શરીરમાં ૩૭ ટ્રિલિયન કોશિકાઓ હોય છે અને આજ સુધી કોઈ સમજી નથી શક્યું કે દરેક કોશિકાઓ એકબીજાથી કેવી રીતે અલગ હોય છે, તેમાં હોય છે શું અને તે કેવી રીતે કામ કરે છે. ઘણા સંશોધકો માને છે કે, સ્પડસેલનું નિર્માણ સામાન્ય છે. બીજી તરફ કેટલાક જણાવે છે કે, એક સિંથેટિક કોશિકા બનાવવાથી આપણને જીવનની સૌથી સચોટ અને નાનકડી જરૂરિયાતોને સમજવામાં મદદ મળે છે. આ સિવાય રસાયણ વિજ્ઞાન થકી કેવી રીતે જીવનનો ઉદય થયો તે પણ સમજાય. થોડા સમય પહેલાં ન્યૂયોર્ક ટાઈમ્સે પણ જણાવ્યું હતું કે, અત્યાર સુધી સંશોધકનો આટલી બધી ભૂમિકા નિભાવી શકે તેવી કોશિકાઓ મળતી જ નહોતી. હવે આપણે એવી કેમેસ્ટ્રીની રચના કરી શકીએ છીએ જેના વિશે અત્યાર સુધી વિચાર પણ આવતો નહોતો અને તેમાં મુશ્કેલી પણ ઘણી પડતી હતી. સંશોધકોનું માનવું છે કે, સ્પડસેલ જેવી સિંથેટિક કોશિકાઓ જીવવના એવા તબક્કા વિશે અને એવી બાબતો વિશે જણાવે છે જે આજદિન સુધી સમજાઈ નથી. ખાસ કરીને એવો મહત્ત્વનો મુદ્દો કે જીવનના લઘુત્તમ સ્વરૂપ માટે કેટલાક જિનની આવશક્યતા છે. જાણકારોને એવી પણ આશા છે કે, સિંથેટિક કોશિકાઓના એન્જિનિયરિંગ કરીને તેઓ એવા અખતરા કરી શકે છે જેને કુદરતી કોશિકાઓ પણ કરી શકતી નથી. હાલમાં એવી આશા છે કે, સિંથેટિક કોશિકાઓને એન્જિનિયર કરવામાં આવે તો તે એવા કામ કરી શકે છે જે કુદરતી કોશિકાઓ કરી શકતી નથી. દાખલા તરીકે નવા પ્રકારની દવા બનાવવી કે પછી વાયુમંડળમાંથી મોટા જથ્થામાં કાર્બન ડાયોક્સાઈડ શોષી લેવો વગેરે. થોડા સમય પહેલાં એક અહેવાલમાં પણ જણાવાયું હતું કે, બાયોએન્જિનિયરિંગ કરવામાં આવેલા સ્પડસેલ્સ પ્રોટીનની એક વિશાળ શ્રૃંખલા તૈયાર કરી શકે છે જેના સર્જન માટે કુદરતી કોશિકાઓને સજ્જ કરી શકાતી જ નથી. તેમાં પરિવર્તન લાવી શકાતું જ નથી. આવા આર્ટિફિશિયલ કોષો અને તેના એન્જિનિયરિંગ દ્વારા રોકેટ ફ્યૂઅલ જેવા ઝેરી રસાયણોનું પણ સર્જન કરી શકાય તેમ છે.

# "સર્જનથી શાંતિ સુધીનો શુભ માર્ગ ચારદિશા, ચારવેદ, એક કેન્દ્ર જ્યાં બ્રહ્માંડ અને મન બંને મિલન મળે એટલે સ્વસ્તિક સાથિયો"



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આજે આપણે ચિંતનાત્મક લેખમાં સ્વસ્તિક સાથિયાના આ મંત્રથી સ્વસ્તિક સાથિયાનું મહત્વ જાણવા પ્રયત્ન કરીએ.

ૐ સ્વસ્તિ ન ઈન્દ્રો વૃદ્ધશ્રવાઃ। સ્વસ્તિ નઃ પૂષા વિશ્વવેદાઃ। સ્વસ્તિ નસ્તાર્ક્ષ્યો અરિષ્ટનેમિઃ। સ્વસ્તિનો બૃહસ્પતિર્દધાતુ॥

જ્યારે આપણે કોઈ નવા કામની શરૂઆત કરીએ છીએ,ત્યારે હાથ આપોઆપ કુમકુમથી ચોઘડિયે સ્વસ્તિક દોરવા જાય છે.એક નાની રેખા,ચાર ખૂણા અને એક કેન્દ્ર.. પણ આ નાનકડા ચિહ્નમાં હજારો વર્ષનું જ્ઞાન, વિજ્ઞાન અને ભક્તિ સમાયેલા છે

સ્વસ્તિક માત્ર એક ધાર્મિક નિશાની નથી.તે આપણી સંસ્કૃતિનો શ્વાસ છે. તે દિશા બતાવે છે, સમય બતાવે છે, જીવનના તબક્કા બતાવે છે અને સૌથી અગત્યનું, તે આપણને યાદ અપાવે છે કે 'સુ' એટલે શુભ અને 'અસ્તિ' એટલે હોવું. એટલે કે જ્યાં સ્વસ્તિક છે, ત્યાં શુભતા અવશ્ય હશે. આપણે સ્વસ્તિકના શાબ્દિક અર્થથી લઈને વેદ,પુરાણ,વાસ્તુ,વિજ્ઞાન અને વિશ્વભરના ઈતિહાસ સુધી ની તેની યાત્રા કરીશું.હેતુ એક જ છેઆ પવિત્ર પ્રતીક પ્રત્યેનું સન્માન વધે અને આપણે તેને માત્ર રિવાજ તરીકે નહીં, પણ ચિંતન તરીકે જીવીએ.શબ્દ અને સ્વરૂપ:શુભતાનું ગણિતસ્વસ્તિક શબ્દ સંસ્કૃતના બે શબ્દો 'સુ'+ 'અસ્તિ'થી બન્યો છે.'સુ' એટલે સારું,શુભ અને 'અસ્તિ' એટલે હોવું,અસ્તિત્વ. આમ સ્વસ્તિકનો મૂળભૂત અર્થ થાય 'શુભ હો' અથવા 'સુખ હો'. તેના સ્વરૂપમાં ચાર સમાન લંબાઈની ભુજાઓ હોય છે જે જમણી તરફ વળેલી હોય છે. આ ચાર ભુજાઓને અનેક રીતે સમજવામાં આવે છે

*ચાર દિશા પૂર્વ,પશ્ચિમ,ઉત્તર, દક્ષિણ.એટલે કે સ્વસ્તિક આપણને યાદ અપાવે છે કે ઈશ્વર સર્વવ્યાપી છે.*ચાર વેદ ઋગ્વેદ,યજુર્વેદ, સામવેદ,અથર્વ વેદ. જ્ઞાનના ચાર સ્તંભ.

*ચાર પુરુષાર્થ ધર્મ, અર્થ, કામ, મોક્ષ. માનવ જીવનના ચાર લક્ષ્ય.

*ચાર આશ્રમ બ્રહ્મચર્ય,ગૃહસ્થ, વાનપ્રસ્થ, સન્યાસ. જીવનના ચાર તબક્કા.

*ચાર દેવબ્રહ્મા સર્જન,વિષ્ણુ - પાલન, શિવ સંહાર અને ગણેશ વિઘ્નનાશક.

કેન્દ્રનો બિંદુ સૌથી મહત્વનો છે. કેટલીક માન્યતા મુજબ જો ચાર ભુજા બ્રહ્માના ચાર મુખ છે, તો કેન્દ્ર એ વિષ્ણુની નાભિ છે જ્યાંથી સર્જનની શરૂઆત થઈ. વૈજ્ઞાનિક દૃષ્ટિએ તે એક ધરીમાં થી સમગ્ર બ્રહ્માંડના વિસ્તરણનું પ્રતીક પણ છે. સ્વસ્તિકની ભુજાઓ ઘડિયાળ ની દિશામાં ફરે છે.આ ગતિ બ્રહ્માંડની સ્વાભાવિક ગતિ, ઋતુચક્ર અને સમયચક્રનું પ્રતીક છે. જો આ ચાર ભુજાઓની આસપાસ વર્તુળ દોરવામાં આવે તો તે સૂર્ય ભગવાનનું સ્વરૂપ બને છે. સૂર્ય જેમ પોતાના પ્રકાશથી સમગ્ર સૃષ્ટિને જીવંત રાખે છે, તેમ સ્વસ્તિક પણ ઘરમાં સકારાત્મક ઉર્જાનો પ્રકાશ ફેલાવે છે.આથી જ પ્રાચીન સમયથી સૂર્ય ઉપાસનાનો સંબંધ સ્વસ્તિક સાથે જોડાયેલો છે. હડપ્પા સંસ્કૃતિના ખોદકામમાં મળેલા વાસણો અને મહોરો પર પણ સ્વસ્તિકના નિશાન મળે છે. તે સમયના લોકો પણ સૂર્યને જીવનદાતા માનતા હતા.

સ્વસ્તિકની મહત્તા માત્ર હિન્દુ ધર્મ પૂરતી સીમિત નથી.

*બૌદ્ધ ધર્મમાં સ્વસ્તિકને 'વાનજી' કહેવાય છે.તે ભગવાન બુદ્ધના પદચિહ્ન, હૃદય, હથેળી અને છાતી પરનું શુભ ચિહ્ન માનવામાં આવે છે. તે કરુણા અને ધર્મચક્રની ગતિનું પ્રતીક છે.

*જૈન ધર્મમાં તો સ્વસ્તિકનું સ્થાન હિન્દુ ધર્મ કરતાં પણ વિશેષ છે. તે સાતમા તીર્થંકર ભગવાન સુપાર્શ્વનાથનું પ્રતીક છે શ્વેતાંબર પરંપરામાં સ્વસ્તિકને અષ્ટમંગળમાં સ્થાન મળ્યું છે. દિવાળી અને અન્ય પર્વોમાં જૈન ઘરોના ઉંબરે ચોખા અને કુમકુમ થી સ્વસ્તિક અવશ્ય બનાવવામાં આવે છે.આ બતાવે છે કે સ્વસ્તિક માનવ સંસ્કૃતિનું સાર્વત્રિક ચિહ્ન છે જે શાંતિ, સમૃદ્ધિ અને સદભાવનો સંદેશ આપે છે. વિશ્વભરમાં સ્વસ્તિક અને તેનો દુરુપયોગ સ્વસ્તિકનું મૂળ ભારત માં હોવા છતાં તે સમગ્ર વિશ્વમાં મળે છે. પ્રાચીન ગ્રીસ,રોમ,બાલ્ટિક પ્રદેશ,યુક્રેન ના પંદર વર્ષ જૂના સંગ્રહાલયોમાં પણ સ્વસ્તિક જેવા ચિહ્નો મળ્યા છે.પર્શિયાના ઝેંદ અવેસ્તામાંપણ સૂર્યપૂજા અને સ્વસ્તિકનો ઉલ્લેખ છે.

પરંતુ વીસમી સદીમાં જર્મનીમાં નાઝીઓએ ૧૯૩૫ની આસપાસ સ્વસ્તિકને પોતાના ધ્વજ પર અપનાવ્યું.તેમણે તેને સફેદ વર્તુળમાં ૪૫ ડિગ્રી ત્રાંસા કાળા ક્રોસ તરીકે વાપર્યું.તેમનો હેતુ હિન્દુ આધ્યાત્મિકતા નહીં,પણ 'આર્ય જાતિ'ના વર્ચસ્વનોપ્રચાર હતો. પ્રથમ વિશ્વયુદ્ધમાં અમેરિકન આર્મી અને ૧૯૩૯ સુધી બ્રિટિશ રોયલ એરફોર્સે પણ સારા નસીબના પ્રતીક તરીકે સ્વસ્તિકનો ઉપયોગ કર્યો હતો.

યહૂદીઓના નરસંહાર પછી આ પવિત્ર ચિહ્નને નફરત અને યુદ્ધ સાથે જોડી દેવામાં આવ્યું. ૧૯૪૫ પછી જર્મનીમાં તેના પર પ્રતિબંધ મુકાયો અને ૨૦૦૭માં યુરોપમાં પણ પ્રતિબંધનો પ્રયાસ થયો.આ એક દુઃખદ પ્રકરણ છે, કારણ કે હજારો વર્ષથી શુભતા નું પ્રતીક રહેલું ચિહ્ન થોડા વર્ષના દુરુપયોગથી બદનામ થયું. આપણે આ તફાવત સમજવો જરૂરી છે.મૂળ સ્વસ્તિક શાંતિનું પ્રતીક છે,નફરતનું નહીં. લાલરંગ નું મહત્વ સ્વસ્તિક હંમેશા લાલ કુમકુમ,રોળી અથવા સિંદૂરથી જ કેમ દોરાય છે?

ભારતીય સંસ્કૃતિમાં લાલ રંગ શક્તિ,બહાદુરી અને વિજયનું પ્રતીક છે.તે મંગળ ગ્રહનો રંગ છે જે હિંમત અને ઊર્જા આપે છે. વૈજ્ઞાનિક રીતે પણ લાલ રંગ મન અને શરીરને તરત પ્રભાવિત કરે છે.તે ઉત્તેજના અને સજાગતા વધારે છે.

આથી જ શુભ કાર્યમાં લાલ સ્વસ્તિક દોરવાથી વાતાવરણમાં સકારાત્મકતા આવે છે અને નકારાત્મક શક્તિઓ દૂર થાય છે.કેટલીક જગ્યાએ પીળા હળદરના સ્વસ્તિકનો પણ ઉપયોગ થાય છે જે શાંતિ અને જ્ઞાનનું પ્રતીક છે. સ્વસ્તિક અને વાસ્તુ ઘરમાં સુખ ના નવ ઉપાય વાસ્તુશાસ્ત્રમાં સ્વસ્તિકને સૌથી શક્તિશાળી યંત્ર માનવામાં આવે છે કારણ કે તે ચારે દિશામાં સમાન છે.

*વાસ્તુ દોષ નિવારણ મુખ્ય દરવાજાની બંને બાજુ અષ્ટધાતુ નું અને ઉપર તાંબાનું સ્વસ્તિક લગાવો.નવ આંગળીનું સિંદૂરનું સ્વસ્તિક નકારાત્મક ઉર્જાને સકારાત્મકમાં બદલે છે.

*પૂજા માટે પૂજા સ્થાન પર પંચધાતુનું સ્વસ્તિક પ્રાણ પ્રતિષ્ઠા કરીને લગાવવાથી દેવો જલ્દી પ્રસન્ન થાય છે. દેવની મૂર્તિ સ્વસ્તિક પર રાખવાથી પૂજાનું ફળ વધે છે.

*વ્યવસાય વૃદ્ધિ સાત ગુરુવાર સુધી ઈશાન ખૂણાને ગંગાજળ થી ધોઈને હળદરનું સ્વસ્તિક દોરો અને ગોળનો ભોગ ધરાવો. ઉત્તર દિશામાં હળદરનું સ્વસ્તિક દોરવાથી ધનવૃદ્ધિ થાય છે.

# ભગવત્ ગીતાનો સાતમો અધ્યાય કે જે જ્ઞાન, વિજ્ઞાન અને યોગ પ્રેરક છે! એનો બોધ શું છે?



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ યોગને બહુ પ્રભાવક પરિબળ તરીકે બતાવે છે! યોગ શબ્દનો સીધોસાદો અર્થ જોડાવું એવો થાય છે, અને આપણે જોડાઈ પણ ગયા પરંતુ યોગની રીતે નહીં ભોગની રીતે!; અને ભોગ સાથે એવાં જોડાયાં કે આજુબાજુ ઉપરનીચે બધે એણે એ જ શોધ્યું! અરે અંતરીક્ષમાં ગયા તો ત્યાં પણ જીવન છે, ખોરાક છે, જે તે સંભવિત ગ્રહ પર કેટલું જોખમ છે! અને કેટલું નથી! એ બધું ભલે જરુરી છે! પણ ત્યાં આધ્યાત્મિક વાતાવરણ કેવુ છે! શું ત્યાં પરમ તત્વને વધુ અનુભવી શકાય એમ છે! એ વિશે કોઈ માહિતી નથી!; ભારતીય સંસ્કૃતિમાં તો આપણે ઈશ્વર માટે ઉપર વાળો એવું સંબોધન કરીએ છીએ! એ હિસાબે આકાશ ગંગામાં તરતાં આ ગ્રહોમાં પરમ તત્વની અનુભૂતિ સ્વાભાવિક રીતે વધુ થવાની સંભાવના છે! જુદા જુદા વ્યંજનોની અસર અને સ્વાદમાં કોઈ ફેર છે કે નહીં! ઈન્દ્રિયોની અસરકારકતા પૃથ્વી જેટલી જ છે કે વધુ ઓછી! ખડક ધાતુંઓ વગેરેનું પરિક્ષણ પણ થયું! સોના ચાંદી અને હીરા જેવી કિંમતી વસ્તુઓ ત્યાં ઉપલબ્ધ છે કે નહીં? પરંતુ પરમેશ્વર સાથે સતત જોડાયેલા રહેવું, એવું માનવી માટે હવે જરુરી નથી રહ્યું, અને એટલે ધર્મની ગ્લાનિ થઈ રહી છે! આપણી આજની પેઢી પરંપરા પર ઉપહાસ કરે છે! કોણ રામ? જેણે પોતાની પત્ની સીતાને એક ધોબીનાં કહેવાથી વનવાસ આપ્યો? કોણ કૃષ્ણ? જેને રાધાને છોડીને બીજી 1608 રાણીઓ હતી! અને છતાં અમર પ્રેમની વાતે રાધાને યાદ કરાય છે! આપણાં જ ધર્મ પર આપણને સંશય થાય ત્યારે સમજવું કે આપણો જન્મ નિષ્ફળ ગયો, એટલી હદે આપણે પરમ તત્વથી વિમુખ થઈ ગયાં છે. માટે જ આજે મંગળવારે મનુષ્ય જન્મને સફળ બનાવવાં ગીતાનાં સાતમા અધ્યાયનાં પ્રથમ શ્લોક પર ચિંતન કરીશું. શ્રીભગવાનુવાચ: મય્યાસક્તમનાઃ પાર્થ યોગં યુઞ્જન્મદાશ્રયઃ। અસંશયં સમગ્રં માં યથા જ્ઞાસ્યસિ તચ્છૃણુ॥ ૧ હે પાર્થ ! મારામાં મનને જોડીને, મારો આશ્રય લઈને યોગનો અભ્યાસ કર. પછી તું મને સંપૂર્ણ રીતે અને કોઈપણ સંશય વિના કેવી રીતે જાણી શકીશ, તે હવે ધ્યાનથી સાંભળ.

**મય્યાસક્તમનાઃ'મયિ + આસક્ત + મનાઃ એટલે કે મારાં માં તારું મન આસક્ત થાય, કે તારું મન સંપૂર્ણપણે પરમાત્મામાં આસક્ત રહે અથવા સ્થિર કરવું. જ્યારે મન વિષયોમાંથી હટી ભગવાન તરફ વળે છે, ત્યારે આંતરિક શાંતિ પ્રાપ્ત થાય છે. મનુષ્ય જીવન નવ રસ શ્રૃંગાર, હાસ્ય,કરુણ,રૌદ્ર વીર, ભયાનક, બીભત્સ,અદ્ભુત અને શાંત રસની આસપાસ ભમતું હોય છે! એટલે કે મન પરિસ્થિતિ મુજબ આ બધાં ભાવોને અનુભવી અને પ્રતિક્રિયા આપ છે, અને મનને શાંતિની તલાશ રહે છે. પરંતુ આપણું મન જ્યાં સુધી દુન્યવી વ્યવહારમાં અટવાયેલું હશે ત્યાં સુધી એને સુખ એજ શાંતિ છે, એવો ભ્રમ થાય છે, અને એટલે જ એ ક્ષણિક સુખ માટે જીંદગી ખર્ચી નાખે છે! પણ શાંતિ મેળવી શકતો નથી! માટે ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે તારાં મનને તું મારામાં પરોવી દે!; પૂર્ણ શરણાગતિની અહીં વાત છે! છે એકદમ સહેલું, કંઈજ કરવાનું નથી, પરંતુ આપણી અસ્થિર બુદ્ધિ, કે અભિમાનને કારણે શરણાગતિ ખાલી કહેવાની જ હોય, મન પરમ તત્વમાં પરોવી શકાતું નથી.

**'યુઞ્જન્મદાશ્રય' યુઞ્જન + મત્ + આશ્રય એટલે કે મારો આશ્રય લઈને અથવા મારો આધાર લઈને યોગમાં પ્રવૃત થવું. પરમ તત્વને પામવાનાં કોઈ સાધન નાં માધ્યમથી સતત સાધના કરવી, જેમકે ધ્યાન, ભક્તિ,નિષ્કામ કર્મ અને આત્મચિંતન દ્વારા પરમની સન્મુખ રહેવું. આ શબદની સંધિ છૂટી પડતાં ફક્ત એક શબ્દ,આશ્રય પકડીએ અને અત્યાર સુધીનું જીવન ચિંતન કરીએ તો આપણને ખ્યાલ આવશે કે ખોટાનો આશ્રય કર્યો! એટલે જીવનની ગતિ રુંધાઈ ગઈ. ક્યારેક વસુ, ક્યારેક વસ્તુ, અને ક્યારેક વ્યક્તિથી પ્રભાવિત થવું, અને એનામય થઈ જીવન જીવવું! દુનિયાનો દસ્તુર છે કે જે સાવ સરળતાથી ઉપલબ્ધ હોય, એ એને સસ્તું લાગે! અને એટલે પોતાની અંદરનાં આત્માને કે પરમ તત્વનો જ અંશ છે, એની વિશે વિચાર્યા વગર બહાર ભટકે છે.

**'અસંશયં સમગ્રં માં'એ શબ્દનો અર્થ છે કે પરમાત્માને માત્ર કોઈ એક સ્વરૂપથી નહીં, પરંતુ તેમના સમગ્ર અસ્તિત્વ પ્રેરક તત્ત્વ સગુણ, નિર્ગુણ, સર્વવ્યાપક અને પરમ સત્ય તરીકે ઓળખવું. પરંતુ સંશય શબ્દ એવો છે કે વાસ્તવિક જીવનમાં સંશય પ્રવેશે એટલે પુરું પરંતુ કેટલીય કઠિન પરિસ્થિતિમાં આપણે સાવ હતાશ થઈ જઈએ પણ એ વખતે સમસ્યાનું નિવારણ આપણે ઈચ્છ્યું હોય એની કરતાં વધુ સારી રીતે થાય, અને આપણને પરમાત્મા હોવાની પ્રતીતિ થાય, પણ વળી દુઃખનાં દહાડા ઓસડ એમ, આ પ્રતિતીની વિસ્મૃતિ થાય, અને વળી પરમ તત્વનાં હોવા વિશે સંશય થાય, વળી સમાધાન, આમ જ દિવસો પર દિવસો વિતી જાય છે. આ શ્લોક સમગ્ર સાતમાં અધ્યાયનું પ્રવેશદ્વાર છે. અહીંથી ભગવાન સમજાવે છે કે માત્ર બૌદ્ધિક જ્ઞાન પૂરતું નથી; અનુભવરૂપ વિજ્ઞાન અને ભગવાન પ્રત્યેની અનન્ય ભક્તિ દ્વારા જ પરમ સત્યનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થાય છે.

સદગુરુ કૃપા હજી સુક્ષ્મ સ્તરે ચિંતન કરાવે છે! કે આપણી સામે જ પરમાત્મા હોય એમ પ્રકૃતિ સતત પ્રસાદ પીરસી રહી છે! અને આપણે પરમ તત્વને નથી માનતા એવું પણ નથી! પરંતુ ભોગમાં સમ્યક નથી રહી શકતા! અને તેથી એની નિત્ય પ્રતિતી થતી નથી! એનું કારણ પણ અન્ય કોઈ નથી, આપણે જ છીએ! કારણકે આપણું અંતઃકરણ એટલું શુદ્ધ રહી શકતું નથી. મન બુદ્ધિ, ચિત્ત, અને અહંકાર, આ ચાર પરિબળોથી આ ચતુષ્કોણ બને છે! અને ચતુષ્કોણ માટે જેમ ચાર ખૂણા જરુરી હોય એમ આપણાં અંતઃકરણ માટે પણ આ ચારેય પરિબળ જરુરી છે, અને આ ચારે ખૂણાનાં વચ્ચેનાં પરિસરમાં આત્મા છે! આત્મા એટલે પરમાત્મા અને પરમાત્માનો મૂળ સ્વભાવ શાંતિ છે. પરંતુ આ ચતુષ્કોણનું અસંતુલન આપણને આત્મા એવંમ શાંતિ સુધી પહોંચી શકતાં નથી! અને માટે ભગવત્ ગીતાનો સાતમો અધ્યાય કે જે જ્ઞાન વિજ્ઞાન અને યોગ પ્રેરક છે, એનાં પ્રથમ શ્લોકમાં શ્રીકૃષ્ણ કહે છે, કે જો મનુષ્ય પોતાનું મન ઈશ્વરમાં સ્થિર રાખે, ઈશ્વરનો આશ્રય લે અને નિયમિત સાધના કરે, તો તેને ઈશ્વરનું સાચું જ્ઞાન પ્રાપ્ત થાય છે. પરમ તત્વની અનુભૂતિ કરવાં માટે માત્ર માહિતી કે વાંચન પૂરતું નથી, શ્રદ્ધા, અભ્યાસ અને એકાગ્રતા જરૂરી છે. દૈનિક જીવનમાં તેનો અર્થ એ થાય છે કે, મનને યોગ્ય ધ્યેય સાથે જોડવું. સારા માર્ગદર્શક અને સત્યનો આશ્રય લેવો. નિયમિત અભ્યાસ અને પ્રયત્નથી સાચી સમજ મેળવવી.આધ્યાત્મિક અર્થ કરીએ તો મનની એકાગ્રતા અથવા બુદ્ધિ, ચિત્ત અને અહંકાર જેવા મનને ઉત્તેજિત કરનારા પરિબળ પર અભ્યાસ દ્વારા સ્થિરતા સાધી શકીએ ત્યારે જ ભક્તિ, યોગ અને જ્ઞાન ત્રણેયનો સુંદર સમન્વય દર્શાવે છે.

### ઓઈલપામ ખેતી અપનાવો અને દેશનુ હુંડીયામણ બચાવો

# ચકલાસી ખાતે ખેડુતો માટે મેગા ઓઈલ પામ પ્લાન્ટેશ અવેરનેશ કાર્યક્રમ યોજાયો

## 150 થી વધુ ખેડુતોએ ઓઈલપામની ખેતી વિશે મેળવ્યુ મહત્વપુર્ણ માર્ગદર્શન

**નડિયાદ, તા.06**

ભારતમાં ખાદ્ય તેલ પૈકી પામ ઓઈલનો એક મોટો જથ્થો આયાત કરવામાં આવે છે. ત્યારે ભારતને ઓઈલપામની ખેતીમાં આત્મનિર્ભર બનાવવા નેશનલ મિશન ઓન એડિબલ ઓઈલ એન્ડ પામ ઓઈલ દ્વારા ખેડૂતોને ઓઈલપામની ખેતી કરવા માટે અનેક પ્રોત્સાહક સહાયો આપવામાં આવે છે. ખેડા જિલ્લામાં અત્યારે ૧૧૦ હેક્ટર જમીનમાં ઓઈલપામની ખેતી કરવામાં આવી રહી છે. પામઓઈલની ખેતીના ફાયદા અંગે જિલ્લાના ખેડૂતો વિસ્તૃતરીતે માહિતગાર થાય અને આ ખેતીનો વ્યાપ વિસ્તાર વધે તેવા ઉમદા હેતુ થી નાયબ બાગાયત નિયામકની કચેરી દ્વારા ચકલાસી ગામના શ્રીનાથ કોલ્ડ સ્ટોરેજ ખાતે ખેડૂતો માટે એક મહત્વપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં, ૧૫૦ જેટલા ખેડૂતોએ ઉપસ્થિત રહી ઓઈલપામની ખેતી શરૂ કરવા જરૂરી માહિતી-માર્ગદર્શન મેળવ્યું હતું. આ તકે સાંસદ દેવુંસિંહ ચૌહાણ અને કલેકટર એન.વી. ઉપાધ્યાયે ઉપસ્થિત રહી ઓઈલપામની ખેતી માટે ખેડૂતોને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.




સાંસદ દેવુસિંહ ચૌહાણે પરંપરાગત ખેતીમાં નવાચાર તરીકે ઓઈલપામની ખેતીને શ્રેષ્ઠ વિકલ્પ ગણાવ્યો હતો. પ્રતિદિન ખેતીલાયક જમીનના ઘટતા પ્રમાણ અંગે ચિંતા વ્યક્ત કરતા સાંસદએ ટૂંકી જમીન વાળા ખેડૂતોને કૌટુંબિક સંપ થી ખેતી કરવા અપીલ કરી હતી. દેવુસિંહ ચૌહાણે પરંપરાગત ખેતીમાં નવાચાર અપનાવવા પર ખાસ ભાર મૂક્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે આજે ખેડા જિલ્લામાં પ્રાકૃતિક ખેતી, ગલગોટો, મધ ઉછેર વગેરેના સફળ પ્રયોગોથી ખેડુતો આર્થિક-સામાજીક રીતે સમૃદ્ધ બન્યા છે. ત્યારે ઉપસ્થિત તમામ ખેડૂતોને ઓઈલપામની ખેતી અપનાવવા સાંસદએ અપીલ કરી હતી અને આ અંગે તમામ પ્રકારની મદદ આપવા ખાતરી આપી હતી.

આ તકે ખેડા જિલ્લામાં ઓઈલપામની ખેતી દ્વારા આર્થિક સમૃદ્ધિ હાંસિલ કરનાર નરસંડા ગામના પ્રાકૃતિક ખેડૂત ઉમેશગીરી ગૌસ્વામીએ પોતાની ખેતીના રોચક સ્વ-અનુભવો પ્રગટ કર્યા હતા. શ્રી ઉમેશગીરી આજે ૬.૫ વીઘા જમીનમાં ઓઈલપામની ખેતી કરી વાર્ષિક અંદાજિત ૧૦ થી ૧૨ લાખ રૂપિયાની આવક મેળવી રહ્યા છે. શ્રી ઉમેશગીરીએ વધુમાં ઉમેર્યું હતું કે ઓઈલપામની ખેતીમાં સરકાર દ્વારા પણ વખતો વખત ટેકાના ભાવ જાહેર કરવામાં આવે છે અને બજારભાવ પણ સારો મળી રહે છે. તથા મજૂરી ખર્ચ પણ નહિવત છે.

અહીં પતંજલિ ઓઈલપામ કંપનીના પ્રતિનિધિ ભાનુપ્રતાપસિંહ ઓઈલપામની ખેતીના બજારના વિભિન્ન આયમો વિષે સરળ રજૂઆત કરી હતી તથા આણંદ કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિક પંકજ મહેરીયાએ ઓઈલપામની ખેતી કરતી વખતે ધ્યાનમાં રાખવાની તકેદારીઓની માહિતી આપી હતી. સાથે જ, અપેડાના અધિકારીશ્રી સુબોધ શાહે બાગાયતી પાકની નિકાસ સંભાવના વિશે માહિતી આપી, અને આપણા દેશ દ્વારા અન્ય દેશો પાસેથી ઓઈલપામ માટે થતા આયાત ખર્ચનો પણ ઉલ્લેખ કર્યો હતો.

આ અવસરે નાયબ બાગાયત નિયમક ડો. સ્મિતાબેન પીલ્લાઈ તથા મદદનીશ બાગાયત નિયામક જૈમીનભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધન આપી ઓઈલપામની ખેતીના મહત્વ અને બાગાયત ખાતાની વિવિધ સહાયલક્ષી યોજનાઓથી ખેડૂતોને અવગત કર્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે બાગાયત ખાતા દ્વારા ઓઈલ પામની ખેતી માટે પ્રતિવર્ષ ખેડૂતોને રૂ. ૧૦,૫૦૦ ની સહાય ચૂકવવામાં આવે છે. આ સહાય ચાર વર્ષ સુધી આપવામાં આવે છે. આ સિવાય ઓઈલપામના છોડ પણ મફતમાં ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

અત્રે નોંધનીય છે કે ઓઈલપામની ખેતીમાં મજૂરીની જરૂરીયાત ઓછી હોવાથી ઓછા ખર્ચમાં વધુ આવક મેળવી શકાય છે. ઉત્પાદન શરૂ થયા પછી ફળની કાપણીથી ખેડૂતોને આખું વર્ષ આવક મળે છે. આ પાકમાં શુરૂઆતના ૪ વર્ષ સુધી આંતરપાક લઈ શકાય છે. જેમાં, તમાકુ, કેળા, બટાટા, મરચા, ટામેટા, ઘંઉ, દિવેલા, કપાસ, શાકભાજી અને કુલ પાકોનું વાવેતર કરી શકાય છે. ઓઈલપામ પાકને વાતાવરણની સીધી કે આડકતરી કોઈ અસર થતી નથી. રોગ અને જીવાતનું પ્રમાણ નહીવત હોય છે માટે પાક સંરક્ષણ ખર્ચમાં ઘટાડો અને પર્યાવરણનો સુધારો થાય છે.

આ કાર્યક્રમમાં ચકલાસી નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ, ઈન્ચાર્જ ખેતીવાડી અધિકારી આર.ડી.પટેલ, ચકલાસી નગરપાલિકા ચીફ ઓફિસર કારોબારી ચેરમેન સુરેશ વાઘેલા, નાયબ બાગાયત નિયામક ડો. સ્મિતાબેન પિલ્લાઈ, મદદનીશ બાગાયત નિયામક જૈમીનભાઇ પટેલ, ગાંધીનગર, આણંદ કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિક ડો. પંકજ મહેરીયા, સુબોધ શાહ, ભાનુપ્રતાપસિંહ, પરાગ પટેલ સહિત બાગાયત વિભાગના અધિકારીઓ અન્ય મહાનુભાવો અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

## અમદાવાદ મંડળ: ડીઆરએમ વેદ પ્રકાશે ચોમાસાની તૈયારીઓ અને વિવિધ નિર્માણ કાર્યોનું સઘન નિરીક્ષણ કર્યું

**અમદાવાદ, તા.06**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર ચોમાસાની ઋતુ દરમિયાન સરળ ટ્રેન સંચાલન અને મુસાફરોની સલામતી સુનિશ્ચિત કરવા માટે, ડિવિઝનલ રેલવે મેનેજર (DRM) શ્રી વેદ પ્રકાશે 05.07.2026 ના રોજ અમદાવાદ-બારેજડી અને અમદાવાદ-વિરમગામ સેક્શનનું વિગતવાર નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન, તેમણે ડિવિઝનના વિવિધ સ્ટેશનો પર ચોમાસાની તૈયારી, ડ્રેનેજ સિસ્ટમ અને ચાલી રહેલા પુનર્વિકાસ કાર્યની સમીક્ષા કરી હતી.



ચોમાસાની તૈયારી અને સલામતી પર ખાસ ધ્યાન, નિરીક્ષણ દરમિયાન, ડિવિઝનલ રેલવે મેનેજરે વરસાદની ઋતુ દરમિયાન પાટા પર પાણી ભરાવાથી બચવા માટે કરવામાં આવેલી તૈયારીઓની સમીક્ષા કરી. તેમણે સંબંધિત અધિકારીઓને નિર્દેશ આપ્યો કે ટ્રેક પરના ગટર અને પુલોની સફાઈ કરવામાં આવે જેથી પાણીનો અવિરત પ્રવાહ સુનિશ્ચિત થાય. વરસાદની ઋતુ દરમિયાન પાણી ભરાવાથી ટ્રાફિકમાં ખલેલ ન પડે તે માટે રેલ અંડર બ્રિજ (RUB) નું પણ નિરીક્ષણ કરવામાં આવ્યું.

નિર્માણ પ્રોજેક્ટ્સની સમીક્ષા, ડિવિઝનમાં મુસાફરોની સુવિધાઓ વધારવા અને ક્ષમતા વધારવા માટે ચાલી રહેલા નિર્માણ પ્રોજેક્ટ્સની સમીક્ષા કરતા, ડીઆરએમએ અમદાવાદ-કાંકરિયા અને વટવા વચ્ચે નિર્માણાધીન ચોથી લાઇનનું નિરીક્ષણ કર્યું. આ ચોથી લાઇન અમદાવાદ જંક્શન પર રેલ ટ્રાફિકનું દબાણ ઘટાડવામાં અને ભવિષ્યમાં ટ્રેનની સમયસરતા સુધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

સ્ટેશનો અને વસાહતોમાં સ્વચ્છતા નિરીક્ષણ, નિરીક્ષણ દરમિયાન, ડીઆરએમએ વિરમગામ સ્ટેશન, રેલવે કોલોની, જખવાડા સ્ટેશન અને અમદાવાદ સ્ટેશનની વ્યાપક મુલાકાત લીધી. તેમણે સ્ટેશનો પર ઉપલબ્ધ મુસાફરોની સુવિધાઓ અંગે પ્રતિસાદ એકત્રિત કર્યો અને સ્વચ્છતાના ઉચ્ચ ધોરણો જાળવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

ખાસ સ્વચ્છતા અભિયાન: ડીઆરએમએ અધિકારીઓને સ્પષ્ટ સૂચનાઓ આપી હતી કે રેલવે સ્ટેશનો તેમજ રેલવે વસાહતોમાં સ્વચ્છતા અભિયાન સતત પ્રક્રિયા તરીકે ચલાવવામાં આવે.

કચરાનું વ્યવસ્થાપન: સ્ટેશનો પર કચરાના નિકાલની યોગ્ય વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે, તેમણે સંબંધિત આરોગ્ય અને સ્વચ્છતા નિરીક્ષકોને અસરકારક પગલાં લેવા આદેશ આપ્યો.

આ નિરીક્ષણ દરમિયાન વરિષ્ઠ મંડળ અધિકારીઓ પણ હાજર હતા. ડિવિઝનલ રેલવે મેનેજરે અધિકારીઓને સૂચના આપી હતી કે ચોમાસાની ઋતુ દરમિયાન ફિલ્ડ સ્ટાફ સંપૂર્ણપણે સતર્ક રહે અને કોઈપણ કટોકટીનો સામનો કરવા માટે તૈયાર રહે.

## શોખ ખાતર ચપ્પુ રાખવું ભારે પડ્યું: લિંબાયત પોલીસે કતારગામના 21 વર્ષીય આરોપીની ધરપકડ કરી.....

**સુરત, તા.06**

સુરત શહેરના લિંબાયત પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુનાખોરી અને અસામાજિક પ્રવૃત્તિઓ પર લગામ કસવા માટે પોલીસ સઘન પેટ્રોલિંગ હાથ ધરી રહી છે. લિંબાયત પોલીસની અલગ-અલગ ટીમો બનાવીને વિસ્તારના સંવેદનશીલ પોઈન્ટ્સ પર વાહન ચેકિંગની પ્રક્રિયા તેજ કરવામાં આવી હતી. આ દરમિયાન મીઠીખાડી પુલ પાસેથી પસાર થતા વાહનો અને શંકાસ્પદ હિલચાલ ધરાવતા ઈસમો પર પોલીસ કડક નજર રાખી રહી હતી. વાહન ચેકિંગની આ કડક કાર્યવાહી દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલા એક શંકાસ્પદ ઈસમને પોલીસે અટકાવ્યો હતો અને તેની અંગઝડતી લેતા તેની પાસેથી એક ઘાતક અને તીક્ષ્ણ બટનવાળું ચપ્પુ મળી આવ્યું હતું, જેને પગલે પોલીસે તાત્કાલિક તેની અટકાયત કરી લીધી હતી.



પોલીસના સકંજામાં આવેલા આ આરોપીની પ્રાથમિક પૂછપરછ અને તપાસ કરતા તેનું નામ શાબીર શાહનવાઝ અંસારી જાણવા મળ્યું છે. 21 વર્ષીય આ યુવાન સુરતના કતારગામ વિસ્તારમાં આવેલા ફુલવાડી માતા રોડ પર પ્લોટ નંબર 86 માં રહે છે. પોલીસની તપાસમાં સામે આવ્યું છે કે જ્યારે લિંબાયત પોલીસ મીઠીખાડી પુલ પાસે નાકાબંધી કરીને ઊભી હતી, ત્યારે આરોપી શાબીર પોતાના ઘરે તરફ જઈ રહ્યો હતો. લિંબાયત પોલીસ મથકના ફરજ પરના જવાનોએ પેટ્રોલિંગ દરમિયાન તેની શંકાસ્પદ હિલચાલ જોઈ તેને રોક્યો હતો અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને સાર્વજનિક સ્થળે ઘાતક હથિયાર સાથે તેની ધરપકડ કરી લીધી હતી.

જ્યારે પોલીસ દ્વારા આરોપી શાબીર અંસારીની સઘન પૂછપરછ કરવામાં આવી, ત્યારે ચોંકાવનારો ખુલાસો થયો હતો. આરોપી હાલમાં કોઈ કામધંધો કરતો નથી અને સંપૂર્ણપણે બેકાર છે. મોજશોખ અને દેખાડો કરવા માટે તેણે પોતાની પાસે આ ખતરનાક બટન દબાવવાનું ચપ્પુ રાખ્યું હતું. આરોપીએ પોલીસ સમક્ષ કબૂલાત કરી હતી કે તેને પોતાની પાસે નાનપણથી જ તીક્ષ્ણ ચપ્પુ રાખવાનો ભારે શોખ હતો, જેના કારણે તે આવા હથિયારો પોતાની પાસે રાખતો હતો.

## પાર્કિંગ વિવાદમાં વકીલ અને તેના ભાઈ પર ભૂ-માફિયાઓનો જીવલેણ હુમલો: આરોપીઓ નેતાઓ અને લિંબાયત પોલીસમાં ધાક ધરાવે છે

**સુરત, તા.06**

શહેરના લિંબાયત વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સામે સવાલ ઉભા કરતો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જ્યાં સ્થાનિક ભૂ-માફિયાઓ દ્વારા એક વકીલ અને તેમના ભાઈ પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો છે. પ્રાથમિક દ્રષ્ટિએ આ મામલો સામાન્ય ગાડી પાર્કિંગના વિવાદથી શરૂ થયો હોવાનું જણાય છે, પરંતુ હોસ્પિટલના બિછાનેથી પીડિત વકીલના ભાઈએ કરેલા આક્ષેપો અત્યંત ગંભીર છે. પીડિત વકીલ અને તેમના ભાઈએ ખુલ્લો આક્ષેપ કર્યો છે કે, હુમલો કરનારા તત્વો સ્થાનિક લિંબાયત પોલીસ મથકના કેટલાક પોલીસ કર્મચારીઓ તેમજ મોટા રાજકીય નેતાઓના સીધા સંપર્કમાં છે. આ મજબૂત પોલીસ અને નેતા કનેક્શનના કારણે જ આ ગુનાહિત તત્વોની હિંમત એટલી વધી ગઈ છે કે તેમણે ધોળા દિવસે કાયદાના રક્ષક ગણાતા એડવોકેટ પર હુમલો કરતા પણ અચકાયા નથી. સમગ્ર કેસમાં લિંબાયત પોલીસે ફરિયાદ દાખલ કરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, લિંબાયત વિસ્તારમાં રહેતા એડવોકેટ અલ્તાફ ભરૂચી અને તેમના ભાઈ પટેલ મકસુદ યાકુબભાઈ પર પાડોશમાં જ રહેતા ગુનાહિત માનસ ધરાવતા ઈમરાન મન્સૂરી, અફઝલ, અનવર અને તેમની સાથે આવેલી 3 મહિલાઓ સહિતના ટોળાએ ઘાતક હુમલો કર્યો હતો. ગાડી પાર્કિંગ જેવી સામાન્ય બાબતને લઈને શરૂ થયેલી બોલાચાલી જોતજોતામાં હિંસક સ્વરૂપમાં ફેરવાઈ ગઈ હતી. હુમલાખોરોએ વકીલ અને તેમના ભાઈને ટાર્ગેટ કરીને માથા તેમજ આંખના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. હુમલામાં એડવોકેટ અલ્તાફ ભરૂચીની આંખ ઉપર અત્યંત ગંભીર ઈજા પહોંચી હોવાનું જાણવા મળ્યું છે, જ્યારે તેમના ભાઈ મકસુદભાઈના માથામાં ઈંટનો કટકો મારીને ગંભીર ઈજા પહોંચાડવામાં આવી છે. હાલમાં બંને ભાઈઓ સુરતની સિવિલ હોસ્પિટલ ખાતે લોહીલુહાણ હાલતમાં સારવાર હેઠળ છે.



આ હિંસક ઘટનાની શરૂઆત કઈ રીતે થઈ તે અંગે પીડિત મકસુદભાઈએ હોસ્પિટલમાંથી જણાવ્યું હતું કે, 'ગઈકાલે બપોરે આશરે 12 વાગ્યાની આસપાસ હું મારા કામ અર્થે બહાર ગયો હતો અને મારો ભાઈ અલ્તાફ પણ તેની એડવોકેટની ઓફિસે હાજર હતો. તે સમયે અમારા ઘરના આંગણે આરોપીઓ અફઝલ, ઈમરાન અને અનવર તેમના ઘરની 3 મહિલાઓ સાથે ધસી આવ્યા હતા. ઘરમાં માત્ર મારી 72 વર્ષની મોટી ઉંમરના માતા એકલા જ હાજર હતા. આ ટોળાએ ઘરમાં ઘૂસીને મારી માતા સાથે અત્યંત અભદ્ર ભાષામાં રાડાગારોડ અને ગાળાગાળી કરવાનું શરૂ કર્યું હતું. તેમણે મારી માતા પર દબાણ લાવતા ધમકી આપી હતી કે, તમારા છોકરાની જે ગાડી બહાર પાર્ક કરેલી છે, તેને હમણાં ને હમણાં અહીંથી હટાવી લો, નહિતર અમે તમારું બહુ જ મોટું આર્થિક અને શારીરિક નુકસાન કરીશું.'

ગાડી હટાવવા પાછળના રહસ્ય અંગે વાત કરતા મકસૂદભાઈએ ઉમેર્યું કે, 'વાસ્તવમાં ત્યાં એક દીવાલ તોડવાનું કામ ચાલતું હોવાથી ત્યાં કામ કરતા મજૂરોએ જ મારી માતાને કીધું હતું કે, માજી અહીં દીવાલ પડવાની હોવાથી ગાડી થોડી વાર હટાવી લો નહિતર ગાડીને નુકસાન થશે. મજૂરોના કહેવાથી જ મારા ભાઈએ ગાડી ત્યાંથી હટાવીને બાજુમાં આવેલા ખુલ્લા પ્લોટમાં મૂકી હતી, જ્યાં મોહલ્લાના તમામ પ્લોટ હોલ્ડરો અને ભાડૂતો વર્ષોથી પોતાના વાહનો પાર્ક કરે છે. પરંતુ આરોપીઓ કોઈ પણ બહાને અમારી સાથે ઝઘડો કરવા માંગતા હોવાથી તેઓ પાર્કિંગનો મુદ્દો ઉછાળીને મારી માતાને ધમકાવવા આવ્યા હતા અને સંદેશો આપ્યો હતો કે તમારા દીકરાને કહી દો કે અહીંથી કાયમ માટે ગાડી હટાવી લે.'

જ્યારે મકસુદભાઈ કામ પતાવીને પોતાના ઘરે પરત ફર્યા, ત્યારે તેમણે જોયું કે આરોપીઓ તેમની માતા સાથે ઉગ્ર ઝઘડો કરી રહ્યા હતા. મકસુદભાઈએ વચ્ચે પડીને ઈમરાન, અફઝલ અને અનવરને માત્ર એટલો જ સવાલ પૂછ્યો કે, 'ભાઈ, શું થયું છે? કેમ ઝઘડો કરો છો?' આટલું સાંભળતા જ આરોપીઓ એકદમ ઉશ્કેરાઈ ગયા હતા. તેમણે કોઈ પણ પ્રકારની વાતચીત કર્યા વિના અથવા શબ્દો બોલ્યા વિના, ત્યાં જમીન પર પડેલી ઈંટોમાંથી એક મોટો ઈંટનો ટુકડો ઉપાડીને સીધો મકસુદભાઈના માથાના ભાગે જીવલેણ ફટકો મારી દીધો હતો. આ હુમલાના કારણે મકસુદભાઈના માથામાંથી લોહીની ધારાઓ વહેવા લાગી હતી. ત્યારબાદ વકીલ ભાઈ અલ્તાફ વચ્ચે પડતા તેમના પર પણ તૂટી પડ્યા હતા અને તેમની આંખ પર ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.

આ હુમલો માત્ર પાર્કિંગનો વિવાદ નથી પરંતુ તેની પાછળ લાંબા સમયથી ચાલતું કાનૂની વૈમનસ્ય જવાબદાર હોવાનો વકીલ પરિવારે આક્ષેપ કર્યો છે. મકસુદભાઈના જણાવ્યા મુજબ, 'અમારા મોહલ્લામાં આવેલી રોડ-રસ્તાની સરકારી અને ખુલ્લી જમીન પર આ ભૂ-માફિયાઓ ગેરકાયદેસર કબ્જો જમાવવાની પ્રવૃત્તિઓ કરી રહ્યા છે. આ સરકારી જમીન પચાવી પાડવાના વિરોધમાં અમારો કોર્ટમાં કાનૂની દાવો ચાલી રહ્યો છે, અને મારો ભાઈ અલ્તાફ પોતે આ કેસમાં વકીલ તરીકે લડી રહ્યો છે. આ ભૂ-માફિયાઓ અમને કેસમાંથી પાછા હટાવવા માટે લાંબા સમયથી પ્રયત્નશીલ હતા. તેમણે અગાઉ મારા ભાઈને ઘણીવાર મોટી રકમની અને પાર્કિંગની જગ્યા તેમજ ફ્લેટ આપવાની લાલચો આપી હતી. મને પણ રૂ. 500,000 રોકડા આપવાની ઓફર કરીને કીધું હતું કે તમે બધી અરજીઓ પાછી ખેંચી લો અને તારો ભાઈ વકીલાત છોડી દે. અમે લાલચમાં ન આવતા તેમણે આ હુમલો કર્યો છે.'

સૌથી ગંભીર આક્ષેપ આરોપીઓના બેકગ્રાઉન્ડ અને તેમના પોલીસ-રાજકીય કનેક્શનને લઈને કરવામાં આવ્યો છે. પીડિતોના જણાવ્યા અનુસાર, હુમલો કરનાર તમામ આરોપીઓ કુખ્યાત ભૂ-માફિયા છે. તેમનું લિંબાયત પોલીસ સ્ટેશનમાં અવારનવાર આવવા-જવાનું હોવાના કારણે પોલીસ તંત્રમાં તેમની એક અલગ જ પ્રકારની ધાક અને સાંઠગાંઠ છે. એટલું જ નહીં, આ આરોપીઓ સ્થાનિક રાજકારણીઓ અને નેતાઓ સાથે 24 કલાક ઉઠક-બેઠક ધરાવે છે અને તેમની સાથે જ ફરે છે. રાજકીય નેતાઓ અને પોલીસના આશીર્વાદ માથા પર હોવાના કારણે જ આ ભૂ-માફિયાઓ કાયદાને ખિસ્સામાં લઈને ફરે છે અને વકીલ જેવા પ્રતિષ્ઠિત વ્યક્તિ પર પણ હુમલો કરતા ડરતા નથી. રાજકીય ઓથના જોરે જ તેઓ હવામાં કૂદી રહ્યા હોવાનો આક્ષેપ કરાયો છે.

સમગ્ર મામલો અત્યંત ગંભીર બનતા લિંબાયત પોલીસ મથકમાં આરોપીઓ વિરુદ્ધ સત્તાવાર રીતે ગુનો નોંધીને ફરિયાદ દાખલ કરવામાં આવી છે. જોકે, હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા એડવોકેટ અલ્તાફ ભરૂચી અને તેમના પરિવારે માંગ કરી છે કે આ કેસની નિષ્પક્ષ તપાસ થવી જોઈએ, કારણ કે સ્થાનિક પોલીસ સ્તરે આરોપીઓને બચાવવાના પ્રયાસો થઈ શકે છે. સુરત વકીલ મંડળમાં પણ આ ઘટનાને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે અને કાયદાના રક્ષક પર થયેલા આ હુમલાખોરો સામે કડક પગલાં લેવાની માંગ ઉઠી છે. હાલમાં લિંબાયત પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે, પરંતુ આક્ષેપોની સત્તાવાર પુષ્ટિ ઉચ્ચ અધિકારીઓની તપાસ બાદ જ સ્પષ્ટ થશે.

### વિકસિત ભારત – જી-રામજી અધિનિયમ : ગ્રામિણ વિકાસ તરફનું નવું પગલું

# 1 જુલાઈ 2026થી સમગ્ર દેશમાં 'વિકસિત ભારત – ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામિણ) અધિનિયમ, 2025 (VB–G RAM G Act)' અમલમાં

## ગ્રામિણ વિકાસલક્ષી કાર્યોને પ્રાથમિકતા આપવામાં આવશે. આ કામગીરીથી ગામોમાં રોજગારીનું સર્જન થવાની સાથે વિકાસને પણ ગતિ મળશે

**નડિયાદ, તા.06**

તા. ૦૧ જુલાઈ ૨૦૨૬ થી સમગ્ર દેશમાં 'વિકસિત ભારત - ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામિણ) અધિનિયમ, 2025 (VB-G RAM G Act)' અમલમાં આવ્યો છે. આ નવા અધિનિયમનો મુખ્ય હેતુ ગ્રામિણ પરિવારોને વધુ રોજગારીની તકો ઉપલબ્ધ કરાવવાનો, તેમની આજીવિકા મજબૂત બનાવવાનો તેમજ ગામોના સર્વાંગી વિકાસને વેગ આપવાનો છે. આ અધિનિયમ હેઠળ અગાઉ અમલમાં રહેલી મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર ગેરંટી યોજના (MGNREGA)ના સ્થાને નવી વ્યવસ્થા અમલમાં આવી છે. નવા કાયદા મુજબ હવે પાત્ર ગ્રામિણ પરિવારોને દર નાણાકીય વર્ષમાં 125 દિવસ સુધી રોજગારીની કાયદાકીય ગેરંટી આપવામાં આવશે, જે અગાઉ 100 દિવસ હતી. અધિનિયમમાં રોજગારી સાથે ગામોના ટકાઉ વિકાસ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. પાણી સંચય, જળ સંરક્ષણ, વૃક્ષારોપણ, ગ્રામ માર્ગો, કુદરતી સંસાધનોનું સંરક્ષણ, કૃષિ આધારિત માળખાકીય સુવિધાઓ અને અન્ય જાહેર ઉપયોગનાં વિકાસલક્ષી કાર્યોને પ્રાથમિકતા આપવામાં આવશે. આ કામગીરીથી ગામોમાં રોજગારીનું સર્જન થવાની સાથે વિકાસને પણ ગતિ મળશે.

નવા કાયદા હેઠળ અગાઉના જોબ કાર્ડધારકોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે હાલના જોબ કાર્ડ માન્ય રાખવામાં આવ્યા છે અને ચાલુ વિકાસકાર્યો નવી જોગવાઈઓ હેઠળ યથાવત ચાલુ રહેશે. યોજનાના અમલીકરણમાં ગ્રામ પંચાયતોની મહત્વપૂર્ણ ભૂમિકા રહેશે તથા પારદર્શિતા અને જવાબદારી વધારવા માટે ડિજિટલ ટેક્નોલોજીનો વધુ ઉપયોગ કરવામાં આવશે. આ અધિનિયમનો મુખ્ય ઉદ્દેશ માત્ર રોજગારી આપવાનો નથી, પરંતુ ગ્રામિણ પરિવારોની આવકમાં વધારો, કુશળતા વિકાસ, આત્મનિર્ભરતા અને ગામોના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવાનો પણ છે. રોજગારી અને વિકાસને એકસાથે આગળ વધારતા આ કાયદાથી ગ્રામિણ અર્થતંત્રને નવી દિશા મળવાની અપેક્ષા છે.

'વિકસિત ભારત - જી-રામજી અધિનિયમ' દેશના ગ્રામિણ વિકાસને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ છે. સરકારના 'વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવામાં આ અધિનિયમ મહત્વની ભૂમિકા ભજવશે અને ગ્રામિણ પરિવારોના જીવનધોરણમાં ગુણાત્મક સુધારો લાવવામાં મદદરૂપ બનશે. ભારત વર્ષ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત' બનવાના ભગીરથ સંકલ્પ સાથે આગળ વધી રહ્યું છે, ત્યારે વહીવટી અને કાનૂની સુધારાઓનું સ્વરૂપ પણ બદલાયું છે. આ શ્રૃંખલામાં પ્રગતિશીલ કદમ તરીકે ઉભરી આવેલો કાયદો એટલે 'વિકસિત ભારત - જી રામજી અધિનિયમ' અર્થશાસ્ત્રી અને વહીવટી વિશ્લેષક ડૉ. કૌશિક વ્યાસના મતે આ અધિનિયમ માત્ર એક કાનૂની દસ્તાવેજ નથી, પરંતુ ભારતના છેવાડાના માનવીને આર્થિક સ્વનિર્ભરતા આપીને દેશના જી.ડી.પી. (GDP)માં ભાગીદાર બનાવવાનો એક સુનિયોજિત નકશો છે. પરંપરાગત રીતે ગરીબી ઉન્મૂલન કાર્યક્રમો 'સબસિડી' અને 'મદદ'ની આસપાસ ફરતા રહ્યા છે. પરંતુ 'જી રામજી અધિનિયમ' એ 'સક્ષમીકરણ અને સ્વનિર્ભરતા' (Empowerment over Entitlement) પર કેન્દ્રિત છે.

## મુંબઈમાં ભારે વરસાદથી એરપોર્ટ ઠપ્પ: સુરત એરપોર્ટ બન્યું તારણહાર, એક જ અઠવાડિયામાં મુંબઈની 8 ફ્લાઈટોનું STV પર ઈમરજન્સી લેન્ડિંગ

**સુરત, તા.06**

મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં શરૂ થયેલા મુસળધાર વરસાદ અને પ્રતિકૂળ હવામાનની સીધી અસર વિમાની સેવાઓ પર જોવા મળી રહી છે. આજે મુંબઈમાં ભારે વરસાદ અને તેજ પવનના કારણે વિઝિબિલિટી નહિવત થઈ જતાં મુંબઈ એરપોર્ટ પર રનવેની કામગીરી એક કલાક માટે સંપૂર્ણપણે બંધ કરવાની ફરજ પડી હતી. મુંબઈમાં સર્જાયેલી આ કટોકટી વચ્ચે દક્ષિણ ગુજરાતનું સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ (STV) ફરી એકવાર એરલાઈન્સ કંપનીઓ અને મુસાફરો માટે મોટું આશ્વાસન અને તારણહાર સાબિત થયું છે. આજે રવિવારે મુંબઈમાં લેન્ડિંગ કરી ન શકેલી અલગ-અલગ શહેરોની 3 મહત્વની ફ્લાઈટોને તાત્કાલિક ધોરણે સુરત એરપોર્ટ તરફ ડાયવર્ટ કરવામાં આવી હતી. જેમાં ઈન્ડિગો એરલાઈન્સની ત્રિવેન્દ્રમ-મુંબઈ, ચેન્નાઈ-મુંબઈ અને વારાણસી-નવી મુંબઈ ફ્લાઈટનો સમાવેશ થાય છે. મુંબઈ એરપોર્ટની એર ટ્રાફિક કંટ્રોલ (ATC) રૂમ દ્વારા લીલી ઝંડી ન મળતા આ ત્રણેય વિમાનોને સુરતના રનવે પર સુરક્ષિત રીતે ઉતારવામાં આવ્યા હતા. અચાનક ડાયવર્ટ થયેલી ફ્લાઈટોના કારણે સુરત એરપોર્ટ પર થોડા સમય માટે ભારે દોડધામ મચી ગઈ હતી, પરંતુ એરપોર્ટ પ્રશાસનની સજ્જતાને કારણે તમામ મુસાફરો અને ક્રૂ મેમ્બર્સને કોઈ મુશ્કેલી પડી ન હતી.



હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, મુંબઈ એરપોર્ટ પર પવનની ગતિ 42 નોટ્સ (આશરે 77 કિમી પ્રતિ કલાક) સુધી પહોંચી ગઈ હતી, જેના કારણે વિમાનોનું લેન્ડિંગ અત્યંત જોખમી બન્યું હતું. આવા સમયે ભૌગોલિક દ્રષ્ટિએ મુંબઈની સૌથી નજીક અને તમામ આધુનિક સુવિધાઓ ધરાવતું સુરત એરપોર્ટ વિમાનોના પાર્કિંગ અને ઈમરજન્સી લેન્ડિંગ માટે દેશનું પ્રાથમિક 'સેફ હેવન' એટલે કે સુરક્ષિત આશ્રયસ્થાન બની ગયું છે. ચિંતાજનક બાબત એ છે કે, આ કોઈ એક દિવસની ઘટના નથી. છેલ્લા 7 દિવસથી પશ્ચિમ ભારતના દરિયાકાંઠે સક્રિય થયેલા ચોમાસાને કારણે મુંબઈનું હવામાન સતત બગડી રહ્યું છે. છેલ્લા એક અઠવાડિયામાં જ મુંબઈ જતી કુલ 8 ફ્લાઈટોને સુરત તરફ ડાયવર્ટ કરવામાં આવી છે. વારંવાર ડાયવર્ટ થતી ફ્લાઈટોના કારણે સુરત એરપોર્ટનો એર ટ્રાફિક ગ્રાફ અચાનક વધી ગયો છે.

# ઓસ્ટ્રેલિયા રેકોર્ડ સાતમી વખત વુમન્સ T20 વર્લ્ડ કપ ચેમ્પિયન, ફાઈનલમાં મેજબાન ઈંગ્લેન્ડ હાર્યું

**લંડન, તા.06**

ICC વિમેન્સ T20 વર્લ્ડ કપ 2026ના રોમાંચક ફાઈનલ મુકાબલામાં ઓસ્ટ્રેલિયાએ ફરી એકવાર ક્રિકેટ જગતમાં પોતાનું આધિપત્ય સાબિત કર્યું છે. લંડનના ઐતિહાસિક લોર્ડ્સ મેદાન પર રવિવારે (5 જુલાઈ) રમાયેલી ફાઈનલ મેચમાં ઓસ્ટ્રેલિયાએ ઈંગ્લેન્ડને 7 વિકેટે કરારી હાર આપીને ટ્રોફી પોતાના નામે કરી લીધી છે. ઈંગ્લેન્ડે આપેલા 151 રનના ટાર્ગેટને ઓસ્ટ્રેલિયાની ટીમે માત્ર 17.1 ઓવરમાં 3 વિકેટ ગુમાવીને આસાનીથી હાંસલ કરી લીધો હતો. સોફી મોલિનક્સની કપ્તાની હેઠળની કાંગારૂ ટીમે આ સમગ્ર ટૂર્નામેન્ટમાં એક પણ મેચ ગુમાવી નથી, જે તેમના મજબૂત ફોર્મને દર્શાવે છે.

મહિલા ટી20 ક્રિકેટના ઈતિહાસમાં ઓસ્ટ્રેલિયાની ટીમ સૌથી સફળ ટીમ રહી છે અને આ વર્ષે જીત સાથે તેમણે રેકોર્ડ 7મી વખત આ ખિતાબ જીત્યો છે. આ પહેલા ઓસ્ટ્રેલિયન ટીમ 2010,




2012, 2014, 2018, 2020 અને 2023માં પણ વર્લ્ડ ચેમ્પિયન બની ચૂકી છે. ઓસ્ટ્રેલિયા સિવાય અન્ય ટીમોની વાત કરીએ તો ઈંગ્લેન્ડ (2009), વેસ્ટઈન્ડીઝ (2016) અને ન્યૂઝીલેન્ડ (2024) માત્ર એક-એક વાર જ આ ટ્રોફી જીતવામાં સફળ રહ્યા છે.

151 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ઓસ્ટ્રેલિયાની શરૂઆત નબળી રહી હતી અને બીજી જ ઓવરમાં ઓપનર જોર્જિયા વોલ આઉટ થઈ ગઈ હતી. જોકે, ત્યારબાદ ફોએબે લિચફિલ્ડ અને વિકેટકીપર બેટર બેથ મૂનીએ શાનદાર વાપસી કરાવી હતી. આ બંને વચ્ચે બીજી વિકેટ માટે 100 રનની મેચ વિનિંગ ભાગીદારી થઈ હતી, જેણે ઈંગ્લેન્ડની આશાઓ પર પાણી ફેરવી દીધું હતું.

લિચફિલ્ડે 35 બોલમાં 6 ચોગ્ગા અને 2 છગ્ગાની મદદથી ધમાકેદાર 48 રન બનાવ્યા હતા. જ્યારે બેથ મૂનીએ 49 બોલમાં 10 ચોગ્ગા ફટકારીને 64 રનનું મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. આ બંનેના આઉટ થયા બાદ એલિસ પેરી (અણનમ 13) અને એશ્લે ગાર્ડનર (અણનમ 3)ની જોડીએ ટીમની જીત સુનિશ્ચિત કરી હતી. ઈંગ્લેન્ડ તરફથી ચાર્લોટ ડીન, સોફી એક્લેસ્ટોન અને લોરેન બેલે 1-1 વિકેટ ઝડપી હતી.

ટોસ હારીને પહેલા બેટિંગ કરવા ઉતરેલી ઈંગ્લેન્ડની ટીમ નિર્ધારિત 20 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને 150 રન જ બનાવી શકી હતી. ઈંગ્લેન્ડ માટે કેપ્ટન નેટ સાઈવર-બ્રન્ટે સૌથી વધુ 53 બોલમાં 5 ચોગ્ગા સાથે અણનમ 58 રનની શાનદાર ઈનિંગ રમી હતી. બીજી તરફ ફ્રેયા કેમ્પે પણ આક્રમક બેટિંગ કરતા 28 બોલમાં 4 ચોગ્ગા અને 1 છગ્ગાની મદદથી અણનમ 44 રન ફટકાર્યા હતા. આ બંને પ્લેયર્સે પાંચમી વિકેટ માટે અણનમ 80 રનની ભાગીદારી કરીને ટીમને સન્માનજનક સ્કોર સુધી પહોંચાડી હતી. જોકે, એમી જોન્સ (6 રન), ડેની વ્યાટ-હોજ (8 રન) અને હીથર નાઈટ (2 રન) જેવી સ્ટાર પ્લેયર્સ સસ્તામાં આઉટ થઈ ગઈ હતી. ઓસ્ટ્રેલિયા તરફથી કિમ ગાર્થ, લુસી હેમિલ્ટન, સોફી મોલિનક્સ અને એનાબેલ સધરલેન્ડે 1-1 વિકેટ મેળવી હતી.

# FIFA વર્લ્ડ કપમાં મેજર અપસેટ, બ્રાઝિલ ટુર્નામેન્ટની બહાર ફેંકાયું, નેમારની નિવૃત્તિની જાહેરાત

**બ્રાસીલિયા, તા.06**

બ્રાઝિલના સ્ટાર અને વિશ્વના દિગ્ગજ ફૂટબોલર નેમારે આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાંથી સંન્યાસની જાહેરાત કરીને કરોડો ચાહકોને આંચકો આપ્યો છે. ફિફા વર્લ્ડ કપ 2026 ના રાઉન્ડ ઓફ-16 મુકાબલામાં નોર્વે સામે બ્રાઝિલનો 2-1 થી પરાજ્ય થયો હતો, જેની સાથે જ બ્રાઝિલનું વર્લ્ડ કપ જીતવાનું સપનું રોળાઈ ગયું હતું. આ શરમજનક હાર બાદ 34 વર્ષીય નેમારે ભારે હૈયે આંતરરાષ્ટ્રીય સ્તરેથી નિવૃત્તિની જાહેરાત કરી દીધી હતી. મેચ બાદ ભાવુક થયેલા નેમારે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, 'મેં મારી પૂરેપૂરી કોશિશ કરી. મારો પ્રવાસ જ્યાંથી શરૂ થયો હતો, આજે ત્યાં જ પૂરો થઈ ગયો છે. હવે બધું સમાપ્ત થઈ ગયું છે.'

નેમારના આ આખરી મુકાબલામાં એક અદભુત સંયોગ પણ જોવા મળ્યો હતો. તેમણે 9 ઓગસ્ટ 2010ના રોજ અમેરિકા સામે 'મેટલાઈફ સ્ટેડિયમ' ખાતે પોતાની પ્રથમ આંતરરાષ્ટ્રીય મેચ રમીને કરિયરની શરૂઆત કરી હતી. લગભગ 16 વર્ષ બાદ, બ્રાઝિલની જર્સીમાં તેમણે પોતાની છેલ્લી મેચ પણ આ જ સ્ટેડિયમમાં રમીને ફૂટબોલ જગતને અલવિદા કહ્યું હતું. પોતાની



છેલ્લી મેચમાં નેમાર જમણા પગની પિંડલી (રાઈટ કાફ) ની ઈજાના કારણે શરૂઆતની પ્લેઈંગ 11માં સામેલ નહોતા. જોકે, તેઓ બેન્ચ પરથી મેદાનમાં આવ્યા હતા અને મેચની છેલ્લી મિનિટોમાં પેનલ્ટી દ્વારા શાનદાર ગોલ પણ કર્યો હતો, પરંતુ તે બ્રાઝિલને હારથી બચાવી શક્યો નહોતો. છેલ્લા કેટલાક વર્ષોથી નેમારનું કરિયર સતત ઈજાઓથી પ્રભાવિત રહ્યું હતું, જેના કારણે તેઓ પોતાની જૂની લય ગુમાવી બેઠા હતા. આ આખા વર્લ્ડ કપ દરમિયાન પણ તેઓ ફિટનેસની સમસ્યાઓ સામે ઝઝૂમતા રહ્યા અને બ્રાઝિલની પાંચ મેચોમાંથી માત્ર બે જ મેચ રમી શક્યા હતા. ગ્રૂપ સ્ટેજમાં સ્કોટલેન્ડ સામેની મેચમાં પણ તેઓ માત્ર 15 મિનિટ જ મેદાન પર વિતાવી શક્યા હતા. ઈજાઓએ તેમના પ્રદર્શનને ઘણું સીમિત કરી દીધું હતું. આ આઘાતજનક વિદાય સાથે જ નેમારના 16 વર્ષ લાંબા ઈન્ટરનેશનલ કરિયરનો અંત આવ્યો છે. તેઓ બ્રાઝિલના ફૂટબોલ ઈતિહાસના સૌથી સફળ ગોલ સ્કોરર તરીકે નિવૃત્ત થયા છે. તેમણે દેશ માટે 129 ઈન્ટરનેશનલ મેચો રમીને રેકોર્ડબ્રેક 80 ગોલ નોંધાવ્યા છે અને ટીમને અનેક યાદગાર જીત અપાવી છે. નેમારની નિવૃત્તિ બાદ હવે બ્રાઝિલિયન ફૂટબોલ એક નવા યુગમાં પ્રવેશી રહ્યું છે, જ્યાં ટીમની કમાન નવી પેઢીના યુવા ખેલાડીઓના હાથમાં રહેશે.

# વિમ્બલ્ડન : મહિલા સિંગલ્સની ગત ચેમ્પિયન ઈગા સ્વિયાટેક બહાર....

**લંડન, તા.06**

વર્ષના ત્રીજા ગ્રાન્ડ સ્લેમ વિમ્બલ્ડનમાં મેજર અપસેટ સર્જાતાં ગત વર્ષની ચેમ્પિયન ઈગા સ્વિયાટેક ત્રીજા રાઉન્ડમાં બહાર થઈ ગઈ છે. સ્વિયાટેકને ફિલિપીન્સની એલેક્ઝેન્ડ્રા એલાએ 7-6 (11-9),6-2થી પરાજય આપ્યો હતો. પ્રથમ સેટ ૮૪ મિનિટ સુધી ચાલ્યો હતો જેમાં બંને ખેલાડીઓ વચ્ચે જોરદાર ટક્કર જોવા મળી હતી પરંતુ ટાઈ બ્રેકમાં એલાએ સંયમ દર્શાવી લીડ મેળવી પ્રથમ સેટ ૭-૬ (૧૧-૯)થી પોતાના નામે કરી દીધો હતો. જ્યારે બીજા સેટમાં સ્વિયાટેકને તક આપ્યા વિના ૬-૨થી બીજો સેટ જીતવાની સાથે મેચ પણ જીતી લીધી હતી. મેચ દરમિયાન



સ્વિયાટેક પોતાની લયમાં જોવા મળી નહોતી. તેણે કુલ ૪૪ અનફોર્સ્ડ એર કરી, જેનો એલાએ ભરપુર ફાયદો ઉઠાવ્યો હતો. પ્રથમ સેટના ટાઈ-બ્રેકમાં સ્વિયાટેકની પાસે બે સેટ પોઈન્ટ હતા પરંતુ તેનો ફાયદો ઉઠાવી શકી નહોતી. બીજા સેટમાં એલાએ ૪-૦ની લીડ મેળવી લીધી હતી. સ્વિયાટેકે તે પછી વાપસીનો પ્રયાસ કર્યો પરંતુ તેણે સતત ભુલો કરી અને બે ડબલ ફેલ્ટ કર્યા જેના કારણે બીજો સટે ગુમાવવાની સાથે મેચ પણ હારી ગઈ હતી. આ જીત સાથે એલેક્ઝેન્ડ્રા એલાએ પોતાના દેશ માટે ઐતિહાસિક સિદ્ધિ મેળવી હતી. બે દિવસ પહેલાં જ ઓપન એરામાં કોઈ પણ ગ્રાન્ડ સ્લેમના ત્રીજા રાઉન્ડમાં પહોંચનાર પોતાના દેશની પ્રથમ ખેલાડી બની હતી અને હવે તેણે છ વખતની ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન સ્વિયાટેકને હરાવી નવો ઈતિહાસ રચી દીધો છે. સ્વિયાટેક સામે એલાની ત્રણ મુકાબલામાં બીજી જીતી હતી. હવે તેનો સામનો પૂર્વ વિમ્બલ્ડન ફાઈનલિસ્ટ જેસમિન પાઓલિની સામે થશે. જો એલા આ મુકાબલો જીતી જશે તો તે ૧૯૫૩ ફ્રેન્ચ ઓપન બાદ કોઈ પણ ગ્રાન્ડ સ્લેમની ક્વાર્ટર ફાઈનલમાં પહોંચનાર ફિલિપીન્સની પ્રથમ સિંગલ્સ ખેલાડી બની જશે.

# 'આ મારો છેલ્લો વર્લ્ડકપ...' FIFA ટુર્નામેન્ટ વચ્ચે રોનાલ્ડોએ સંન્યાસ અંગે આપ્યું મોટું નિવેદન

**પોર્ટુગલ, તા.06**

ફિફા વર્લ્ડ કપ 2026માં સોમવારે રમાનારા સ્પેન સામેના હાઈ-વોલ્ટેજ રાઉન્ડ ઑફ 16ના નૉકઆઉટ મુકાબલા પહેલા પોર્ટુગલના દિગ્ગજ કેપ્ટન ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ એક મોટું નિવેદન આપ્યું છે. 41 વર્ષીય રોનાલ્ડોએ સ્પષ્ટ કરી દીધું છે કે આ વર્લ્ડ કપ તેના શાનદાર કરિયરનો આખરી વર્લ્ડ કપ ટુર્નામેન્ટ હશે. જોકે, આ પ્રતિષ્ઠિત ટ્રોફી જીતવાના પાકા ઈરાદા સાથે ઉતરેલા રોનાલ્ડોએ આશા વ્યક્ત કરી છે કે સ્પેન સામેની મેચ તેનો છેલ્લો આંતરરાષ્ટ્રીય મુકાબલો સાબિત નહીં થાય અને પોર્ટુગલની સફર આગળ પણ જારી રહેશે.

એક અહેવાલ અનુસાર, મેચ પૂર્વે મીડિયા સાથેની વાતચીતમાં રોનાલ્ડોએ જણાવ્યું હતું કે, "હું આ ટુર્નામેન્ટની દરેક ક્ષણનો પૂરો



આનંદ માણવા માંગું છું, કારણ કે એ સત્ય છે કે આ મારો છેલ્લો વર્લ્ડ કપ હશે. જોકે મને પૂરી આશા છે કે આવતીકાલની મેચ વર્લ્ડ કપમાં મારો આખરી મુકાબલો સાબિત નહીં થાય." પાંચ વખત પ્રતિષ્ઠિત બેલોન ડી'ઓર ઍવૉર્ડ જીતી ચૂકેલો રોનાલ્ડો આ ટુર્નામેન્ટની તમામ 4 મેચોમાં પ્લેઈંગ-11નો હિસ્સો રહ્યો છે અને તેણે 3 શાનદાર ગોલ પણ કર્યા છે. પ્રેસ કોન્ફરન્સમાં વારંવાર નિવૃત્તિ અંગે પૂછાતા સવાલો પર રોનાલ્ડોએ નારાજગી વ્યક્ત કરી હતી. તેણે તીખો પ્રહાર કરતાં કહ્યું:

"હું ત્યારે રિટાયર થઈશ જ્યારે મારો પોતાનો નિર્ણય હશે, નહીં કે જ્યારે તમે લોકો ઈચ્છશો. આ સવાલ વારંવાર પૂછીને સમય બગાડવા જેવો છે. મારું ધ્યાન માત્ર આવતીકાલની મેચ પર જ કેન્દ્રિત છે." રોનાલ્ડોએ વધુમાં ઉમેર્યું કે, "અમે અહીં માત્ર ભાગ લેવા નથી આવ્યા, પરંતુ વર્લ્ડ કપ ટ્રોફી જીતવા આવ્યા છીએ. જો અમને એવું ન લાગતું હોત કે અમે વર્લ્ડ કપ જીતી શકીએ છીએ, તો અમે અહીં હોત જ નહીં. અમે દરેક મેચ સાથે પ્રદર્શનમાં સુધારો કર્યો છે."

પોતાના ફોર્મ વિશે વાત કરતાં તેણે હસતાં હસતાં કહ્યું કે, "હું એટલો ખરાબ પણ નથી રમી રહ્યો, મેં 3 ગોલ કર્યા છે. બીજા ખેલાડીઓએ વધુ ગોલ કર્યા છે કારણ કે તેઓ શાનદાર રમી રહ્યા છે. જોઈએ, આવતીકાલે હું ગોલ કરી શકું છું કે નહીં."

પોર્ટુગલની ટીમ રાઉન્ડ ઑફ 32માં ક્રોએશિયા સામે 2-1થી રોમાંચક જીત મેળવીને અહીં સુધી પહોંચી છે, જેમાં ગોન્કાલો રામોસે સ્ટોપેજ-ટાઈમમાં વિનિંગ ગોલ કર્યો હતો. રોબર્ટો માર્ટિનેઝની કોચિંગ હેઠળની પોર્ટુગલ ટીમ દેશના ઈતિહાસમાં પહેલીવાર સતત બીજી વખત વર્લ્ડ કપ ક્વાર્ટર ફાઈનલમાં પહોંચવા મેદાન પર ઉતરશે. બીજી તરફ, તેમની સામે મજબૂત સ્પેન ટૂર્નામેન્ટમાં અજેય દેખાઈ રહ્યું છે. લુઈસ ડે લા ફુએન્ટેની સ્પેનીશ ટીમે ઓસ્ટ્રિયાને 3-0થી હરાવીને રાઉન્ડ ઑફ 16માં જગ્યા બનાવી છે. ખાસ વાત એ છે કે સ્પેન વર્ષ 2014માં જર્મની પછીની એવી પ્રથમ ટીમ બની છે જેણે નૉકઆઉટ મેચમાં વિરોધી ટીમને એક પણ 'શૉટ ઓન ટાર્ગેટ' લેવા દીધો નથી. ઉલ્લેખનીય છે કે, વર્ષ 2018ના વર્લ્ડ કપમાં જ્યારે આ બંને ટીમો સામસામે આવી હતી, ત્યારે મેચ 3-3થી ડ્રો રહી હતી અને રોનાલ્ડોએ યાદગાર હેટ્રિક ફટકારી હતી. હવે આ વિદાય વર્લ્ડ કપમાં કૅપ્ટન રોનાલ્ડો ફરી એકવાર ટીમ માટે તારણહાર બને છે કે નહીં તે જોવું રસપ્રદ રહેશે.

# મહિલા સિનેમેટોગ્રાફર્સ સંગઠને પ્રતીક શાહની માફી ફગાવી

**મુંબઈ, તા.06**

ઈન્ડિયન વુમન સિનેમેટોગ્રાફર્સ કલેક્ટિવ (આઈડબ્લ્યુસીસી) એ અનેક યૌન દુર્વ્યવહારના આરોપો બાબતે 'હોમબાઉન્ડ' સહિતની ફિલ્મોના સિનેમેટોગ્રાફર પ્રતીક શાહની માફી ફગાવી દીધી છે અને તેને વાસ્તવિક પશ્ચાતાપની બદલે એક હેતુપૂર્વકની રણનીતિ ગણાવી છે. કલેક્ટિવે ફિલ્મ ઉદ્યોગને આગ્રહ કર્યો છે કે પ્રતીક શાહના નિવેદનને ખરી માફીની બદલે વ્યાવસાયિક પ્રતિષ્ઠા બચાવવાનો પ્રયાસ તરીકે ગણાવું જોઈએ.

એક વિસ્તૃત નિવેદનમાં આઈડબ્લ્યુસીસીએ પ્રતીક શાહ પર મહિલા સહકર્મીઓની નગ્ન




તસવીરો માગવી તથા ભાવનાત્મક શોષણ કરવા સહિતના ગંભીર પોતાની સામેના આરોપોને નબળા પાડવા માટે ચિકિત્સાના બહાના ઉપજાવવા તથા તેમજ ગોળગોળ ભાષાનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો છે. કલેક્ટિવની દલીલ છે કે તેની માફીમાં સામેલ મહિલાઓને થયેલી પીડાની અવગણના કરવામાં આવી છે અને તેની બદલે પોતાની દાવ પર લાગેલી પ્રતિષ્ઠા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

તેના ચિકિત્સા અને સંયમના દાવા પર પણ સવાલ ઉઠાવાયા છે અને તેને લોકોનું ધ્યાન ભટકાવવાની રણનીતિ ગણાવી છે.

આઈડબ્લ્યુસીસીએ આરોપ લગાવ્યો છે કે શાહએ વર્ષો પહેલા એક અન્ય ફરિયાદ પછી આવી જ રીતે માફી માગી હતી અને વ્યવહારને બદલ્યા વિના વારંવાર માફી માગવાની ચાલાકી કરી હતી. નવા આરોપોને કારણ પ્રતીકે સૌરવ ગાંગુલીની બાયોપિક સહિતની કેટલીક ફિલ્મો ગુમાવવી પડી છે.

# હાથીદાંત રાખવા બદલ કાનૂની માફી માગવા મોહનલાલના પ્રયાસો

**મુંબઈ, તા.06**

મલયાલમ સુપરસ્ટાર મોહનલાલે સ્વીકાર્યું છે કે તેણે હાથીદાંત સહિતની વન્યજીવોને લગતી પ્રતિબંધિત ચીજો પોતાના સંગ્રહમાં રાખી છે. હવે મોહનલાલે વન ટાઈમ એમ્નેસ્ટીની સ્કિમ હેઠળ ફોર્મ ભર્યું છે. મોહનલાલનો ઈરાદો વન્યજીવો સાથે



સંકળાયેલી પોતાની વસ્તુઓને કાનૂની રૂપે કાયદેસર બનાવવાનો અને કાનૂની સુરક્ષા હાંસલ કરવાનો છે. સ્કીમની પ્રક્રિયા હેઠળ હાલ તેના આવેદનની ચકાસણી થઈ રહી છે.

તપાસના હિસ્સા તરીકે વન વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ મોહનલાલના કોચી સ્થિત ઘરની મુલાકાત લીધી હતી અને તેની પાસે હાથીદાંતની વસ્તુઓના સ્રોત, તેને ક્યારે મેળવી તેમજ પહેલા તેની જાણકારી કેમ ન અપાઈ તેના વિશે પૂછપરછ કરી હતી. આ તપાસ કેરળ હાઈકોર્ટના તેના માલિકી હક્કના સર્ટિફિકેટ રદ કરવા અને હાથીદાંતની વસ્તુઓ પોતાની પાસે રાખવાની મંજૂરી દેનાર સરકારી આદેશને અમાન્ય કરવાના ચુકાદા બાદ થઈ છે. કાનૂની વિવાદ હજી શમ્યો નથી. મોહનલાલે ટ્રાયલ કોર્ટની કાર્યવાહીને પડકારી છે અને કેરળ હાઈકોર્ટમાં આપરાધિક કેસને રદ કરવાની માગણી કરી છે.

# રિલીઝના માત્ર 48 કલાકમાં જ દિલજીતની ફિલ્મ 'Satluj' કેમ હટાવી દેવાઈ?

**મુંબઈ, તા.06**

બોલિવૂડ અને પંજાબી સિનેમાના સુપરસ્ટાર દિલજીત દોસાંજની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'સતલુજ' ડિજિટલ પ્લેટફોર્મ Zee5 પર રિલીઝ થતાં જ ફરી એકવાર વિવાદોના વમળમાં ફસાઈ છે. ઓટીટી પર રિલીઝ થયાના માત્ર 48 કલાકની અંદર જ આ ફિલ્મને ભારતમાં સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ પરથી હટાવી દેવામાં આવી છે. આખરે આ ફિલ્મ પાછળનો વિવાદ શું છે? સેન્સર બોર્ડ સાથે તેનો શું વિવાદ હતો? અને શા માટે આ ફિલ્મને લઈને દિલજીત દોસાંજ આટલા ભાવુક અને આક્રમક દેખાયા? આ તમામ પ્રશ્નોના જવાબો વિગતવાર સમજીએ.

આ ફિલ્મ કોઈ કાલ્પનિક વાર્તા નથી, પરંતુ પંજાબના પ્રખ્યાત માનવાધિકાર કાર્યકર જસવંત સિંહ ખાલરાના વાસ્તવિક જીવન અને તેમના બલિદાન પર આધારિત બાયોપિક છે. ફિલ્મમાં જસવંત સિંહ ખાલરાનું મુખ્ય પાત્ર દિલજીત દોસાંજે ભજવ્યું છે.

શું હતો મુદ્દો? વર્ષ 1984થી 1994 દરમિયાન પંજાબમાં ઉગ્રવાદના સમયગાળામાં હજારો યુવાનો રહસ્યમય રીતે ગુમ થઈ ગયા હતા. જસવંત સિંહ ખાલરાએ આ ગુમ થયેલા લોકો અને પોલીસ દ્વારા કથિત રીતે અજાણ્યા ગણીને કરી દેવાયેલા હજારો અંતિમ સંસ્કારના મામલાની ઊંડી તપાસ કરી હતી.

ખાલરાનું શું થયું? તેમની આ તપાસને કારણે પંજાબ અને સમગ્ર દેશમાં મોટો ખળભળાટ મચી ગયો હતો. પરંતુ, વર્ષ 1995માં જસવંત સિંહ ખાલરા પોતે પણ રહસ્યમય રીતે ગુમ થઈ ગયા હતા.

અદાલતનો ચુકાદો: બાદમાં તપાસમાં બહાર આવ્યું કે તેમનું અપહરણ કરીને હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં વર્ષ 2005માં પંજાબ પોલીસના 4 કર્મચારીઓને દોષિત ઠેરવી 7 વર્ષની સજા કરાઈ હતી, જેને વર્ષ 2007માં હાઈકોર્ટે વધારીને આજીવન કેદમાં ફેરવી દીધી હતી.

આ ફિલ્મ ઓટીટી પર આવી તે પહેલાં થિયેટરોમાં રિલીઝ થવાની હતી, પરંતુ સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC) સાથે તેને મોટો વિવાદ થયો: 127 કટ્સની માંગણી: સેન્સર બોર્ડે ફિલ્મના વિષયને અત્યંત સંવેદનશીલ ગણાવીને તેમાં 127



કટ્સ કરવાની ભલામણ કરી હતી. આ કારણે ફિલ્મની રિલીઝ વારંવાર લંબાઈ.

નામમાં વારંવાર ફેરફાર: ફિલ્મનું ઓરિજિનલ નામ 'ઘલ્લૂઘારા' રાખવામાં આવ્યું હતું. 'ઘલ્લૂઘારા' એ શીખ ઈતિહાસમાં થયેલા નરસંહાર (જેમ કે વર્ષ 1746, 1762 અને 1984) માટે વપરાતો ઐતિહાસિક શબ્દ છે. સેન્સર બોર્ડના વાંધા બાદ તેનું નામ બદલીને 'પંજાબ 95' કરાયું. સેન્સર બોર્ડે આ નામ સામે પણ વાંધો ઉઠાવતા અને 21 કટ્સ આપતા નિર્માતાઓ બોમ્બે હાઈકોર્ટ પહોંચ્યા હતા. વિવાદોના કારણે વર્ષ 2023ના ટોરોન્ટો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાંથી પણ તેનું પ્રીમિયર રાજકીય કારણોસર રદ કરવામાં આવ્યું હતું. આખરે, તમામ કાનૂની ગૂંચવણો બાદ ફિલ્મનું નામ બદલીને 'સતલુજ' રાખવામાં આવ્યું અને તે 3 જુલાઈએ સીધી ઓટીટી પર રિલીઝ થઈ.

ફિલ્મ 'સતલુજ' 3 જુલાઈએ Zee5 પર રિલીઝ થઈ, પરંતુ 5 જુલાઈએ પ્લેટફોર્મે અચાનક તેને ભારતના કેટલોગમાંથી હટાવી દીધી. Zee5 નું સત્તાવાર કારણ: કંપનીએ ઈન્સ્ટાગ્રામ પર જણાવ્યું કે, 'હાલના ડેવલપમેન્ટને ધ્યાનમાં રાખીને આ ફિલ્મ આગામી સૂચના સુધી ભારતમાં ઉપલબ્ધ રહેશે નહીં.' જોકે, કંપનીએ સ્પષ્ટ કર્યું કે તેઓ આ શક્તિશાળી વાર્તાની સાથે મજબૂતપણે ઊભા છે અને કાનૂની પ્રક્રિયાઓ પૂર્ણ કરીને તેને ટૂંક સમયમાં ભારતભરના દર્શકો માટે ફરી લાઈવ કરવાના પ્રયાસો કરી રહ્યા છે. આ ફિલ્મ વિદેશમાં Zee5 Global પર હજુ પણ જોઈ શકાય છે.

આ ફિલ્મ ડિજિટલ પ્લેટફોર્મ પરથી હટી જશે તેની આશંકા મુખ્ય અભિનેતા દિલજીત દોસાંજને પહેલાથી જ હતી. એટલા માટે જ તેમણે ફિલ્મનું કોઈ મોટું પ્રમોશન કર્યું નહોતું.

ફેન્સને આપી હતી સલાહ: શનિવારે જ ઈન્સ્ટાગ્રામ લાઈવ દરમિયાન દિલજીતે પોતાના ચાહકોને કહ્યું હતું કે, 'મને લાગે છે કે સોમવાર સુધીમાં કદાચ ફિલ્મ હટાવી દેવાશે, તેથી તમે અત્યારે જ તેને ઓનલાઈન ડાઉનલોડ કરીને જોઈ લો.'

સોમવારે સવારે જ્યારે ફિલ્મ ખરેખર હટાવી દેવામાં આવી, ત્યારે દિલજીત દોસાંજ ફરી ઈન્સ્ટાગ્રામ પર લાઈવ આવ્યા અને પોતાનો આક્રોશ તેમજ સંતોષ બંને વ્યક્ત કર્યો: 'મને જે ડર હતો તે જ થયું. ફિલ્મ સોમવાર પહેલા જ હટાવી દેવાઈ, એટલે જ અમે કોઈ પ્રમોશન કર્યું નહોતું. પ્રમોશન વિના સીધી ઓનલાઈન રિલીઝ કરવી જ યોગ્ય હતી. તમે મને જેટલો ત્રાસ આપવો હોય એટલો આપી શકો છો, હું મારા અંતિમ શ્વાસ સુધી પંજાબની સાથે જ રહીશ. મને એ વાતનો સંતોષ છે કે આખરે આ વાર્તા લોકો સુધી પહોંચી ગઈ છે. આજે દેશનો યુવા વર્ગ અને દરેક ઘર જસવંત સિંહ ખાલરાના બલિદાન વિશે વાત કરી રહ્યું છે. ઈન્ટરનેટ પર એકવાર આવેલી વસ્તુ ક્યારેય સંપૂર્ણપણે ડિલીટ થતી નથી, લોકોએ તેને ડાઉનલોડ કરી લીધી છે અને એકબીજાને બતાવી રહ્યા છે.'

'સતલુજ' એ પંજાબના માનવાધિકાર કાર્યકર જસવંત સિંહ ખાલરાના જીવનની સત્ય ઘટના પર આધારિત ફિલ્મ છે. તેના વિષયની સંવેદનશીલતા અને ભૂતકાળના રાજકીય-પોલીસ વિવાદોના કારણે સેન્સર બોર્ડે તેને થિયેટરમાં રિલીઝ થવા ન દીધી. જ્યારે તે નામ બદલીને ઓટીટી પર આવી, ત્યારે પણ કાનૂની કે રાજકીય દબાણોના કારણે તેને ભારતમાં માત્ર 48 કલાકમાં જ હોલ્ડ પર મૂકી દેવામાં આવી છે.

# સેન્સેક્સ 521 પોઈન્ટ વધીને 78,285 પર બંધ થયો: નિફ્ટીમાં પણ 160 પોઈન્ટનો ઉછાળો રહ્યો, મેટલ અને ઓટો શેર્સમાં વધુ ખરીદી જોવા મળી

મુંબઈ, તા.06




ભારતીય ઈક્વિટી માર્કેટમાં હાલમાં ચોતરફ ખરીદીનો માહોલ જોવા મળી રહ્યો છે અને સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ દિવસે એટલે કે 6 જુલાઈએ બજારે ફરી એકવાર ધમાકેદાર પ્રદર્શન કરીને રોકાણકારોને ખુશ કરી દીધા છે. સોમવારે સવારથી જ સ્થાનિક શેરબજારમાં બુલ્સ (તેજીવાળા) એ પોતાનો દબદબો જાળવી રાખ્યો હતો, જેના કારણે મુખ્ય સૂચકાંકો રેકોર્ડ ઊંચાઈ તરફ આગળ વધતા જોવા મળ્યા હતા. આજના કારોબારના અંતે, બોમ્બે સ્ટોક એક્સચેન્જનો અગ્રણી ઈન્ડેક્સ સેન્સેક્સ 521 પોઈન્ટના આક્રમક ઉછાળા સાથે 78,285 ના અત્યંત મજબૂત સ્તર પર બંધ થયો છે. સેન્સેક્સની આ તેજીની સાથે જ નેશનલ સ્ટોક એક્સચેન્જનો સંવેદનશીલ સૂચકાંક નિફ્ટી પણ પાછળ રહ્યો ન હતો. નિફ્ટીએ પણ આજે 160 પોઈન્ટની શાનદાર આગેકૂચ નોંધીને 24,430 ની નવી ઐતિહાસિક સપાટી પર સફળતાપૂર્વક ક્લોઝિંગ આપ્યું છે.

આજના ટ્રેડિંગ સેશનની સૌથી મોટી વિશેષતા એ રહી કે બજારમાં માત્ર કોઈ એક ચોક્કસ સેક્ટરમાં જ નહીં, પરંતુ ચોતરફ લેવાલીનો માહોલ હતો. ખાસ કરીને ઓટોમોબાઈલ, રિયલ્ટી, મેટલ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ સેક્ટરના શેરોમાં રોકાણકારોએ પડાપડી કરી હતી. આ હેવીવેઈટ શેરોમાં આવેલી જોરદાર ખરીદીએ જ આજના બજારને આટલી મોટી તેજી તરફ ધકેલવામાં મુખ્ય સંચાલક બળ તરીકે કામ કર્યું છે. રોકાણકારોના આ મજબૂત સેન્ટિમેન્ટને કારણે બજાર શરૂઆતથી અંત સુધી લીલા નિશાનમાં જ ટ્રેડ કરતું રહ્યું હતું. આ અગાઉના ટ્રેડિંગ સેશનમાં એટલે કે શુક્રવાર, 3 જુલાઈએ પણ બજારમાં આવી જ તેજી જોવા મળી હતી, જ્યાં સેન્સેક્સ 261 પોઈન્ટ વધીને 77,764 પર અને નિફ્ટી 95 પોઈન્ટ વધીને 24,270 ના સ્તરે બંધ રહ્યો હતો. આમ, સતત બે ટ્રેડિંગ સેશનથી બજારમાં જોવા મળી રહેલો આ સકારાત્મક ટ્રેન્ડ રોકાણકારોનો આત્મવિશ્વાસ વધારી રહ્યો છે.

બજારની આ તેજી પાછળ સંસ્થાકીય રોકાણકારોના આંકડા પણ ખૂબ જ રસપ્રદ ચિત્ર રજૂ કરે છે. શુક્રવારના ટ્રેડિંગ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FII) એ ભારતીય બજારમાં ફરી સક્રિયતા બતાવી છે અને તેઓએ 1,355 કરોડ રૂપિયાના શેરની ચોખ્ખી ખરીદી કરી છે. જોકે, તેની સામે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (DII) એ નફો બુક કરવાનું યોગ્ય માન્યું હતું અને શુક્રવારે 1,954 કરોડ રૂપિયાની નેટ વેચવાલી કરી હતી. પરંતુ જો આપણે લાંબા ગાળાના ટ્રેન્ડ પર નજર કરીએ તો, છેલ્લા 7 દિવસમાં સ્થાનિક રોકાણકારોએ 9,832 કરોડ રૂપિયાની અને છેલ્લા 30 દિવસમાં રેકોર્ડબ્રેક 54,857 કરોડ રૂપિયાની જંગી ખરીદી કરીને ભારતીય બજારને એક મજબૂત કવચ પૂરું પાડ્યું છે, જેના કારણે વિદેશી રોકાણકારોની અવારનવાર થતી વેચવાલી (જે છેલ્લા 30 દિવસમાં 18,011 કરોડ રૂપિયા રહી છે) ની બજાર પર કોઈ મોટી નકારાત્મક અસર થઈ નથી.

વૈશ્વિક મોરચે નજર કરીએ તો આંતરરાષ્ટ્રીય બજારોમાંથી બહુ સાનુકૂળ સંકેતો નહોતા, તેમ છતાં ભારતીય બજારે પોતાની મજબૂતી સાબિત કરી છે. એશિયન બજારોમાં આજે મિશ્ર કારોબાર જોવા મળ્યો હતો, જેમાં દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ 37 પોઈન્ટ એટલે કે 0.46% ના ઘટાડા સાથે 8,051 પર બંધ થયો હતો, જ્યારે જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ પણ મામૂલી 6 પોઈન્ટ તૂટીને 69,738 ના સ્તરે સ્થિર થયો હતો. જોકે, હોંગકોંગના હેંગસેંગ ઈન્ડેક્સમાં રોકાણકારોએ ભારે ખરીદી કરી હતી, જેના કારણે તે 266 પોઈન્ટ એટલે કે 1.14% ના ઉછાળા સાથે 23,616 પર બંધ થવામાં સફળ રહ્યો હતો.

બીજી તરફ, વિશ્વના સૌથી મોટા શેરબજાર એવા અમેરિકી માર્કેટમાં પણ શુક્રવારે ભારે વોલેટિલિટી (ઉતાર-ચઢાવ) સાથે મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો હતો. અમેરિકાના મેઈન ઈન્ડેક્સ ડાઉ જોન્સે 595 પોઈન્ટ એટલે કે 1.14% નો મોટો કુદકો લગાવ્યો હતો અને તે 52,900 ના સ્તરે પહોંચ્યો હતો. પરંતુ આ જ સમયે આઈટી કંપનીઓથી ભરપૂર એવા નાસ્ડેક ઈન્ડેક્સમાં પ્રોફિટ બુકિંગ જોવા મળ્યું હતું, જેના કારણે તે 207 પોઈન્ટ એટલે કે 0.80% ઘટીને 25,833 પર આવી ગયો હતો, જ્યારે S&P 500 ઈન્ડેક્સ કોઈ પણ જાતના ફેરફાર વગર 7,483 ના સ્તર પર ફ્લેટ બંધ રહ્યો હતો. આ તમામ વૈશ્વિક વધ-ઘટ વચ્ચે પણ ભારતીય અર્થતંત્રની મજબૂતી અને સ્થાનિક રોકાણકારોના અવિરત ટેકાને કારણે ભારતીય શેરબજારે આજે એક નવો ઈતિહાસ રચીને તેજીનો પરચો આપ્યો છે.

# ક્યારે સસ્તાં થશે પેટ્રોલ-ડીઝલ? ભારે ઉથલપાથલ વચ્ચે 7 દેશોએ મળીને લીધો મોટો નિર્ણય......!

નવી દિલ્હી, તા.06




મિડલ ઈસ્ટમાં ચાલી રહેલો તણાવ હવે લગભગ સમાપ્ત થઈ ગયો છે. દુનિયાભરમાં ઓઈલ અને ગેસની સપ્લાય માટે સૌથી મહત્ત્વપૂર્ણ ગણાતા 'હોર્મુઝ સ્ટ્રેટ' પરથી ઓઈલ ટેન્કરોની અવરજવર ફરી સામાન્ય થઈ ગઈ છે. અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ સમજૂતી માટે ચાલી રહેલી વાતચીતના સકારાત્મક સંકેતોને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતોમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. સોમવારે બ્રેન્ટ ક્રૂડ ઓઈલની કિંમત 1 ટકા જેટલી ઘટીને 72 ડોલર પ્રતિ બેરલની નીચે એટલે કે 71 ડોલરની આસપાસ પહોંચી ગઈ છે. બીજી તરફ, WTI ક્રૂડ ઓઈલ પણ ઘટીને 68 ડોલર પ્રતિ બેરલ પર ટ્રેડ કરી રહ્યું છે. સપ્લાય ચેઈન સુધરતાં ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ અને બ્રિટન સહિતના દેશોને મોટી રાહત મળી છે. ક્રૂડ ઓઈલની ઘટતી કિંમતો વચ્ચે અત્યાર સુધી પરસ્પર મતભેદો ધરાવતા OPEC+ (ઓર્ગેનાઈઝેશન ઓફ પેટ્રોલિયમ એક્સપોર્ટિંગ કન્ટ્રીઝ) દેશોએ એક થઈને મોટો નિર્ણય લીધો છે. સાઉદી અરેબિયા અને રશિયાની આગેવાની હેઠળ ઈરાક, કુવૈત, કઝાકિસ્તાન, અલ્જીરિયા અને ઓમાન જેવા 7 દેશોએ આવતા મહિનાથી ઓઈલનું ઉત્પાદન વધારવાની મંજૂરી આપી દીધી છે.

આ નિર્ણય હેઠળ બજારમાં દરરોજ 1.88 લાખ બેરલ વધારાનું ક્રૂડ ઓઈલ પ્રોડ્યુસ કરવામાં આવશે. સતત પાંચમા મહિને ઉત્પાદન વધારવા પર સહમતિ બની છે, જેનાથી આગામી સમયમાં વૈશ્વિક બજારમાં ઓઈલની કોઈ અછત નહીં રહે. OPEC+ દેશોએ જણાવ્યું છે કે તેઓ ઓઈલ બજારની સ્થિરતા જાળવી રાખવા માટે સતર્ક દ્રષ્ટિકોણ અપનાવવાનું ચાલુ રાખશે. જો ઓઈલ ઉત્પાદક દેશોના નિર્ણય મુજબ બજારમાં ક્રૂડ ઓઈલનું ઉત્પાદન વધશે, તો આંતરરાષ્ટ્રીય બજારમાં ઓઈલના ભાવ હજુ પણ વધુ નીચે આવી શકે છે. ભારત પોતાની જરૂરિયાતના મોટાભાગનું ક્રૂડ ઓઈલ આયાત કરે છે, તેથી જો ક્રૂડ ઓઈલ સસ્તું થશે તો ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (OMCs)ની પડતર કિંમત ઓછી થશે. આનાથી દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ ઘટવાની આશા ઘણી વધી ગઈ છે. જોકે, ભાવ ક્યારે અને કેટલા ઘટશે તે ક્રૂડ ઓઈલની કિંમતો લાંબા સમય સુધી નીચી રહેવા ઉપરાંત ડોલર સામે રૂપિયાની સ્થિતિ, રિફાઈનિંગ અને ટ્રાન્સપોર્ટેશન કોસ્ટ તેમજ રાજ્યોના વેટ (VAT) જેવા પરિબળો પર પણ આધાર રાખશે. મિડલ ઈસ્ટ સંકટ દરમિયાન સરકારી ઓઈલ કંપનીઓને થયેલા નુકસાનને કારણે ભારતમાં ચાર વર્ષ બાદ તાજેતરમાં જ પેટ્રોલ-ડીઝલના ભાવમાં ચાર વખતમાં આશરે 7 રૂપિયા પ્રતિ લીટરનો વધારો કરવામાં આવ્યો હતો. હવે સ્થિતિ સામાન્ય થતાં દેશના પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ કિંમતોમાં ઘટાડો કરવા અંગે સ્થિતિ સ્પષ્ટ કરી છે. તેમણે જણાવ્યું હતું કે, ઓઈલ કંપનીઓ પાસે જે સ્ટોક ઉપલબ્ધ છે તે બેથી અઢી મહિના પહેલાં મોંઘા ભાવે ખરીદવામાં આવ્યો હતો. જો આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ક્રૂડ ઓઈલની કિંમતો વર્તમાન સ્તર પર જ જળવાઈ રહેશે, તો આગામી સમયમાં ભાવ ઘટાડા અંગે સ્થિતિ એકદમ સ્પષ્ટ થઈ જશે.

# વોટ્સએપ યુઝરનેમ વિવાદ પર જવાબ આપવાની સમયમર્યાદા 9-જુલાઈ સુધી લંબાવાઈ

નવી દિલ્હી, તા.06



ઈલેક્ટ્રોનિક્સ અને સૂચના પ્રૌદ્યોગિકી મંત્રાલયે વોટ્સએપના વિવાદાસ્પદ યુઝરનેમ ફીચર પર જવાબ આપવા માટે મેટાની સમયમર્યાદાને ત્રણ દિવસ વધુ લંબાવી દીધી છે. એક સરકારી અધિકારીએ રવિવારે જણાવ્યું કે હવે કંપનીએ 9 જુલાઈ સુધીમાં પોતાનો જવાબ સુપરત કરવો પડશે. આ પહેલા સરકારે આ મામલે વોટ્સએપ પાસેથી 6 જુલાઈ સુધીમાં જવાબ માંગ્યો હતો.

સરકારી સૂત્રો અનુસાર, આ નોટિસ મેટાને ત્યારે જાહેર કરવામાં આવી, જ્યારે સરકારે આ નવા ફીચરને લઈને વિગતવાર સ્પષ્ટતાની માગ કરી. આ સાથે જ સરકારે મેટાને કડક નિર્દેશ આપ્યા છે કે જ્યાં સુધી આ સમગ્ર મામલે વાતચીત અને પરામર્શની પ્રક્રિયા પૂરી ન થઈ જાય, ત્યાં સુધી આ ફીચરને ભારતમાં રોલઆઉટ (લોન્ચ) ન કરવામાં આવે.

મેટાની માલિકી હકવાળા પ્લેટફોર્મ વોટ્સએપે તાજેતરમાં એક નવા યુઝરનેમ ફીચરની ઘોષણા કરી હતી. આ ફીચરની મદદથી યુઝર્સ પોતાનો ફોન નંબર શેર કર્યા વિના પણ અન્ય લોકો સાથે વાતચીત કરી શકશે. આ યુઝર્સ માટે એક વૈકલ્પિક યુનિક આઈડેન્ટિફાયર (ઓળખ) તરીકે કામ કરશે. આ યુઝરનેમ હંમેશા '@' સિમ્બોલથી શરૂ થશે, જેમ કે- @Name123. તેનો ઉપયોગ કરીને અન્ય લોકો તમને મેસેજ કે કોલ કરી શકશે અને તમારો ફોન નંબર સંપૂર્ણપણે પ્રાઈવેટ રહેશે. આ યુઝરનેમ તમારી પ્રોફાઈલ પર દેખાતા ડિસ્પ્લે નેમથી અલગ હશે. ડિસ્પ્લે નેમ એક સરખું હોઈ શકે છે, પરંતુ યુઝરનેમ દરેક એકાઉન્ટ માટે બિલકુલ યુનિક હશે.

વોટ્સએપના લેટેસ્ટ વર્ઝનમાં યુઝર્સ 'સેટિંગ્સ'માં જઈને, પછી 'એકાઉન્ટ' અને ત્યારબાદ 'યુઝરનેમ' પર ક્લિક કરીને પોતાની પસંદનું યુઝરનેમ રિઝર્વ કરી શકે છે. જે લોકો પાસે તમારો ફોન નંબર સેવ નથી, તેમને ગ્રુપ ચેટ, ડાયરેક્ટ મેસેજ કે કોલ દરમિયાન ડિફોલ્ટ રૂપે તમારું યુઝરનેમ જ દેખાશે.

મેટા અનુસાર, જો તમારી પસંદનું યુઝરનેમ પહેલાથી કોઈએ લઈ લીધું હોય, તો તમારે બીજું નામ પસંદ કરવું પડશે. આ ઉપરાંત, કેટલાક ખાસ યુઝરનેમ બિઝનેસ, સરકારો કે પબ્લિક ફિગર્સ માટે સુરક્ષિત રાખવામાં આવ્યા છે, જેને કોઈ અન્ય વ્યક્તિ ક્લેમ કરી શકશે નહીં.

મંત્રાલયે ચેતવણી આપી છે કે વોટ્સએપનું આ નવું ફીચર છેતરપિંડી, ઓનલાઈન સ્કેમ અને રૂપ બદલીને ઠગાઈ કરવાની ઘટનાઓને પ્રોત્સાહન આપી શકે છે. સરકારનું માનવું છે કે ફીચર ઈનેબલ થયા પછી પહેલીવાર સંપર્ક કરનાર વ્યક્તિને યુઝરનો ફોન નંબર દેખાશે નહીં, જેનાથી અપરાધીઓની ઓળખ કરવી મુશ્કેલ બનશે. મંત્રાલયે 1 જુલાઈના રોજ મોકલેલી પોતાની નોટિસમાં સ્પષ્ટ કહ્યું છે કે આ ફીચરના આવવાથી ઓનલાઈન ફ્રોડ, ફિશિંગ, ડિજિટલ અરેસ્ટ સ્કેમ અને ઈમ્પર્સનેશન હુમલાના કેસોમાં ઘણો વધારો થઈ શકે છે. તેનાથી ખોટા ઈરાદા રાખનારા અપરાધીઓને પીડિતોને શોધવામાં અને તેમને મેસેજ મોકલવામાં સરળતા રહેશે.

આ ઉપરાંત, આ ફીચરથી ઓળખ ચોરવી પણ સરળ બનશે. ગુનેગારો સામાન્ય લોકો, સરકારી અધિકારીઓ, નાણાકીય સંસ્થાઓ અને સરકારી એજન્સીઓ જેવા યુઝરનેમ રાખીને લોકોને સરળતાથી પોતાનો શિકાર બનાવી શકે છે.

# દેશમાં 'બહાર ખાવા'ને બદલે 'ઘરે મંગાવવા'નો ક્રેઝ: 8.5 લાખ કરોડના ફૂડ માર્કેટમાં ક્લાઉડ કિચન બન્યા નફાનું મશીન

મુંબઈ, તા.06



ભારતીય ગ્રાહકોની ખાવા-પીવાની આદતોમાં આ દિવસોમાં એક બહુ મોટો અને ઐતિહાસિક બદલાવ જોવા મળી રહ્યો છે. હવે લોકો વીકએન્ડ કે રજાના દિવસે બહાર જઈને આલીશાન રેસ્ટોરન્ટમાં બેસીને ખાવા કરતાં, પોતાના ઘરે બેઠા-બેઠા ઓનલાઈન ફૂડ મંગાવવાનું વધુ પસંદ કરી રહ્યા છે. રેડસીર સ્ટ્રેટેજી કન્સલ્ટન્ટ્સના તાજેતરના ચોંકાવનારા રિપોર્ટ અનુસાર, દેશનું ફૂડ સર્વિસિસ બજાર હાલના સમયમાં આશરે 8.5 લાખ કરોડ રૂપિયાનું થઈ ચૂક્યું છે. આ બિઝનેસ એટલી ઝડપથી આગળ વધી રહ્યો છે કે વર્ષ 2030 સુધીમાં તે અકલ્પનીય ગતિ સાથે વધીને લગભગ 14.3 લાખ કરોડ રૂપિયાના સ્તરે પહોંચી જશે તેવો અંદાજ છે. આ સમગ્ર તેજીની સૌથી રસપ્રદ અને આશ્ચર્યજનક બાબત એ છે કે હવે ફૂડ બિઝનેસમાંથી મોટો નફો કમાવવા માટે લાખો કરોડો રૂપિયાનો ધુમાડો કરીને કોઈ મોંઘી કે આલીશાન જગ્યાએ રેસ્ટોરન્ટ ખોલવાની બિલકુલ જરૂર રહી નથી.

આજે ઓનલાઈન ફૂડ ડિલિવરીનો ગ્રોથ રેટ સામાન્ય ઓફલાઈન રેસ્ટોરન્ટ્સ કરતાં લગભગ અઢી ગણી વધુ ઝડપી ગતિએ આગળ વધી રહ્યો છે. આ બદલાતા ટ્રેન્ડમાં 'ક્લાઉડ કિચન' મોડેલ એટલે કે જેમાં ગ્રાહકોને બેસવા માટે કોઈ ડાઈનિંગ વ્યવસ્થા નથી હોતી અને જે માત્ર ઓનલાઈન ડિલિવરીના આધારે જ ચાલે છે, તે સમગ્ર ફૂડ ઈન્ડસ્ટ્રી માટે સૌથી મોટું નફાનું મશીન સાબિત થઈ રહ્યું છે. આંકડાકીય દ્રષ્ટિએ જોઈએ તો, કુલ ફૂડ માર્કેટમાં ઓનલાઈન ડિલિવરીનો હિસ્સો નાણાકીય વર્ષ 2021માં માત્ર 4 ટકા જેટલો જ હતો, જે વર્ષ 2026માં વધીને 11 ટકા પર પહોંચી ગયો છે અને નિષ્ણાતોના મતે વર્ષ 2031 સુધીમાં તે વધીને 18 ટકા થઈ જવાની પ્રબળ સંભાવના છે. નવી ક્લાઉડ કિચન બ્રાન્ડ્સ પોતાની કુલ કમાણીનો 90 ટકા જેટલો મોટો હિસ્સો સીધો ઓનલાઈન ચેનલો દ્વારા મેળવે છે, જ્યારે તેની સામે પરંપરાગત રેસ્ટોરન્ટ્સ માંડ 50 ટકા સુધી જ પહોંચી શકી છે.

આ ડિજિટલ ક્રાંતિ હવે માત્ર મેટ્રો શહેરો પૂરતી સીમિત નથી રહી પરંતુ ભારતના નાના-નાના શહેરો અને કસ્બાઓ સુધી ખૂબ જ ઝડપથી વિસ્તરી ગઈ છે. વર્ષ 2021 થી 2026 ની વચ્ચે મેટ્રો શહેરોમાં ઓનલાઈન ઓર્ડર્સની સંખ્યા 30 કરોડથી વધીને 106 કરોડ થઈ છે, જ્યારે ટિયર-2 અને તેનાથી નાના શહેરોમાં આ આંકડો 6 કરોડથી સીધો 3 ગણો વધીને 18 કરોડને પાર પહોંચી ગયો છે જે દર્શાવે છે કે નાના શહેરોમાં ઓનલાઈન ફૂડનો ક્રેઝ કેટલી હદે વધી ગયો છે. આ બિઝનેસમાં રેબેલ ફૂડ્સ અને બેકિંગો જેવી અગ્રણી બ્રાન્ડ્સ એક ખાસ પ્રકારની બિઝનેસ રણનીતિ પર કામ કરે છે. તેઓ મોંઘા લોકેશન પર શોરૂમ કે દુકાન ભાડે રાખવાને બદલે અંદરની નાની ગલીઓમાં શેયર્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરે છે જેથી તેમનો ફિક્સ્ડ ખર્ચ ખૂબ જ ઓછો થઈ જાય છે. આ સાથે જ તેઓ પોતાના મેન્યુમાં અસંખ્ય વાનગીઓ રાખવાને બદલે માત્ર ગણતરીની અને પસંદગીની આઈટમ્સ જ રાખે છે, જેનાથી કાચા માલનો બગાડ અટકે છે અને ઓર્ડર બનવાની સ્પીડ વધી જાય છે. આ ઉપરાંત ગ્રાહકોને આકર્ષવા માટે તેઓ હેલ્ધી અથવા પ્રીમિયમ કેટેગરીમાં પોતાની બ્રાન્ડનું માર્કેટિંગ કરે છે, જેથી ગ્રાહકો પણ હોંશે-હોંશે ઊંચી કિંમત ચૂકવવા તૈયાર થઈ જાય છે.

હવે ક્લાઉડ કિચન ઓપરેટર્સ માટે માત્ર લંચ કે ડિનર જ નહીં, પરંતુ સાંજનો નાસ્તો, ચા અને કોફી જેવા બેવરેજીસ સેગમેન્ટ 4.2 લાખ કરોડ રૂપિયાના નવા હોટસ્પોટ તરીકે ઉભરી આવ્યા છે. હાલમાં સ્નેક્સનું બજાર 1.9 લાખ કરોડ રૂપિયાનું અને ડેઝર્ટ કે બેવરેજીસનું બજાર 2.3 લાખ કરોડ રૂપિયાનું થઈ ગયું છે, જેમાં સાંજના સમયે શેક્સ અને જ્યુસ જેવા પીણાંની ડિલિવરી ખૂબ જ લોકપ્રિય બની રહી છે. કોફી માર્કેટની વાત કરીએ તો, ઘરની બહાર કોફી પીવાનું ચલણ જે ઝડપે વધી રહ્યું છે તે જોતાં 2030 સુધીમાં આ માર્કેટ આશરે 38 હજાર કરોડ રૂપિયાનું થઈ જશે, જેમાં 100 થી 200 રૂપિયાની મિડ-સેગમેન્ટ કોફીનો વાર્ષિક વિકાસ દર 35 થી 40 ટકા જેટલો માતબર છે. આવી જ રીતે ચાના બિઝનેસમાં પણ મોટો બદલાવ આવ્યો છે; ભલે આજે પણ દેશના 97 ટકા બજાર પર 20 રૂપિયાથી ઓછી કિંમતવાળી ટપરીની ચાનો દબદબો હોય, પરંતુ 100 રૂપિયાથી ઉપરની કિંમત ધરાવતી પ્રીમિયમ ચાનો સેગમેન્ટ દર વર્ષે 20 થી 25 ટકાના દરે મોટો થઈ રહ્યો છે.

પરંપરાગત રીતે મોટા ચા-કોફી બ્રાન્ડ્સનું ગ્રોસ માર્જિન 62 થી 67 ટકા જેટલું ખૂબ જ આકર્ષક હોય છે, પરંતુ મોટા સ્ટોર્સ અને પ્રાઈમ લોકેશનના ઊંચા ભાડાને કારણે તેમનો ચોખ્ખો નફો (એબિટા) માત્ર 5 થી 9 ટકાની આસપાસ જ સીમિત રહી જાય છે.

# ચાંદી ₹2,046 ઘટીને ₹2.32 કિલો પર આવી: સોનું પણ ₹832 સસ્તું થયું, 10 ગ્રામનો ભાવ ₹1.46 લાખ થયો

નવી દિલ્હી, તા.06



વૈશ્વિક અને સ્થાનિક બજારના બદલાતા સમીકરણો વચ્ચે આજે એટલે કે 6 જુલાઈએ સોના અને ચાંદીના ભાવમાં નરમાઈ જોવા મળી છે, જેના કારણે કિંમતી ધાતુઓની ખરીદી કરવા ઈચ્છતા ગ્રાહકોને થોડી રાહત મળી છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન એટલે કે IBJA દ્વારા જાહેર કરવામાં આવેલા સત્તાવાર આંકડાઓ અનુસાર, આજે 10 ગ્રામ 24 કેરેટ સોનાના ભાવમાં 832 રૂપિયાનો મોટો ઘટાડો નોંધાયો છે અને આ ઘટાડા સાથે હવે સોનાની કિંમત 1.46 લાખ રૂપિયાના સ્તર પર આવી ગઈ છે. સોનાની જેમ જ ચાંદીના ભાવમાં પણ આજે મોટો કડાકો જોવા મળ્યો છે. ઔદ્યોગિક માંગમાં ઘટાડાને કારણે એક કિલો ચાંદીના ભાવમાં 2,046 રૂપિયાનો ઘટાડો થયો છે, જેથી હવે એક કિલો ચાંદીની કિંમત ઘટીને 2.32 લાખ રૂપિયા પર આવી ગઈ છે. બજારના નિષ્ણાતો આ ઘટાડાને સામાન્ય નફો બુક કરવાનો ટ્રેન્ડ માની રહ્યા છે.

જો આપણે આ સમગ્ર વર્ષના ટ્રેન્ડ પર નજર કરીએ તો ખ્યાલ આવે છે કે વર્ષ 2026માં અત્યાર સુધી સોના અને ચાંદીની કિંમતોમાં ભારે ઉતાર-ચઢાવનો માહોલ રહ્યો છે. આ વર્ષે સોનાની કિંમતમાં અત્યાર સુધીમાં આશરે 12 હજાર રૂપિયાનો જંગી વધારો થયો છે, જ્યારે ચાંદી પણ 1 હજાર રૂપિયા કરતાં વધુ મોંઘી થઈ ચૂકી છે. ગત વર્ષના અંતે એટલે કે 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનાનો ભાવ 1.33 લાખ રૂપિયાની આસપાસ હતો, જે અત્યારે વધીને 1.46 લાખ રૂપિયા સુધી પહોંચી ગયો છે. તેવી જ રીતે ગત 31 ડિસેમ્બર 2025ના રોજ ચાંદીનો ભાવ 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતો, જે આજે ઘટીને પણ 2.32 લાખ રૂપિયા પર ટકેલો છે. ચાલુ વર્ષ દરમિયાન જ ગત 29 જાન્યુઆરીના રોજ સોના અને ચાંદી બંનેએ પોતાની અત્યાર સુધીની સર્વોચ્ચ સપાટી એટલે કે ઓલટાઈમ હાઈ બનાવી હતી, જેમાં સોનું 1.76 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામ અને ચાંદી 3.86 લાખ રૂપિયા પ્રતિ કિલોના ઐતિહાસિક સ્તરે પહોંચી ગયા હતા.

બજારમાં ચાલી રહેલી આ અસ્થિરતા વચ્ચે જ્યારે પણ તમે જ્વેલર્સ પાસે સોનાની ખરીદી કરવા જાઓ ત્યારે કેટલીક અત્યંત મહત્ત્વની બાબતોનું ખાસ ધ્યાન રાખવું જરૂરી છે જેથી કોઈ છેતરપિંડી ન થાય. સૌ પ્રથમ તો હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ એટલે કે BIS નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ ખરીદવાનો જ આગ્રહ રાખવો જોઈએ. સોનાના દાગીના પર એક ખાસ આલ્ફાન્યુમેરિક નંબર (જેમ કે AZ4524) લખેલો હોય છે, જેના આધારે હોલમાર્કિંગ એપ્લિકેશન દ્વારા જાણી શકાય છે કે સોનું કેટલા કેરેટનું છે અને તેની શુદ્ધતા કેટલી છે. આ ઉપરાંત ખરીદી કરતા સમયે સોનાની કિંમતને હંમેશા ક્રોસ ચેક કરવી જોઈએ. જે દિવસે તમે સોનું ખરીદો તે દિવસે તેનું સાચું વજન અને ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ પર ચાલી રહેલા લાઈવ ભાવ મેળવી લેવા જોઈએ, કારણ કે 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે સોનાના ભાવમાં મોટો તફાવત હોય છે.

સોનાની જેમ જ બજારમાં નકલી ચાંદીનું વેચાણ પણ ખૂબ થતું હોય છે, પરંતુ કેટલીક સરળ ઘરેલું રીતો દ્વારા અસલી અને નકલી ચાંદીની ઓળખ સેકન્ડોમાં કરી શકાય છે. આના માટે સૌથી પહેલો ટેસ્ટ મેગ્નેટ એટલે કે ચુંબકનો છે, કારણ કે અસલી ચાંદી ક્યારેય ચુંબક તરફ આકર્ષાતી નથી કે ચોંટતી નથી; જો તમારી ચાંદી ચુંબક સાથે ચોંટી જાય તો સમજી લેવું કે તેમાં લોખંડ કે અન્ય ધાતુની ભેળસેળ છે. બીજી રીત બરફ એટલે કે આઈસ ટેસ્ટની છે, જેમાં ચાંદીના સિક્કા કે દાગીના પર બરફનો ટુકડો રાખવાથી અસલી ચાંદી થર્મલ કંડક્ટિવિટીના કારણે બરફને ખૂબ જ ઝડપથી ઓગાળી નાખે છે. આ સિવાય સ્મેલ ટેસ્ટ પણ એક સારો ઉપાય છે, કારણ કે અસલી ચાંદીમાં કોઈ ચોક્કસ ગંધ હોતી નથી જ્યારે નકલી ચાંદીમાંથી કોપર એટલે કે તાંબા જેવી ગંધ આવતી હોય છે. છેલ્લે ક્લોથ ટેસ્ટ દ્વારા પણ જાણી શકાય છે કે ચાંદી સાચી છે કે નહીં; આના માટે ચાંદીની વસ્તુને કોઈ પણ ચોખ્ખા સફેદ કપડાથી હળવેથી ઘસવાથી જો કપડા પર કાળો ડાઘ કે નિશાન આવી જાય, તો તે ચાંદી સો ટકા અસલી હોવાની પાકી નિશાની છે.

# અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસ શિવપુરીમાં 2,500 કરોડનું રોકાણ કરશે, દક્ષિણ એશિયાની સૌથી મોટી પ્રાઈવેટ મિસાઈલ ઈકોસિસ્ટમ સ્થાપશે

નવી દિલ્હી, તા.06



અદાણી એન્ટરપ્રાઈઝ લિમિટેડ (AEL)ની સંરક્ષણ અને એરોસ્પેસ શાખા, અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસે દક્ષિણ એશિયાની સૌથી મોટી ખાનગી ક્ષેત્રની મિસાઈલ ઈકોસિસ્ટમ સ્થાપવા માટે મધ્ય પ્રદેશના શિવપુરીમાં રૂપિયા 2,500 કરોડના પ્રોજેક્ટનું ભૂમિપૂજન કર્યું છે. આ પ્રોજેક્ટ હેઠળ એક જ સ્થળે કમ્પોઝિટ પ્રોપેલન્ટ અને ટ્રાયનાઈટ્રોટોલ્યુઈન (TNT)ના ઉત્પાદન સાથે અદ્યતન મિસાઈલ ઈકોસિસ્ટમ સ્થાપવામાં આવશે, જે ભારતના ખાનગી ક્ષેત્રમાં આ પ્રકારની પ્રથમ બેકવર્ડ-ઈન્ટિગ્રેટેડ ક્ષમતાનું નિર્માણ કરશે.

આ સીમાચિહ્નરૂપ રોકાણથી 5,000 પ્રત્યક્ષ અને પરોક્ષ કુશળ રોજગારીની તકો ઊભી થશે, જેનાથી મધ્ય પ્રદેશ એક વ્યૂહાત્મક સંરક્ષણ હબ તરીકે ઉભરી આવશે તેમજ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSMEs) માટે નવી તકો પેદા થશે. આ સુવિધા સિસ્ટમ ઈન્ટિગ્રેશન અને નિર્ણાયક સામગ્રીના ઉત્પાદનને એકસાથે લાવીને ભારતની સંરક્ષણ સપ્લાય ચેઈનમાં રહેલી લાંબા સમયની ખામીને દૂર કરશે, જેનાથી ભારતીય સશસ્ત્ર દળો મોટા પાયે સ્વદેશી મિસાઈલ પ્રણાલીઓનો સમાવેશ કરી શકશે. આ સીમાચિહ્નરૂપ રોકાણ રાજ્યને વ્યૂહાત્મક ઉત્પાદન માટે એક પસંદગીના સ્થળ તરીકે મજબૂત કરે છે અને ભારતની સ્વદેશી સંરક્ષણ ઈકોસિસ્ટમને વેગ આપશે. કેન્દ્રીય મંત્રી અને ગુનાના સાંસદ જ્યોતિરાદિત્ય સિંધિયાએ આ પ્રોજેક્ટના પ્રભાવ વિશે વાત કરતા જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ શિવપુરી-ગુના ક્ષેત્ર માટે એક નવા ઔદ્યોગિક પ્રકરણની શરૂઆત છે, જે આ ક્ષેત્રમાં ઉચ્ચ ગુણવત્તાવાળી રોજગારીની તકો લાવશે. આ કાર્યક્રમમાં અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ (APSEZ)ના મેનેજિંગ ડિરેક્ટર કરણ અદાણી અને રાજ્યના ઉર્જા મંત્રી પ્રદ્યુમન સિંહ તોમર પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રોજેક્ટ મિસાઈલ સિસ્ટમ ઈન્ટિગ્રેશન અને તેના માટે જરૂરી સામગ્રીના ઉત્પાદનને એક જ સ્થળે લાવીને દેશને એક સાર્વભૌમ ક્ષમતા પ્રદાન કરશે, જે 'આત્મનિર્ભર ભારત' ના વિઝનને મજબૂત બનાવશે. આ અદ્યતન સુવિધા ઓટોમેટેડ પ્રોડક્શન સિસ્ટમ્સ અને વૈશ્વિક સુરક્ષા માપદંડો સાથે એકસાથે અનેક મિસાઈલ કાર્યક્રમોને સપોર્ટ કરશે, જે ભારતીય સશસ્ત્ર દળો અને આંતરરાષ્ટ્રીય ભાગીદારોની જરૂરિયાતોને પૂરી કરશે. અદાણી ડિફેન્સે અગાઉ 2020થી ગ્વાલિયરમાં એક મજબૂત નાના હથિયારોની ઈકોસિસ્ટમ વિકસાવી છે, જ્યાંથી પિસ્તોલ, લાઈટ મશીન ગન, કાર્બાઈન અને એસોલ્ટ રાઈફલ્સ જેવા હથિયારો ભારતીય સશસ્ત્ર દળોને સપ્લાય કરવામાં આવે છે. આ નવું રોકાણ એવા સમયે આવ્યું છે જ્યારે DRDOના સફળ ટ્રાયલ્સ બાદ અદાણી ડિફેન્સના સહયોગથી નેક્સ્ટ જનરેશન એન્ટી-રેડિયેશન મિસાઈલ (NGARM), રુદ્રમ-II (RUDRAM-II), નેવલ એન્ટી-શિપ મિસાઈલ-શોર્ટ રેન્જ (NASM-SR), લોન્ગ-રેન્જ ગ્લાઈડ બોમ્બ (LRGB 'Gaurav') અને ટેક્ટિકલ ઓટોનોમસ રેકનિસન્સ એન્ડ એટેક (TARA) જેવી આગામી પેઢીની મિસાઈલ પ્રણાલીઓ શ્રેણીબદ્ધ ઉત્પાદન (serial production) તરફ આગળ વધી રહી છે.

# રથયાત્રાને લઈને અમદાવાદ પોલીસની ફ્લેગ માર્ચ

## 24 કલાકમાં ગુજરાત સહિત 5 રાજ્યમાંથી 190 વોન્ટેડ અને કુખ્યાત આરોપીઓ જેલભેગા, ઝોન 7નું 'ઓપરેશન ક્લીન સ્વીપ 2.0'

**અમદાવાદ, તા.06**

ભગવાન જગન્નાથજીની 149મી રથયાત્રાને શાંતિપૂર્ણ અને સુરક્ષિત રીતે સંપન્ન કરવા માટે અમદાવાદ સિટી પોલીસે કમર કસી છે. રથયાત્રાના રૂટ પર કાયદો-વ્યવસ્થા જળવાય તે માટે રવિવારે (5 જુલાઈ) મોડી રાત્રે પોલીસે ફ્લેગ માર્ચનું આયોજન કર્યું હતું. આ ફ્લેગ માર્ચમાં ઉચ્ચ અધિકારીઓ સહિત 500થી વધુ પોલીસકર્મીઓ જોડાયા હતા. સાથે જ ઝોન 7એ 'ઓપરેશન ક્લીન સ્વીપ 2.0' હાથ ધરી 24 કલાકમા ગુજરાત સહિત 5 રાજ્યમાંથી 190 વોન્ટેડ અને કુખ્યાત આરોપીઓને જેલભેગા કર્યા છે.

સાંજે પણ નવા પોલીસ કમિશનર અનુપમસિંહ ગહેલોતની આગેવાનીમાં જમાલપુરથી રૂટનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું જે બાદ રાતે 11 વાગ્યાથી સેક્ટર 1 જેસીપી નીરજ બડગુજર અને DCP રૂપલ સોલંકીની આગેવાનીમાં સમગ્ર રૂટ પર ફ્લેગ માર્ચ યોજવામાં આવી હતી જેમાં ગાયકવાડ હવેલી, ખાડિયા, કાલુપુર, શહેરકોટડા, શાહપુર , દરિયાપુર પોલીસ સ્ટેશનના પીઆઈ સહિત 500થી વધુ પોલીસ કર્મચારીઓ જોડાયા હતા. ઉલ્લેખનીય છે કે રથયાત્રાના રૂટ પર પોલીસની ફ્લેગ માર્ચ દરમિયાન સંવદેશીલ વિસ્તારમાં પોલીસ દ્વારા ખાસ તપાસ કરવામાં આવી હતી. અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની 149મી રથયાત્રાને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. લાખો શ્રદ્ધાળુઓની હાજરી વચ્ચે યોજાનારી રથયાત્રા શાંતિપૂર્ણ અને નિર્વિઘ્ન રીતે સંપન્ન થાય તે માટે અમદાવાદ શહેર પોલીસ દ્વારા તમામ પ્રકારની તૈયારીઓ અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. રથયાત્રાના રૂટ પર ફ્લેગ માર્ચ, રૂટ ડોમિનેશન, સીસીટીવી સર્વેલન્સ અને ડ્રોન પેટ્રોલિંગની સાથે હવે ગુનાખોરો સામે પણ આક્રમક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. તેના ભાગરૂપે ઝોન-7 દ્વારા 'ઓપરેશન ક્લીન સ્વીપ 2.0' હાથ ધરવામાં આવ્યું હતું. માત્ર 24 કલાક સુધી ચાલેલા આ વિશેષ ઓપરેશનમાં વર્ષોથી પોલીસને ચકમો આપતા વોન્ટેડ, ફરાર અને ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા કુલ 190 આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા હતા. એક જ દિવસમાં થયેલી આટલી મોટી કાર્યવાહીથી ગુનાખોરોમાં ફફડાટ ફેલાયો છે.



રથયાત્રા પહેલાં શહેરમાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે પોલીસ માટે સૌથી મોટો પડકાર હોય છે.અગાઉના વર્ષોના અનુભવને ધ્યાનમાં રાખીને પોલીસે આ વખતે માત્ર પેટ્રોલિંગ પૂરતું સીમિત ન રહી, પરંતુ જે આરોપીઓ વર્ષોથી ફરાર હતા અથવા જેલમાંથી છૂટ્યા બાદ ફરી ગુનાખોરીમાં સક્રિય હોવાની માહિતી હતી, તેઓને શોધી કાઢવા માટે વિશેષ અભિયાન શરૂ કર્યું હતું. ઝોન-7ના તમામ પોલીસ સ્ટેશનોને અગાઉથી જ વોન્ટેડ આરોપીઓની યાદી તૈયાર કરવા, તેમના હાલના સરનામા, મોબાઈલ નંબર, પરિવારજનો અને સંભવિત ઠેકાણાં અંગે માહિતી એકત્રિત કરવાની સૂચના આપવામાં આવી હતી. ત્યારબાદ અલગ-અલગ ટીમો બનાવી એક સાથે કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

આ ઓપરેશન દરમિયાન સૌથી મોટી સફળતા નકલી ચલણી નોટના કેસમાં છેલ્લા 23 વર્ષથી ફરાર રહેલા આરોપીની ધરપકડ રહી હતી. વર્ષો સુધી પોતાની ઓળખ બદલીને રાજસ્થાનમાં રહેતા આરોપીને ટેક્નિકલ સર્વેલન્સ અને સ્થાનિક પોલીસની મદદથી ઝડપી લેવામાં આવ્યો હતો. એટલું જ નહીં, કાર ચોરીના ગુનામાં છેલ્લા 22 વર્ષથી વોન્ટેડ આરોપી પણ પોલીસના હાથે ચઢ્યો હતો. બંને આરોપીઓ વર્ષોથી પોલીસ માટે પડકાર બન્યા હતા. લાંબા સમય બાદ તેમની ધરપકડ થતાં જૂના ગુનાઓની તપાસને પણ નવી ગતિ મળશે તેવી પોલીસને આશા છે.

આ ઓપરેશન માત્ર અમદાવાદ પૂરતું મર્યાદિત રહ્યું નહોતું. આરોપીઓના ઠેકાણાં સુધી પહોંચવા માટે પોલીસની ટીમોએ મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ઉત્તરાખંડ સુધી દરોડા પાડ્યા હતા. ગુજરાતમાં પણ ગાંધીનગર, મહેસાણા અને રાજકોટ સહિતના શહેરોમાં અલગ-અલગ ટીમોએ કાર્યવાહી કરી હતી. સ્થાનિક પોલીસ, ટેક્નિકલ ઈનપુટ અને બાતમીદારોની મદદથી વર્ષોથી ફરાર આરોપીઓને શોધી કાઢવામાં આવ્યા હતા. કેટલાક આરોપીઓ રોજગાર અને ઓળખ બદલીને રહેતા હતા, છતાં પોલીસ તેમની સુધી પહોંચી હતી.

ઝોન-7 હેઠળ આવેલા વિસ્તારોમાં વર્ષોથી પકડથી દૂર રહેલા આરોપીઓ સામે આ કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા મુજબ ઓપરેશન દરમિયાન પકડાયેલા આરોપીઓમાં છેતરપિંડી, હત્યાના પ્રયાસ, ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ, અપહરણ, નકલી ચલણી નોટોનું કૌભાંડ, મંદિર ચોરી જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા આરોપીઓનો પણ સમાવેશ થાય છે. ઘણા આરોપીઓ કોર્ટમાં હાજર ન રહેતાં અથવા સજા બાદ ફરાર થઈ જતાં તેમની સામે વોરંટ બાકી હતા. આવા આરોપીઓને પણ કાયદાના સકંજામાં લેવામાં આવ્યા છે. પોલીસ અધિકારીઓનું માનવું છે કે રથયાત્રા પહેલાં ગુનાખોરો સામે આવી કાર્યવાહી કરવાથી માત્ર વોન્ટેડ આરોપીઓ જ ઝડપાતા નથી, પરંતુ અસામાજિક તત્વોમાં પણ કાયદાનો ભય ઉભો થાય છે.

મોટા ધાર્મિક પ્રસંગો દરમિયાન શાંતિ ભંગ કરવાનો પ્રયાસ કરતા તત્વો પર પહેલેથી જ અંકુશ આવી જાય છે. આગામી દિવસોમાં પણ ઝોન-7 સહિત શહેરના અન્ય ઝોનમાં કોમ્બિંગ, વાહન ચેકિંગ, સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલિંગ અને વોન્ટેડ આરોપીઓની શોધખોળ યથાવત રાખવામાં આવશે.પોલીસનું કહેવું છે કે રથયાત્રા દરમિયાન શહેરમાં કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે અને સામાન્ય નાગરિકો નિર્ભય બનીને ઉત્સવમાં ભાગ લઈ શકે તે માટે દરેક સ્તરે સઘન આયોજન કરવામાં આવ્યું છે. 'ઓપરેશન ક્લીન સ્વીપ 2.0' આ તૈયારીનો મહત્વપૂર્ણ ભાગ સાબિત થયું છે.

# અમદાવાદમાં આગામી દિવસોમાં પણ હળવાથી મધ્યમ વરસાદની આગાહી

## મોડી રાતે વરસાદ, પાણી ભરાઈ જતા વાહનચાલકો પરેશાન

**અમદાવાદ, તા.06**

છેલ્લા કેટલાક દિવસથી રાજ્યમાં વરસાદી માહોલ જામ્યો છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદને પગલે લોકોને અનેક પ્રકારની હાલાકી ભોગવવી પડી રહી છે. અમદાવાદમાં પણ છેલ્લા 3-4 દિવસથી વરસાદ પડી રહ્યો છે. જેમાં ખાસ કરીને છેલ્લા 24 કલાકમાં અમદાવાદમાં ભારે વરસાદ નોંધાયો હતો. શહેરના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ પડતા વરસાદી પાણી ભરાઈ જવાની સમસ્યા થઈ હતી.

સાણંદ, વિરમગામ, મંડાલ, બાવળા, દસક્રોઈ, ધોલેરા, અમદાવાદ સિટીના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ નોંધાયો હતો. ખાસ કરીને અમદાવાદની પશ્ચિમ વિસ્તારમાં એસજી હાઈવે, ગોતા, મકરબા, પ્રહલાદ નગર, વેજલપુર જેવા અનેક વિસ્તારોમાં ભારે વરસાદ થતા વરસાદી પાણી ભરાઈ જવાથી ત્યાંથી પસાર થતા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. શેલામાં પણ વરસાદના પાણી ભરાવાથી વાહન લઈને પસાર થવાનું પણ મુશ્કેલ બન્યું હતું.



હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યના અનેક વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમાં અમદાવાદમાં હવામાન વિભાગ દ્વારા હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. આગાહીને પગલે શહેરના અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો અને અનેક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જવાની સમસ્યા પણ બની હતી.

# એલ.જી. હોસ્પિટલમાં સ્ટાફની ગંભીર બેદરકારી: પડી જવાથી હાટકેશ્વરના સ્થાનિકને માથામાં 2 ઈંચ જેટલો ઉંડો ઘા પડ્યો, હોસ્પિટલ સ્ટાફ ઉંઘતો રહ્યો

**અમદાવાદ, તા.06**

5 જુલાઈ રવિવારની રાત્રે 2 વાગ્યાની આસપાસ હાટકેશ્વરમાં રહેતા 65 વર્ષીય વિનોદભાઈને તેમના પુત્ર ઈમરજન્સીમાં સારવાર અર્થે લઈ આવ્યા હતા. ઘરમાં પડી જવાથી વિનોદભાઈને માથાના ભાગે ઈજા થઈ હતી અને 2 ઈંચ જેટલો ઘા માથામાં વાગ્યો હતો જેથી ટાંકા લેવા જરૂરી હતા. જોકે અડધો કલાક સુધી ઊભા રહ્યા બાદ પણ કોઈ ડૉક્ટરે સારવાર કરી ન હતી. ઈમરજન્સી સારવારના મુખ્ય ટેબલ પર ડોક્ટર ઊંઘતા જોવા મળ્યા હતા. ટેબલ પર ઊંઘી રહેલા ડોક્ટર વીડિયોમાં પણ સ્પષ્ટ દેખી શકાય છે. એલ. જી. હોસ્પિટલમાં સારવાર ન મળતા દર્દી વિનોદભાઈને તેમના પુત્ર અન્ય હોસ્પિટલમાં લઈ જવાની ફરજ પડી હતી. આ બાબતે એલ.જી. હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ લીના ડાભીએ જણાવ્યું કે, સમગ્ર મામલે મે હાજર CMO સહીત અને



હોસ્પિટલ સ્ટાફની પુછપરછ કરી હતી જેમાં જાણવા મળ્યું કે, હોસ્પિટલ દ્વારા કોમ્યુનિકેશનનો અભાવ હતો. વીડિયોમાં દેખાતા ડોક્ટર અલગ છે અને જેમને સારવાર કરવાની છે તે ડોક્ટર અલગ છે એટલે સ્ટાફ દ્વારા દર્દી અને તેમના સગાને સમજાવવાની જરુર હતી જે સ્ટાફ દ્વારા બરાબર સમજાવવામાં આવ્યું નથી. જેના કારણે આ સ્થિતિ સર્જાઈ હતી. અંતે CMOએ સારવાર કરવાનું કહ્યું હતું. પરંતુ અડધો કલાકથી પણ વધારે સમય થઈ ગયો હોવા છતાં કોઈ સારવાર ન મળતા દર્દીના સગાએ દર્દીને અન્ય હોસ્પિટલ ખસેડવાની જરુર પડી હતી.

# માતાની નજર સામે ત્રણ વર્ષના દીકરાનું મોત: મહિલાની હાલત ગંભીર, હાથીજણ રીંગ રોડ પર ડમ્પર ચાલકે એક્ટિવાને ટક્કર મારી

**અમદાવાદ, તા.06**

અમદાવાદના હાથીજણ રીંગ રોડ પર ડમ્પર ચાલકે એક્ટિવાને અડફેટે લીધું હતું.આ અકસ્માતમાં એક્ટિવા ચાલક માત અને તેના ત્રણ વર્ષના બાળકને ટક્કર વાગી હતી. જેમાં માતા સામે જ પુત્રનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જ્યારે મહિલાને ગંભીર ઈજા થતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.અકસ્માત બાદ ડમ્પર ચાલક નાસી રહ્યો હતો, ત્યારે સ્થાનિકોએ ઝડપી પાડ્યો હતો.આ બનાવની જાણ થતા જે ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્થળ પર પહોંચી હતી. પોલીસ દ્વારા ડમ્પર ચાલકની અટકાયત કરી તપાસ કરવામાં આવી રહી છે. હાથીજણથી વસ્ત્રાલમાં રિંગ રોડ પર એપોલો ટાયર્સ સામે નિકોલમાં રહેતા કામિની પ્રજાપતિ અને તેમનો 3 વર્ષનો દીકરો સાત્વિક પ્રજાપતિ એક્ટિવા પર જઈ રહ્યા હતા ત્યારે પૂર ઝડપે આવી રહેલા ડમ્પરે કામિની બહેનના એકટીવાને ટક્કર મારી હતી જેના કારણે માતા અને દીકરો એક્ટિવા પરથી પટકાયા હતા.અકસ્માતમાં સાત્વિકને ગંભીર ઈજાઓ થઈ હતી. જેના કારણે સ્થળ પર જ મોત થયું હતું. કામિનીબેનને પણ



અકસ્માતમાં ગંભીર ઈજાઓ પહોંચી હોવાથી બેભાન થઈ ગયા હતા. કામિનીબેનને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. એક્ટિવા ચાલક મહિલાને ટક્કર માર્યા બાદ ડમ્પર ચાલક નાસીને રોડની બાજુમાં આવેલી ઝાડીઓમાં જઈ રહ્યો હતો ત્યારે સ્થાનિકોએ પીછો કરીને ઝડપી પાડ્યો હતો. પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસવાના શરૂ કર્યા છે. આ ઉપરાંત ડમ્પર પાસે કોઈ પરવાનગી હતી કે કેમ તેની તપાસ કરવામાં આવી રહી છે.ડમ્પર ચાલકની અટકાયત કરી વધુ તપાસ કરવામાં આવી રહી છે.

# 13 વર્ષીય બાંગ્લાદેશી સગીરાને 2 વખત વેચી નખાઈ: 40 હજારમાં સોદો કરનાર નારોલની 'બુલ્લી'નામની મહિલાને 20 વર્ષની કેદ

**અમદાવાદ, તા.06**

અમદાવાદના પૂર્વ વિસ્તારના મહિલા પોલીસ મથકે વર્ષ 2025માં મહિલા આરોપી સુલોતનાસિંઘ ઉર્ફે બુલ્લી સામે BNS અને પોક્સો એક્ટની વિવિધ કલમો અંતર્ગત ગુન્હો નોંધાયો હતો. જેનો કેસ અમદાવાદ સીટી સેશન્સ કોર્ટ ખાતે આવેલ પોક્સોની વિશેષ અદાલતમાં ચાલી જતા જજ એચ.એન. દેસાઈએ સરકારી વકીલ દિલીપસિંહ. એમ.ઠાકોરની દલીલો, સાક્ષીઓ અને પુરાવા તપાસીને આરોપી મહિલાને 20 વર્ષની સખત કેદ અને આશરે 01 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. કેસને વિગતે જોતા મૂળ બાંગ્લાદેશની 13 વર્ષીય સગીરાને તેની કાકાની દીકરીના ઓળખીતા બે વ્યક્તિ બાંગ્લાદેશથી જંગલ માર્ગે બોર્ડર પાર કરાવીને ભારતના



કલકત્તામાં લાવ્યા હતા. ત્યાંથી ટ્રેન મારફતે અમદાવદમાં લાવવામાં આવી હતી. તેઓ સગીરા સાથે અમદાવાદના ચાંદલોડિયા વિસ્તારમાં રહેતા હતા. બંને આરોપીઓએ સગીરાને એક મહિલાને વેચી મારી હતી. આ મહિલાએ સગીરાને નારોલ ખાતે રહેતી સુલોતના સિંઘને 40 હજાર રૂપિયામાં વેચી હતી. તે છેલ્લા દોઢ બે વર્ષથી સુલોતનાના ઘરે ઘરકામ કરતી હતી. જ્યારે સુલોતના હાજર ના હોય ત્યારે તેનો દીકરો સનાતનસિંઘ તેની સાથે દુષ્કર્મ આચરતો હતો. બાંગ્લાદેશની સગીરાના પિતાનું અકસ્માતમાં મૃત્યુ નિપજ્યું હતું. તે તેની કાકાની દીકરીના ઘરે ગઈ હતી. જ્યાં તેને બાંગ્લાદેશથી ભારતમાં ઘુસાડનાર આરોપીઓ હસીના અને તેનો પતિ મળ્યા હતા. બંનેને ફરવાના બહાને ભારતમાં લાવી કલકત્તાથી ટ્રેનમાં અમદાવાદ લાવવામાં આવ્યા હતા. સગીરાની કાકાની દીકરીને પરત બાંગ્લાદેશ મોકલી આપવામાં આવી હતી. જ્યારે સગીરા આ બંને સાથે ચાંદલોડિયામાં રહેતી હતી. પોલીસે સગીરાને નારોલના સુલોતનાના ઘરેથી છોડાવી હતી. તેના નિવેદનના આધારે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી હતી. કોર્ટે સગીરાને 05 લાખ રૂપિયા વળતર ચૂકવવા ઓથોરિટીને પણ હુકમ કર્યો છે.

# અમદાવાદમાં પાર્કિંગ બાબતે યુવકની ઘાતકી હત્યા: મિત્રો સાથે જમવા ગયો ને 3 શખસે છરી-તલવારના ઘા ઝીંક્યાં

**અમદાવાદ, તા.06**

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં ગુનેગારો બેફામ બન્યા હોય તેમ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર ફરી એકવાર ગંભીર સવાલો ઊભા થયા છે. શહેરના ગોમતીપુર વિસ્તારમાં 5 જુલાઈને મોડીરાત્રે વાહન પાર્કિંગ જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલીમાં ત્રણ શખસે ઘાતક હથિયારો વડે હુમલો કરી એક યુવકની ઘાતકી હત્યા કરી નાખી છે. આ સિવાય કાગડાપીઠ વિસ્તારમાં પણ ત્રણ દિવસ પહેલા થયેલી મારામારીમાં ઘવાયેલા અન્ય એક આધેડનું સારવાર દરમિયાન મોત નીપજતાં પોલીસે બંને મામલે હત્યાના ગુના નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગોમતીપુરના ચાર તોડા કબ્રસ્તાનની સામે રહેતો મજહર અલી અન્સારી ગત રાત્રે 9:30 વાગ્યાની આસપાસ તેના મિત્રો સાથે ચતુરસિંહની ચાલી પાસે આવેલી એક તવા ફ્રાયની દુકાને જમવા ગયો હતો. આ દરમિયાન ત્યાં આવેલી 'ઈન્ડિયન મેડિકલ' નામની દુકાન પાસે વાહન પાર્કિંગ કરવા બાબતે મોહસીન અનવરઅલી અને આસિફ અનવરઅલી શેખ સાથે મજહર અલીના મિત્રોને ઉગ્ર બોલાચાલી થઈ હતી. જોકે, તે સમયે મામલો થાળે પડતાં બંને પક્ષો ત્યાંથી ચાલ્યા ગયા હતા. આ વિવાદની અદાવત રાખીને થોડી જ વારમાં મેડિકલ



સ્ટોરનો સંચાલક મોહસીન અલી અને આસિફ ત્યાં ધસી આવ્યા હતા અને મજહર અલી સાથે ફરી ઝઘડો શરૂ કર્યો હતો. જોતજોતામાં મોહસીને પોતાની પાસે રહેલી તીક્ષ્ણ છરી મજહર અલીના પેટના ભાગે હુલાવી દીધી હતી. આટલું ઓછું હોય તેમ આસિફ પણ મેડિકલ સ્ટોરમાંથી તલવાર લઈ આવ્યો હતો અને મજહરના માથા પર પ્રહાર કર્યો હતો. આ લોહિયાળ ખેલ દરમિયાન સોહેલ અસ્લમ અન્સારી નામનો અન્ય એક શખ્સ પણ છરી સાથે ધસી આવ્યો હતો અને મજહર પર તૂટી પડ્યો હતો.

મારામારી થતા મોટી સંખ્યામાં લોકો ભેગા થઈ જતા ત્રણેય ત્યાંથી ફરાર થઈ ગયા હતા. મજહરઅલીને શરીરના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી, જેથી તેને સારવાર અર્થે શારદાબેન હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. આ સમયે મજહરઅલીના પેટમાં એક છરી પણ ખુપેલી હતી અને તે અન્ય લોકોને વીડિયો બનાવવું કહી રહ્યો હતો. ઘટના અંગે મજહર અલીના ભાઈને જાણ કરવામાં આવતા તેઓ પણ તાત્કાલિક હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા. થોડીવારમાં મજહરઅલીએ દમ તોડી દીધો હતો. સમગ્ર મામલે ગોમતીપુર પોલીસે ત્રણ આરોપીઓ વિરુદ્ધ તેમની ધરપકડની તજવીજ શરૂ કરી છે. પૂર્વ વિસ્તારના જ કાગડાપીઠ પોલીસ સ્ટેશન હદમાં પણ કાયદો વ્યવસ્થાના લીરેલીરા ઉડ્યા છે. શિવલાલ ખ્રિસ્તીની ચાલીમાં રહેતા એક વ્યક્તિને ત્રણેક દિવસ પહેલા ગિરનારની ચાલીના શખ્સ સાથે કોઈ બાબતે ઝઘડો થયો હતો. આ મારામારીમાં ગંભીર રીતે ઘવાયેલા આધેડને હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં બે દિવસની સારવાર બાદ આજે તેમનું દમ તોડ્યો છે. અગાઉ કાગડાપીઠ પોલીસે માત્ર મારામારીનો ગુનો નોંધ્યો હતો, પરંતુ હવે ભોગ બનનારનું મોત થતાં આ કેસમાં પણ હત્યાની કલમ ઉમેરીને કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599




